લેખ સાર પત્રિકા.

તમામ જાતના લખાતા લેખ, હુંડી, વાહાણવટીના

રીવાજો તથા નાણા બાબત પૂર્ણું હકીકત વગેરે.

સુધારા તથા વધારા સાથે રચીને

પ્રસિદ્ધ કરનાર.

લલ્લુભાઇ નાથાભાઇ પટેલ.

નાંદોલ.

નવ. આવૃતી પહેલી.

અમદાવાદ આર્યોદય પ્રેસ.

સંવત ૧૯૪૮. સન ૧૮૯૨.

કીંમત ૦-૩-૦ ત્રણ આના કલદાર.

લેખ સાર પત્રિકા.

તમામ જાતના લખાતા લેખ, હુંડી, વાહાણવટીના

રીવાજો તથા નામા બાબત પુર્ણ હકીકત વગેરે

સુધારા તથા વધારા સાથે રચીને

પ્રસિદ્ધ કરનાર.

લલ્લુભાઈ નાથાભાઈ પટેલ.

નાંદોલ.

નવી આવૃતી પહેલી.

અમદાવાદ આર્યોદય પ્રેસ.

સંવત ૧૯૪૭. સન ૧૮૯૧.

કીંમત ૦-૩-૦ ત્રણ આના કલદાર.

પસ્તાવના.

આ પુસ્તક સંસાર વ્યવહારમાં ઘણા એક બીજા ઉપર કાગળ કેવી રીતે લખાય તે તથા લેખ. નામાની રીતમાં પણ અલ્પ બુદ્ધિથી વધારો કરેલો છે. ગુજરાતમાંના જે જે ભાગોમાં લખવાનો કેવો રીવાજ હોય છે. તે તેમાં કંચિત તફાવત હોય છે તે લખવા તે પણ જણાવવામાં આવેલો છે. જ્યાં એકસરખો રીવાજ હોય છે. તેમાં આવેલો નથી. લેખ લખવાના રીવાજ ગુજરાતના કેટલાક ભાગોમાં એક સરખો નથી પણ મતલબ એક સરખી આવે છે.

આ ચોપડીમાં દરેક લેખના સીદ્ધાંત આપવામાં આવ્યાં છે. શિક્ષકે પ્રથમ જે આ પુસ્તકમાં લેખ અગર કાગળ, ચીઠ્ઠી લખેલી હોય તે છોકરાઓ પાસે મોઢે કરાવી મંગાવવી પણ તે આપતાં પહેલાં શિક્ષકે છોકરાઓને તેના અનવય સાથે સમજુત પાડવી. પછી તેમાં કઇ કઇ બાબતની ખરી જરૂર છે કે જે તે લખ્યા વગર ચાલેજ નહીં એટલે રાખનાર અગર વેચનારને નુકશાન થતું હોય તેવી તથા લેખ ખોટો થતો હોય તેવી બાબતો ન રહી જાય તેવી બાબતો જણાવવી જોઇએ.—જેમ કે—દાખલો—વેચાણખતમાં કઈ કઇ બાબતો અવશ્ય જરૂરની છે. તે કારણ સહીત જણાવો.

ઘર વિષે—પ્રથમ તેની લંબાઇ તથા પહોળાઇના ગજ. પછી ચોકની હકીકત. પછી જવા આવવાનો રસ્તો. રૂપીઆનો આંકડો, વરસાદના પાણીનું જવું, નેવાંગીરીના પાણીનું પડવું. (એટલે કોઇના ઘરની ઉપર પડતાં હોય તો તે) તથા લેનાર રાખનાર માલીકની સમક્ષ લેખ લખવો. સાક્ષી પણ તે વખતે હાજર જોઇએ. રૂપીઓ એકે અધુરો ન લેવો. વીગેરે બાબતોપર વિશેષ લક્ષ લેવાની જરૂર છે. આ જણાવેલી બાબતમાંની જો એક બાબત રહી જાય તો લેખ ખોટો અગર રહી ગયેલી બાબતનો હક પહોંચે

નહીં એવો થાય. લેખ—પ્રથમ મોહનો પાઠ તૈયાર કરાવવો પછી તે પ્રમાણે નામ ફેરવી તથા બીજા વિશેનો લખાવવા. પછી તેમાં દરેક વિગતવારનો અનુક્રમ બતાવવો.

નામાની બાબતમાં તમામ જાતના ચોપડાઓ લખવા વિષેની સાધારણ સમજુત પડે તેવી ટીકા આપેલી છે.

આ પુસ્તક કદમાં ઘણું વધી જશે એવી આશાથી આવરો, નોંધ, વગેરે કેટલીક બાબતોમાં રોજમેળના બતાવેલા નમુના પ્રમાણે ભાગ લઇ શકાયો નથી. તો તે સુજ્ઞ વાંચનાર તકસીર માફ કરશો એવી આશા છે.

આ પુસ્તક મે. રા. બા. હોપ સાહેબ બાહાદૂરે રચેલું પણ તેમાં દાખલ કરેલી બાબતો કરતાં તાબેદાર શેવકે ઘણાક લેખ નામાની બાબત થોડી સમજુત તથા હુંડી બાબત વીવેચન આપેલું છે. તેથી આ પુસ્તક વીદ્યાર્થીને ઘણુંક લાભકર્તા છે એમ ધારી મને પ્રસિધ્ધ કરવાની ઇચ્છા થઇ. તેમ ધારી મેં કેટલાક સુજ્ઞ મીત્રોની સંમતી લઇ રચવા યોજના કરી તે પ્રમાણે મેં મારો હેતુ ઈશ્વરેચ્છાથી પાર પાડયો.

આ પુસ્તક રચતાં મેં મે. રા. બા. હોપ સાહેબ બાહાદૂરે રચેલી લેખાવળી. તેમ મહેરબાન છગનલાલ લલ્લુભાઇનું દેશીનામું હું ભણેલો હોવાથી મને ઘણીવાર લેખાવળી ઉપરથી વિચાર સુજતા કે ટીકા તેમ તેમની સમજુતી સાથે પુસ્તક રચી તૈયાર કરી પ્રસિદ્ધ કર્યું હોય તો સારૂં. એમ ધારી આ પુસ્તક બહાર પાડવા નક્કી વિચાર થયો. તા. ૧૭–૯–૯૧

પટેલ લલ્લુભાઇ નાથાભાઇ નાંદોલ.

આ ચોપડી રચવાનું કામ મારૂ પહેલ વહેલુંજ છે. તેથી તેમાં હસ્તદોષથી અગર સરતચુકથી ભુલ થયેલી હોય તો તે સુજ્ઞ દાના ગૃહસ્થો જણાવવા મહેરબાની કરશે તો તેમનો મોટો આભાર માનીશ. ૯. ના. દ.

———o———

સાંકળીયું.

વિશય.		પૃ૦ઠ.
૧	દરેક લેખ, કાગળ, નામા વિષે લખવાની સમજુત ...	૧
૨	ચોઠ્ઠીઓ નં. ૧-૨-૩-૪-૫-૬...	૧૨
૩	કાગળમાં જુદી જુદી ન્યાતોમાં એક બીજાને કાગળ લખતી વખત અટક લખે છે તે...	૧૫
૪	જુદી જુદી ન્યાતોમાં જેગોપાળ આગર આશીશ શબ્દો લખવાની રીતો...	૧૭
૫	કાગળમાં શરનામે ઉપમાઓ આપવામાં આવે છે તે...	૧૮
૬	કાગળ...	૧૮
૭	ઉપલા કાગળનો જવાબ...	૨૦
૮	કાગળ નંબર. ૨...	૨૧
૯	મીત્ર ઉપરનો કાગળ નં ૧—૨...	૨૨
૧૦	બાપનો દીકરા ઉપર કાગળ...	૨૪
૧૧	દીકરાનો બાપ ઉપર કાગળ...	૨૫
૧૨	ઘરેણાક ખત...	૨૭
૧૩	વેચાણ ખત....	૨૯
૧૪	ભાડાનામુ	૩૧
૧૫	કરજ...	૩૨
૧૬	ગણીતનામું	૩૩
૧૭	ખેડુ લોકોને ખત લખવાની રીત....	૩૪
૧૮	આંગાઉખત	૩૫
૧૯	દાગીના ઉપર ખત લખવાની રીત...	૩૬

૨૦	ખાતું પાડી રૂપીઆ લેવાની રીત	૩૭
૨૧	કાંધુ લખવાની રીત...	૩૮
૨૨	સગઅુત...	૩૯
૨૩	વ્યાજુ ચીઠી નાગજોગી	૪૦
૨૪	વ્યાજુ ચીઠી શાહજોગી	૪૧
૨૫	ફારગતી...	૪૨
૨૬	ધર્મ પત્રીકા...	૪૩
૨૭	બાના ખત	૪૪
૨૮	એક બીજાના ખેતરનો મોંગહલો કરવાની રીત ...	૪૫
૨૯	કંટ્રાકટ...	૪૭
૩૦	વારસનામું	૪૮
૩૧	ગાલનો કબાલો...	૪૯
૩૨	માલ લેનાર ધણીના હાથ દસ્કત..	૫૦
૩૩	કબુલત...	૫૧
૩૪	જામીનખત.	૫૨
૩૫	દેશાવરની પહોંચ.......	૫૩
૩૬	પાવતી...	૫૩
૩૭	નોટીસ...	૫૪
૩૮	કંકોત્રી....	૫૫
૩૯	વીવાહપત્રી...	૫૬
૪૦	ગાદી ખબરનો કાગળ.	૫૭
૪૧	ભલામણ પત્ર...	૫૮
૪૨	કરાર પત્ર...	૫૮

૪૩ સર્ટીફીકેટ નં. ૧–૨–૩ ... ...૫૯–૬૦
૪૪ ચાકરનો બંદોબસ્ત ૬૧
૪૫ ગુમાસ્તાનો બંદોબસ્ત... ... ... ૬૨
૪૬ વસીયત નામું ૬૨
૪૭ રીપોર્ટ... .... ૬૬
૪૮ હુંડી બાબત થોડી સમજુત. તો હુંડીગાં મુદત લખે છે૬૭–૬૮
હુંડી નં. ૧–૨–૩... ... ... ૭૦
૪૯ પેંઠ.... ... ... ૭૨
૫૦ પરપેંઠ... ... ... ૭૩
૫૧ કાગળ ૭૪
૫૨ હુંડી જોડે કાગળ લખવાની રીત... ... ... ૭૫
૫૩ ઉપરના કાગળનો જવાબ વહાણવટીના રીવાજ. ... [illegible]
૫૪ વીમા ચીઠ્ઠી ૭૭
૫૫ આવક ચીઠ્ઠી. ૭૮
૫૬ માલની પહોંચ... ... ... ૭૯
૫૭ રપતમી... ... ... ૮૦
૫૮ બારકસ ધણીના દસ્કત. ૮૧
૫૯ ભરતીયું... ... ... ૮૨
૬૦ રોજમેળ.... ... ... ૮૪
૬૧ માસીક રોજમેળ લખવાની રીત ૯૩
૬૨ વેપારી લોકોના રોજમેળની રીત ૯૫
૬૩ ખાતાવહી... ... ... ૯૭

૬૪ નોંધવહી... ... ... ૧૦૦
૬૫ વેપારી સોદાનો નોંધ. ૧૦૨
૬૬ આંકડાવહી... ... ... ૧૦૩
૬૭ આવરો.... ... ... ૧૦૫
૬૮ ખાતાવહી.... ... ... ૧૦૯
૬૯ સરવાયું... ... ... ૧૧૨

દરેક કાગળ લેખ નામા વિષે લખવાની સમજુત.

ચીઠ્ઠીઓ—ભાઈબંધ. મિત્ર અગર નજીકના સગપણ વાળાને અગર આડતીઆને જવાના આળશને બદલે ટુંકામાં લખેલા પત્રને ચીઠ્ઠી કહે છે. ને આવી ચીઠ્ઠી ગામમાં ને ગામમાં અગર પાસેના ગામમાં લખાય છે.

કાગળ વિશે—કાગળ એક બીજાના કંઇપણ સ્નેહ દાખલના હકમાં સગપણના સબંધમાં તથા દરેક કામકાજના સબંધમાં તથા નાણાં આપ લેના કામના સંબંધમાં, મીત્ર ઉપર. વીગેરે, ઉપર કાગળ લખાય છે. કાગળ લખવામાં પ્રથમ તેનું સરનામું. એટલે જેમકે સ્વસ્તિ શ્રી ફલાણા ફલાણા ગામે મહાશુભસ્થાને પુજ્યારાધે પછી લખનાર ધણીનું નામ તથા તેનાં આશીશ વચન. પછી કામકાજની બીના પછી મીતીને લખનારના દસ્કત.

ઘરાણેઉખત—આપણી પાસે પૈસા ન હોય ને લેણદાર માગતા હોય. અગર આપણી જે જંગમ મીલકત હોય તે આપણા ઉપયોગમાં ઝાઝી ન આવતી હોય તો તેવી જમીન ઘર. કુવા, વીગેરે રૂપીઆ લેઇને અગર માગતા પેટે લખી આપતાં જેમાં રૂપીઆ આપે છુટે (મીલકત) તેવો કરાર જે લેખમાં કરેલો હોય તેને ઘરણાઉખત કહે છે. ઘરાણા ખતમાં પણ અવધીયું ઘરાણીઉં થાય છે એટલે જેમકે પાંચ દશ વર્ષ વીગેરે. એટલે બાંધેલી મુદતનું.

આપણે ઘરાણે રાખેલી જમીન. બીજાને ત્યાં ઘરાણે મૂકીએ તે ખતને સાનઘરાણીયું કહે છે.

ઘરાણે આપનાર માણુસને પોતાની મીલકત ઉપર બીજા રૂપીઆ લેવા હોય તો તે રાખનાર માણુસ તે મીલકત ઉપર આધાર રાખી જે લેખ કરાવી આપે તેને મછેતો કહે છે. ઘરાણીઆ ખતમાં પ્રથમ મીતિ. પછી રાખનારનું નામ પછી આપનારનું નામ પછી મીલકત. પછી તેની ચારે દીશાની વીગત પછી રૂપીઆ, પછી સરતો. પછી મતુ સાક્ષી, લખીતંગ વીગેરે.

વેચાણ ખત—આપણી પાસે પૈસો હોય નહીં ત્યારે આપણી જંગમ મીલકત અગર કંઈ પણ વસ્તુ અગર તે વસ્તુનો ઉપયોગ આપણાથી બરોબર થતો ન હોય ત્યારે તેના પૈસા ઉપજાવવા સારૂ જે મીલકત વેચવી (રૂપીઆ લેઈને) પડે છે તેને માટે જે રૂપીઆ લેઇ લેખ કરવો તેને વેચાણ ખત કહે છે. ને તે લેખ કરી આપ્યા પછી આપણો તેના ઉપર હકક પહોંચે નહીં. વેચાણ ખતમાં લેનાર ધણી પાસેથી પ્રથમ ઠરાવેલા રૂપીઆ લઈ લેખકરી આપવો ને તેનું સરકારમાં મુનસફ કોર્ટમાં જઈ રજીષ્ટર કરાવવું.

સદરહુ લેખની અંદર રાખનાર ધણીએ પોતાને કંઇ પણ જાતની હરકત ન આવે તેવો કરાર લખાવી લેવો. બાકી ઉપર પ્રમાણે.

ભાડાનામું—આપણું ઘર બીજાને રહેવા સારૂ આપીએ ને તેનું દર

ગાસે અગર દર વર્ષે જે ભાડું ઠરાવીને આપણે તેનો જે લેખ કરીએ તેને ભાડા ચીઠી કહે છે ને સામો ધણી જે કરાર રાખનારને કરી આપે તેને કબજ કહે છે. આવો રીવાજ ચરોતરમાં છે.

ગણોતનામું— ખેતર, વાડી, બાગ. વીગેરે જમીન દાણે એટલે સાં-
ગણવત. થના એક વર્ષના અમુક રૂપીઆની રકમ ઠરાવી જમીન આપવી તેને ગણોત કહેછે તે એક વર્ષને માટે થાયછે. તેમ બાંધેલી મુદતનું થાય છે. તેને અવધીયું ગણોત થાયછે. ગણોતનો અર્થ એટલોજ કે જેવી રીતે ભાડે રૂપીઆ લેઇને ઘર આપીએ તેવી રીતે જમીનનું ભાડું ખાવા સારૂ ખેડવા આપેલી જમીન બાબત લખી આપેલા લેખને ગણોત ખત કહે છે.

અંગાઉખત— જે આબરૂદાર માણસ હોય ને તેની આબરૂપર એ- ટલે મીલકત ઉપર રૂપીઆ ન ધીરતાં તેની જાત ઉપર રૂપીઆ ધીરવા તેને અંગાઉખત કહેછે.

દાગીના ઉપર ખત લખવાની રીત— રૂપીઆ ધીરનાર માણસને રૂપીઆ લેનાર માણસ ગરીબ અગર ભરોંસાદાર માલમ ન પડે અગર આપણને કોઇ રૂપીઆ ધીરતું ન હોય ત્યારે આપણા દાગીના મૂકી તેના ઉપર જે રૂપીઆ લેવા તેને દાગીના ઉપર ખત લખેલું કહેછે. ને તે રૂ- પીઆ (ઉપાડેલા) પૂરા થાય ત્યારે આપણને મૂકેલી જણસ પાછી આપે.

ધીરનાર માણસો જે દાગીના લે છે તે દાગીનાનું એક

ટીપણુ રાખેછે ને તેમાં ફલાણા ફલાણાની આટલી જ- ણશે. કઇ જાતની. કેટલી વજને. શાની. તે કીંમતનો આદસટો કાઢી નોંધેલાં હોય છે. ને તે પછી લુગડે બાંધી તે જણસ ઉપર ચીઠી ચોડી તે મુકનારનું નામ તથા લુગડા ઉપર વખતે કાંઈ નામ લખેછે.

ખાતું પાડી રૂપીઆ લેવાની રીત વિષે—રૂપીઆ લેનાર ધ- ણીના હાથ દસ્કતનું ખાતું પાડી રૂપીઆ આપવા તે આ ખત સરકારી ટીકીટ ચોડી લખાય છે.

વ્યાજુ ચીઠી નામ જોગી તથા શાહજોગી—વ્યાજે રૂપીઆ લેનાર પાસે જે ખત લખાવી લેવું. તે જો તે ઈસમ વહેવારનો કાચો હોય તો તેના ખતમાં આથવતી હકીકત લખ્યા પ્રમાણે લખાવી લેવી તે વ્યાજુ ચીઠીનામ જો- ગીને તેના શાહવટ ઉપર નાણું ધારી ચીઠી લખાવી લેવી તે શાહજોગી.

ફારગતી—એક બીજાના લેણા અગર દેવા બાબતનો ચુકાવ કર્યો હોય તો તે વિષે. અગર આપણી કોઇ પણ જણસ મીલકત વિષે. અગર ધણી હયાતે સ્ત્રી નાતરે જાયછે ત્યારે નાતરે લેઇ જનાર માણસ મુળ માલીક પાસેથી પણ ફારગતી લ- ખાવી લેછે. એટલે એક બીજા ધણીનો કાંઈ મીલકત. અગર વસ્તુ બાબત સામાસામી લાગે વલગે નહિ એવા દસ્તાવેજને ફારગતી કહેછે.

ધર્મપત્રિકા—જજમાન, પોતાના ગોર. અગર શુકલ તથા વાલંદ. સઇ. સુતાર. લુહાર વગેરેને ખુશીથી જે જંગમ મીલકત

(ઘર, કુવો, ખેતર, ઝાડ) લખી આપે તેવા લેખને ધર્મપત્રીકા કહેછે.

બાના ખત—કોઇ પણ જણસ લેવાના બાનામાં એટલે બુણીમાં જે રૂપીઆ આપીએ ને તે જણસ જેટલો વાયદો કરી લેવાની સરત હોય ને તે કરેલો વાયદો વીત્યા પછી લેનાર માલીકનો હક પહોંચે નહીં. એવો જે કરાર લખાવી લેવો તેવા લેખને બાનાખત કહેછે.

મોં બદલો કરવા વિષે—આપણું ઘર અગર કુવો બીજા માણસના ઘર કુવા અગર ખેતર સાથે અદલો બદલો કરવો. તેવો લેખ. જેમાં આપનાર અને લેનાર ધણીનો પોતાની આપેલી મીલકત ઉપર હક પહોંચે નહીં તેવી રીતે લેખ લખી આપવો તેને. મોં બદલો કરવાનો લેખ કહેછે.

કંટ્રાકટ—આપણું ઘર. કુવો. કરવા વિષે કડીઆ અગર સુતારને ઉધડ રૂપીઆ ઠરાવી આટલી મુદતે અગર મુદત વગર પુરૂં કરી આપવા વિષે જે પ્રમાણે કરાર કર્યો હોય તે પ્રમાણે કરાર કરી આપવા વિષે જે લેખ કરવો તેને કંટ્રાકટની કબુલત કહેછે.

વારસનામું—કોઇ માણસને છોકરો ન હોય ત્યારે પોતાના સગાવહાલામાંથી કોઇનો છોકરો અગર છોડી ને દત્તક લેઇ પોતાની તમામ પુંજી. મીલકત સોંપી દસ્તાવેજ કરવો તેને વારસનામું કહેછે.

માલના કબાલાવીષે—માલ લેનાર માણસના હાથ દસકતની ચીઠ્ઠી લખાવી લેવી તે. ને તેમાં વાયદા પ્રમાણે રૂપીઆ

પુરા કરી આપવા તે લેખને માલનો કબાલો કહેછે.

કબુલત--કોઇ પણ જણસ. ધાન્ય. રૂપીઆ. વીગેરે બાબત વિષે સાગ સાગા ધણીની ગરજરૂપ જે ઠરાવ કરવામાં આવે તેવી ચીઠ્ઠીને કબુલત ચીઠ્ઠી કહેછે.

જમાની ખત—એટલે રૂપીઆ ધીરનાર માણસને રૂપીઆ લેનાર ઈસમની ખાત્રી નહી પડવાથી. કોઇ ત્રીજા માણસને જામીન આપી જે રૂપીઆ લે તેને જમાની ખત કહેછે. (રૂપીઆ લેનાર માણસ રૂપીઆ ન આપે તો જમાન થનાર માણસ રૂપીઆ આપે તે અગર વસુલ કરાવે.)

પહોંચ અગર પાવતી—આપણને કોઈ પણ જણસ. રૂપીઆ. અગર કંઈ પણ વસ્તુ પહોંચ્યા બદલ જે પહોંચ કરી આપવી તે.

નોટીસ—લેણું અગર કોઇ પણ મીલકત વિષે. ખબર આપવાના કાગળને નોટીસ કહેછે.

કંકોત્રી—દીકરો અગર દીકરીના પરણવાના દીવસ ઉપર મીત્ર તથા સગાને તેડવા સંબંધના આમંત્રણના કાગળને કંકોત્રી કહેછે.

વીવાહ પત્રી—દીકરી દીકરાની સગાઈમાં આપવા લેવાના ઠરાવના લેખને વીવાહ પત્રીકા કહેછે.

માઠી ખબરનો કાગળ—મરી ગયા ઈસમની મરણ તીથી બાબત. સગાં વહાલાં અને મીત્રને ખબર આપવી તેને ચીઠી કહેછે. અગર કાળોત્રી કહેછે.

ભલામણ પત્ર—કોઈ પણ ઇસમને ફાયદો થાય એવો બીજા ઉપર કાગળ લખી આપવો તેને ભલામણ પત્ર કહેછે.

કરાર પત્ર—કોઇ પણ વેપાર-રોજગાર અગર બીજા કોઇ પણ કાગમાં સંપ કરી ઉત્તમ ઠરાવની રૂઈ પ્રગાણે કરવો તેવા લેખને કરાર પત્ર કહેછે.

સર્ટીફીકેટ—તાબાના નોકરની ચાલચલકત બાબત ઉપરી અગમદારે જે દાખલો આપવો તેને સર્ટીફીકેટ કહેછે.

એટલે સારૂં કામ કર્યા બાબત જે દાખલો લખાવી લેવો તે.

ચાકર અગર ગુમાસ્તાનો બંદોબસ્ત—ચાકરીની બોલીનો ચાકર પાસેજ દસ્તાવેજ કરાવી લેવો તેને ચાકરનો બંદોબસ્તનો લેખ કહે છે, ને ગુમાસ્તી રહેનાર માણસે પોતાના કરવાના કાગ સંબંધી જે ઠરાવ કરી આપવો તેને ગુમાસ્તાનો બંદોબસ્ત કહે છે.

વસીઅત નામું—કોઈ પણ માણસને પોતાનો છોકરો નાનો હોય અગર ન હોય તો પોતાની માલ મીલકતનું મરતા અગાઉ જે વીલ કરી આપવું તેને વસીઆતનામું કહે છે.

નામા વીષે—નામાના ચોપડા સાત છે, રોજમેળ, ખાતાવહી, નોંધ, આંકડાવહી, બાજનાદી આરો સરવાયું.

રોજમેળથી રોજ કેટલું ખર્ચ થયું, ને કેટલો વકરો થયો તે માલૂમ પડે છે, રોજમેળ લખવાથી ફાયદો બહુધા છે. રોજ કેટલું ખર્ચ થયું. અગર ઉત્પન્ન થયું અગર કોને કેટલા રૂ. આપ્યા અગર આવ્યા. તે તમામ માલૂમ પડે છે.

રોકડ મેળ અથવા રોજમેળમાં પ્રથમ જે દીવસનો રોજ મેળ દોરવો હોય તે લીટી દોરીને સંવત. માસ. દીન.

લખવો, પછી જમાં ઉધારનાં ખાતા પાડી રોજમેળમાં જણાવ્યા પ્રમાણે રીવાજ રાખવો દરેક પાના ઉપર કયું પાન તે લખવું ને ખાતાવહીમાં જે પાને ખાતું પાડયું હોય તે પાનું રોજમેળમાં જણાવવુ. ને તેમાં પણ રોજમેળનું પાનું જણાવવું.

રોકડમેળ ને રોજમેળ એકજ જાતના છે પણ ફેર એટલોજ કે રોકડમેળમાં. કબુલત. જમાંખર્ચી રકમો દાખલ થઇ શકતી નથી માટે તે વિષે તેનો થોડોક ભાગ લેતાં રોજમેળ લખ્યો છે. ઘરમાં ખર્ચ કરવા સારૂ. પોતાના કામ સારૂ. જેકંઇ જણુસ, વસ્તુ અનાજ, તેલ, હજામત, વાસણકુસણ, લૂગડાં ધોવરામણી, ઓજાર, હથીઆર, પુસ્તક, સહી, પેટી, સોનારૂપાના દાગીના, બક્ષીસ ધમાદા, ગાડીઘોડા, ચાકરનો પગાર, વગેરે ખર્ચ થાય તે ખર્ચ ખાતે લખવો.

કોઇ જગ્યાએ મોટા સદ્ગૃહસ્થો જુદાં જુદાં ખાતાં જાતવાર રાખેછે. ને કેટલાક નથી રાખતા. જેવાં કે આગળ જણાવ્યા પ્રમાણે હેગ ખાતે. વાસણ ખાતે. એ પ્રમાણે જુદાં ખાતાં રાખેછે.

જમાં પણ વકરા ખાતે જમાં—આ વકરા ખાતે જમાં ખરીદ ખાતે જમાં. એવાં ખાતાં રાખેછે. તેવા પણ રીવાજ સદ્ગૃહસ્થને ત્યાં હોયછે. ઘર. વાડી. ખેતર. વગેરેના પૈસા ખરીદ ખાતે જમાં થાય અને આવે તે આ વકરો. ને માલ વેચીએ ને જે નાણું આવે તે વકરા ખાતે જમાં થાય.

વ્યાજ. દલાલી. ભાડું. હકસાઈ. ચઢાવો. મેંડામણી. વટાવ. એ વીગેરે વટાવ ખાતે જમાં થાય.

ખોટ એ ખર્ચ ખાતે ઉધારવા.

માલ રોકડી કિમતે લીધો હોય તો શેર. ભાવ. દર. મુંગ. વીગેરે જે લેઈએ તેનો ફાળો જણાવવો.

વેપારી લોકો વેપારના રોજમેળમાં જે પ્રસંગ માલ લેઈ જાય છે, તેને નામે ઉધારે ને તે જેની જાતને ખાતે જમાં કરવાં હોય તેવે ખાતે જમે કરે. જેમકે. કાપડ ખાતે. ગોળ ખાતે. ખાંડ ખાતે. વગેરે. ને રોકડેથી વેચે તે પણ તેજ ખાતે રોકડેથી લખી જમાં કરે.

હુંડી જેની પાસેથી વેચાણ લઈએ તે તેને ખાતે જમાં થાય ને જેને આપીએ તેને ખાતે ઉધાર થાય. તેમાં દર. રાખ્યા. લખનાર. મુદત વગેરે જણાવવું.

ખાતાવહી—ખાતાવહી એટલે રોજમેળની રકમનો ખર્ચવાર તથા નામવાર ખાતું રકમ તીથી સહ લખવાના ચોપડાને ખાતાવહી કહે છે.

ખાતાવહીમાં જેને વધારે ખાતાં હોય તે પાનાંવાર નામ ગોઠવી અનુક્રમ ખાતાદારનું નામ. પાનું. લખેછે. સરકારી ખાતા વહીમાં કક્કાવારી રાખે છે ને ખાતાનો નંબર તથા પાનું લખેછે.

ખાતાવહી લખવાથી ફાયદો એટલોજ કે દરેક આસામી પાસે દેવું લેણું કેટલું છે તે રોજમેળ ઉપરથી તારવી કાઢતાં વાર લાગેછે તે ખાતાવહી ઉપરથી ઝટ માલુમ પડે છે.

આવરા ઉપરથી પણ ખાતાવહી લખી શકાયછે. સાલ પુરી થયે ખાતાવહીમાં બેઉ પાસાં સરખાં થવાં જોઇએ. માટે બાકી દેવા ને બાકી લેણાની રકમ નવી ખાતાવહીમાં જે પાને ખાતું પાડ્યું હોય તે પાનુ તેમાં ટાંકી દેવું. ને નવી ખાતાવહીમાં બાકી લેણા કે દેવા વ્યાજ સુદ્ધાંત લખી પાન આટલું તે જણાવવું.

નોંધ— ટાંકી લેવું. નોંધ બે પ્રકારના છે. કાચો નોંધ. ને પાકો નોંધ. કાચા નોંધમાં ખાતાવહી જેવાં ખાતાં પાડી ઉધારે રાખેલી કે જમાં કરાવેલી હુંડીઓનો જમાં ખર્ચ લખવો તેને કાચો નોંધ કહેછે.

કાચા નોંધ ઉપરથી જે ઉતારી લેવો તેને પાકો નોંધ કહેછે. વેપારી લોકો નોંધ રાખેછે. તેમાં કસમવાર શો માલ લેઇ ગયો તે ઇસમના નામ સાથે નમુનામાં જણાવ્યા પ્રમાણે લખેછે.

આંકડાવહી—રોજમેળ અથવા રોકડમેળ નોંધ ઉપરથી ખાતાવાર રકમો નાંખી. ખતવી કાઢવાના ચોપડાને આંકડાવહીકહેછે. રોજમેળ અને નોંધ ઉપરથી જે જે રકમો નોંધી હોય તે જેમાંથી રકમ જમાં ઉધાર થાય તે પાનું જણાવવું. એટલે જેમ કે રોજમેળ પાનું કે નોંધ પાનું.

આવરો—રોજમેળ કે નોંધ ઉપરથી ખાતાવાર જમા ખર્ચના માસીક મેળને આવરો કહેછે.

વ્યાજવહી—ખાતાવહી ઉપરથી તેરીખ મુજબ વ્યાજ ગણવાના ચોપડાને વ્યાજવહી કહે છે.

બાજવહી ઉપરથી આપણી પાસે કેટલું માગતું કે લેણું છે તે માલુમ પડે છે.

વ્યાજના પ્રકાર. સાદુ વ્યાજ કાપ્યું વ્યાજ. દીવાળી-બાકી. (ચક્રવૃદ્ધી) વારેવારીયું. વીગેરે.

સરવાયુ—વરસ આખરે કેટલું દેવું અને કેટલું લેણું છે તે તારવણ-ના ચોપડાને સરવાયાનો ચોપડો કહેછે.

ચોપડીઓ લખવામાં પ્રથમ જમા ખર્ચના રકમો નોંધમાં લખાય છે. તેના ઉપરથી રોજમેળ થાયછે. રોજમેળ ઉપરથી આવરો આંકડાવહી તથા ખાતાવહી થાયછે ને ખાતાવહી ઉપરથી સરવાયું થાય છે.

રોજમેળ સરાફોને લાગુ પડે તેવી તથા સર્વે માણસોને લાગુ પડે તેવી રકમોથી લખેલો છે.

નામાનો લખવાનો રીવાજ સરાફોમાં જુદો છે. કેટલેક ઠેકાણે નોંધ તથા રોજમેળ ઉપરથી આંકડાવહી લખવાનો રીવાજ છે. પણ આ પુસ્તકમાંનો રોજમેળ ઉપરથી આંકડાવહીનો ચોપડો લખ્યો છે. ને આમાં આવરો એ નોંધ ઉપરથી લખ્યો છે. તે પણ રોજમેળ ઉ-પરથી લખાય છે.

ને સરવાયું એ આંકડાવહી તથા ખાતાવહી ઉપરથી કરવું હોય તો બેઉમાંથી થાય. ખાતાવહીમાં વ્યાજ ઉમેરીએ નહિતો આંકડાવહી ઉપરથી થાય. ને જો ઉમેરીએ તો તે ઉપરથી થાય.

આ પુસ્તકમાં બાળકોને ઝટ લઇને સમજાણ પડે તેવા હેતુથી નોંધ ઉપરથી રોજમેળ તથા આવરો લખ્યો છે. ને રોજમેળ ઉપ-

રથી આંકડાવહી લખી છે. ને સરવાયું તે ખાતાવહી ઉપરથી લખ્યું છે. ને વ્યાજવહીને ખાતાવહી ઉપરથી લખી છે. આ પ્રમાણે લખવાનુ કારણ એટલુંજ કે છોકરાઓને ઝટ લઈને પ્રથમ હૃદયમાં ઠસી જાય પછી જેમ જેમ તેઓ નાગાની બાબતમાં સમજણા થતા જાય તેમ તેમ તેમને તે બાબતની ખરી હકીકત સર્વ બાબત વિષે માલુમ પડતી જાય. માટે આ પ્રમાણે લખવાનું કારણ એજછે.

લેખસારપત્રિકા.

ચીઠ્ઠીઓ નં. ૧

(૧) પ્રીયભાઇ શ્રી મોતીલાલ ગોપાળદાસ. વિશેષ લખવાનું કે આજરોજ મારે બપોરના વખતમાં તમારી મૂલાકાત લેવાની જરૂર છે તો મહેરબાની કરી પધારવા તસ્દી લેશો. તમને અવકાશ મળે એમ છે કે નહી તેનો જવાબ લખી આવેલા ચાકરને આપશો મીતી ફાગણ સુદી ૬ દા. શા. જવેરચંદ માણેકચંદ.

અર્થ.

પ્રીય–વહાલો. મુલાકાત–મળવું. મહેરબાની–કૃપા. મીતિ–તિથિ ભાઇ–બંધુ વીરા. વિશેષ–વધારે પધારવા–આવવા. નવરાશ–ફુરસદ અવકાશ. ચાકર–સાથી દાસ.

નં. ૨

ભાઇ શ્રી ભોગીલાલ ત્રીભોવનદાસ વિશેષ લખવાનું કે–આવેલા છોકરા કલ્યાણદાસ સાથે તમારે ઘેર પંડયા રવીદત્ત રામશંકરની કા-

દમ્બરીની ચોપડી છે તે આપશો હું થોડા દીવસમાં વાંચી તમારા તરફ મોકલી દઇસ. મીતી ફાગણ સુદી ૭ વાર બુધ.

દા. લાલાજી મનસુખરામ.

અર્થ.

ચોપડી—પુસ્તક

વિશેષ—વધારે

પંડ્યા—બ્રાહ્મણની એક અટક છે. વાંચી—ઉકેલી.

નં. ૩

પરમ પ્રીયભાઈ શ્રી મગનલાલ ડુંગરદાસ,

વિશેષ વિનંતી કે આવેલા છોકરા સાથે તમારા લખવા પ્રમાણે કાદમ્બરીની ચોપડી મોકલી છે વાંચી રહ્યા બાદ થોડા દીવસમાં મોકલવા તરદી લેશો, તા. ૫ માહે મેઈ સન ૧૮૭૮

દા. મગનલાલ નારણદાસ

અર્થ.

તરદી—મહેનત તારીખ—ઇંગ્રેજી મીતીને તારીખ કહેછે. માહે—માસ. વિનંતી—નમ્રતાથી બોલવું.

નં. ૪

શીરછત્ર તીર્થરૂપ પીતાજી. કેવળદાસ મનોરદાસ આવેલા માણસને બોતી જોટા ૧ વાર ૧૦ નં ૧૦૭૭ નો મોકલશો કારણ કે તે નંબરનો જોટા મારી દુકાનમાં નથી માટે આપશો મીતી સંવત ૧૯૪૦ ના ફાગણ વદી ૩ દા. શીવલાલ.

અર્થ.

શીરછત્ર-શીર=માથું. છત્ર=ઢાંકણુ=માથાનું ઢાંકણ. તીર્થરૂપ-તીર્થ=જાત્રા રૂપ=બરોબર=જાત્રા કરવાને ઠેકાણું. ઘોતીજોટા-એ ઘોતીઆનું નંગ દુકાન-હાટ-પેઢી પોતાજી-બાપ.

નં. ૫.

ચીરંજીવી ભાઈ શીવલાલ. તમારા લખવા મુજબ જોટા નં. ૧ વાર ૧૦ નં ૧૦૭૭ નો મોકલ્યો છે તે તપાસી લેજો. મીતી ફાગણ વદી ૩ દા. કેવળદાસ

અર્થ

ચીરંજીવી-ચીરંજુ-હમેશાં જીવી-જીવનાર. હમેશાં જીવનાર

તપાસી-જોઈ.

નંબર—(નીશાની ઓળખાણી) આંકડો

નં. ૬.

પરી—રેવનદાસ ગંગાધર જોગ લી. શા. માણેકલાલ કપૂરચંદ જત રૂ ૫૦૧) અંકે પાંચસેને એક પૂરા કલદાર પા. હીરા વકતાને આપજો ને અમારે ખાતે ઉધારજો. મીતી સંવત ૧૯૪૦ ના ફાગણ વદી ૬ દા. માણેકલાલ.

અર્થ.

પરી—નાણાવટી. કલદાર—કુંપની. મુંબઈગરા. અગર રાણી શીક્કાનું નાણું રૂપીઓ—રૂપાનો શીક્કો.

ઉપર પ્રમાણે ગામમાં ને ગામમાં એક બીજા સાથે. ચીઠીનો

વ્યવહાર રાખે છે. ને પરગામ કાંઇ કામકાજ પડે તો કાગળ લખે છે.

કાગળ લખવામાં જૂદી જૂદી ન્યાતોમાં એક બીજાને લખતી વખત અટક લખે છે તે.

બ્રાહ્મણમાં એક બીજાને ભટ, વ્યાસ, પંડ્યા, દવે, ગહેતા, શાસ્ત્રી, જોશી, ઉપાધ્યા, રાવળ, દવે, ઠાકર, વેદમૂર્ત્તિ, પરોત, જાની વીગેરે જેની જે અટક હોય છે તે લખેછે.

ભાટીઆ તથા લુવાણાને ઠકર. અગર શહેરગાં મોટગાયેં શેઠ લખેછે.

વાણીઆગાં દરેકના બાપ દાદાના ધંધા ઉપર જે અટક તે લખે છે જેમકે. શા. શેઠ. કોઠારી. દલાલ. કાપડીઆ. પરીખ. ગાંધી વીગેરે.

પાટીદાર અગર કણબીગાં પટેલ લખવાની રીત છે.

પારશીને શેઠ લખવાની રીત છે.

કોળી વર્ણગાં એક બીજાને ઠાકોર અગર તેગની અટક જે નામે ઓળખાતા હોય તે લખેછે જેગ કે પગી. પરગાર. પાટણવાડીઆ. વીગેરે લખે છે.

રજપૂત (ક્ષત્રી) ગરાશીઆ વગેરેમાં પણ તેગની જાત એટલે જે નામે ઓળખાતા હોય તે લખેછે. જેગ કે. રણા. રાણા પરમાર. ઝાલેજા. ચાવડા. પરમાર. વીગેરે.

ભાટગાં બારોટ લખેછે.

તરગાળા અગર ભવાયાને નાયક લખેછે.

મુસલગાનગાં નીચે પ્રગાણે લખેછે.

પઠાણને.................................ખાં

શેખને..........................શેખ.
સૈયદને..........................સૈયદ, મીર
મુગલને..........................મીરજાં.

તથા પોત પોતાના ધંધા ઉપર પણ લખે છે. જેમકે. પીંજારા. વહોરા ઘાંચી. અગર જે જાતે ઓળખાતા હોય તે પણ અટક ને ઠેકાણે લખે છે.

જોગી. સન્યાશી. અતિત. ગોશાંઇ. વીગેરેમાં સ્વામી. મૂર્તિ: વીગેરે લખવાની રીત હોય છે.

રબારી. ઘાંચી. મોચી. દરજી. હજામ. સાળવી. સુતાર. સલાટ. લુહાર. કડીઆ. ભાવસાર. રંગરેજ, સોની. કદોઇ. વીગેરેમાં તેજનામ લખવામાં આવે છે.

ઢેડ. ભંગડા. ચામડીઆમાં પણ તેજ અટકને ઠેકાણે લખે છે. ને ઢેડમાં જે વણવાનો ધંધો કરે છે તેમને વણકર અગર મહેતર પણ લખે છે.

સરકારી નોકરમાં પોતાના ઉપરીને નીચે પ્રમાણે લખેછે.

સરખા સરખીમાં રાજમાન રાજેશ્રી અગર રાજેશ્રી કે રાજમાન લખે છે.

ઉપરીને મહેરબાન લખે છે. તથા મોટા અમલદાર એક બીજાને મેહેરબાન લખેછે તેમના નાના નોકરો તેમનો ઇલકાબ આપીને લખે છે જેમકે હિંદુ અમલદારને મહેરબાન રાવ સાહેબ. રાવ બહાદુર. તથા પછી તેમનો જે તાલૂકાનો. અગર પ્રાંતનો જે જગા ઉપર અમલદાર હોય તે હોદો લખે છે. ને મુસલમાન અમલદારને ખાનબાહાદૂર લખે છે. ને મહારાજાઓનો જે ઇલકાબ હોય તે લખે છે જેમકે શ્રીમંત

સરકાર સેના ખાસખેલ શમશેર બહાદૂર શીયાજીરાવ માહારાજા ગાયકવાડ સરકાર કે. સી. એસ. આઇ. જે. કે. વડોદરા સ્ટેટ. એમ લખે છે. નાના રજવાડી ઠાકોરોને જેમકે મહેરબાન ઉમેટાના ઠાકોર સાહેબ. મહેરબાન સદાપ્રતાપી. જસવંત સીંહજી મહારાજા સાહેબ સંસ્થાન ભાવનગર વીગેરે લખે છે.

જૂદી જૂદી ન્યાતોમાં જેગોપાળ અગર આશીશ શબ્દો લખવાની કાગળમાંની રીતો.

હિંદુમાં બ્રાહ્મણ બ્રાહ્મણ એક બીજાને નમસ્કાર લખે છે તથા પોતાનાથી મોટાને સાષ્ટાંગ પ્રણામ, દંડવત પ્રણામ. અગર પ્રણામ લખે છે. તથા સર્વ હીંદુઓમાં એક બીજાથી મોટાને પણ દંડવત પ્રણામ અથવા પ્રણામ લખે છે.

વાણીઆ વાણીઆમાં જેગોપાળ. જેશ્રીકૃષ્ણ. જુહાર. જેજે. લખે છે.

ભાટીઆ, લુવાણા, કંદોઇ, સોની વગેરેમાં પણ જેગોપાળ, જુહાર અથવા જુહાર લખે છે.

બ્રાહ્મણ, વાણીઆ તથા તેની મળતી ગ્નાતીઓ સીવાય એક બીજામાં રામ રામ લખે છે જેમકે ક્ષત્રી, પાટીદાર, કણબી, બારોટ, સુતાર, દરજી, મોચી, તરગાળા તથા બધી વર્ણમાં.

બાપ દીકરાને	આશીશ	આશીર્વાદ લખે છે.
દીકરો બાપને	દંડવત પ્રણામ	સાષ્ટાંગ પ્રણામ લખે છે.

મીત્ર મીત્રને પોતાની જાતોમાં ઉપર લખ્યું તે શબ્દો વાપરેછે તથા સરકારી નોકરો એક બીજાને પત્ર વ્યવહારમાં સલામ લખે છે.

બ્રાહ્મણને સર્વ હિંદુઓ પગે લાગવું, દંડવત પ્રણામ, સાષ્ટાંગ પ્રણામ વગેરે લખે છે. મુસલમાન એક બીજાને દુવાસલામ લખેછે, ને હિંદુઓ પણ સલામ તેમને લખે છે.

કાગળમાં ઉપમાઓ શરનામે આપવામાં આવે છે તે.

બાપ દીકરાને—મહાશુભસ્થાને ચીરા. ભાઇ. એમ લખે છે.

દીકરો બાપને—મહાશુભસ્થાને પુજ્યારાધે શીરછત્ર તીર્થરૂપ પીતાજી.

સરખા સરખામાં—મહાશુભસ્થાને પુજ્યારાધે અનેક સર્વે શુભોપમા લાયક શ્રી પંચ.

મીત્ર મીત્રમાં—પરમપ્રીય સદાહેતકારી વીયોગી મીત્ર. અગર પ્રીય-ભાઇ તથા રા રા. તથા રા. એમ પણ લખે છે.

સરકારી નોકરોની ઉપમા આગળ ઉપમાઓ લખવામાં આવીછે.

કાગળ લખવામાં એક બીજાને લખતાં ઘણી ઉપમાઓ અનુ-બવીને ભ[illegible]ષાના જાણનારા માણસો આપે છે. તે ઘણી સારી વાત છે. પણ અ[illegible]જ લોકોમાં એક બીજાને બહુ ઉપમા આપતા નથી. એવું સાંભળવામ[illegible] આવ્યું છે.

શ્રી.

કાગળ.

(૨) સ્વસ્તિ શ્રી મુંબાઇ બંદર [illegible] મહાશુભસ્થાને પુજ્યારાધે અ-નેક સરવેશુભોપમા લાયક પરમદયાળ સદ્[illegible] [illegible]ગુણનિધાન ચતુરસુજા-ણ વીવેકસાગર સદા બીરાજમાન શા. કપૂરચંદ [illegible] લાલચંદ એતાન શ્રી સુરત બંદરથી લી. શા. ભગુભાઈ છબીલદાસના જેજેપ્રણામ [illegible] વાં-

ચજો. જત અત્રે ઇષ્ટદેવતાની કૃપાથી હું ખુશી આનંદમાં છું ને આપ પણ પરિવારસહ અત્યાનંદમાં હશો, માટે આપની ક્ષેમ કુશળતાનો પત્ર ઘણા દીવસથી નથી આવ્યો માટે સંભારીને લખજો. બીજુ લખવાનું કે ભાઇ છગનલાલ હાલમાં અત્રે સાતમી ચોપડીમાં પાસ થયેલો છે પણ તેને ઇંગ્રેજી ભણવાની હોંશ છે તેથી અત્રે નિશાળ ન હોવાથી તમારે ત્યાંની એંગ્લોવર્નાક્યુલર સ્કુલમાં અભ્યાસ કરવાની ગરજી છે પણ તેની ઉમ્મર કાચી છે તેથી ખાધા પીધાનું તેની જાતે આવડી શકે તેમ નથી તથા તેને ને ભણતરને રાગ આવે નહીં માટે તેને તમારે ત્યાં રાખશો એવી અમારી ભલામણ છે ને એના ખાધાખર્ચના રૂ ૬) ૭ કલદાર દર મહીને અગો આપીશું ને તેને પરચુરણ ખર્ચ કરવા જે પૈસા જોઇશું તે અમો અત્રેથી આપીને મોકલીશું માટે મહેરબાની કરી આ વાત કબુલ કરશોજી એવી ઉમેદ રાખું છું ને તે ભણી ડાહ્યો ને સમજુ થશે તેનું ફળ તમને છે. એજ કામકાજ લખજો જોઇતું કરતું મંગાવશો મીતી ફાગણવદી ૧૩ વાર બુધ સંવત ૧૯૪૦ દા. કપૂરચંદ લાલચંદના જેગોપાળ વાંચજો.

બંદર—દરિઆ કીનારાનું અથવા નદી કીનારા ઉપરનું મોટું શહેર.

સ્વસ્તિ—કલ્યાણ.

શ્રી—સારૂં.

મહા—, શુભ—, સ્થાને— } મોટું પૂજવાનું સારૂ ઠેકાણું.

સદ્ગુણ—સારા ગુણ.

સાગર—દરિઓ.

દયાળ—મહેરબાન.

પરમ—ઘણો. મોટો.

ઈષ્ટ—ઈશ્વર. પ્રભૂ.

પત્ર—કાગળ.

ક્ષેમ કુશળતા—ખુશાલી કુશળખેમ.

અનેક—વધારે.
સરવે—બધા.
શુભોપમાલાયક—શુભ+ઉપમા+લાયક
શુભ=સારૂં. ઉપમા=ઊપમા,
લાયક=જોગ=સારી ઉપમા
સારી ઉપમા જોગ,
પૂજ્યારાધે—પૂજા કરવા તથા સ્તુતિ
કરવા લાયક
નિધાન—ભંડાર
ચતુર—ડાહ્યો
વિવેક—ડાહપણ સારાખોટાની બુજ.

અત્યાનંદ—વધારે આનંદ.
નિશાળ—શાળા.
અંગ્રેજી—અંગ્રેજ લોકની
ભાષા.
અભ્યાસ—ભણવાની ગરજી.
કાચી—નાની
એતાનશ્રી—જોગશ્રી.
કબુલ—હા
સમજુ—સમજણવાળો.
એંગ્લોવર્નાક્યુલર—અંગ્રેજી
ભાષાની નિશાળ.

ઉપલા કાગળનો જવાબ.

(૩) સ્વસ્તિ શ્રી સુરતબંદરે મહાશુભસ્થાને પુજયરાધે અનેક સરવે શુભોપમાલાયક શા. ભગુભાઈ છબીલદાસ એતાનશ્રી મુંબઈ બંદરથી લી. શા કપૂરચંદ લાલચંદના જેગોપાળ વાંચજો બીજુ આજરોજ તમારો પત્ર આવ્યો તે વાંચી સર્વે સમાચાર જાણ્યા, જત અતરે ઈશ્વરકૃપાથી હું ખુશી આનંદમાં છું આપના તરફથી બાઠે. છગનલાલ વિશે લખ્યું તે બીના સરવે જાણી છે. તેમાં લખવાનું કે તેમને જો અભ્યાસ કરવાની ગરજી હશે તો તેમને અમારા તરફ મોકલી દેજો ને અમારૂં શરનામું ચોકસ લખી આપજો તો પણ જણાવવાનું કે અમારી દુકાન હાલ બીમ સરાફની ચાલીમાં દલાલ મ-

ગનલાલ બાપૂભાઈની દુકાન પાસે છે માટે ગરાન્ટરોડથી ઉતરી ભૂલેશ્વર પાસે થઇ સાગી ચાલીછે તેમાં ઘર નં. ૧૪ નું અમારૂં છે તે તે લખી આપી અમારા તરફ મોકલજો તેમના ખાધા ખર્ચ વિષે લખ્યું જાણ્યું પણ અમારે તે લેવાની ગરજી નથી માટે તે વાતથી કશી ચીંતા રાખશો નહી જેવો અમારો ચીમનલાલ છે તેવોજ તમારો છગનલાલ પણ છે, તે જાણજો. એજ મીતી સંવત ૧૯૪૦ ના ચૈત્ર સુદી ૧ વાર શની દા. કપૂરચંદ લાલચંદના જેગોપાળ વાંચજો.

અર્થ.

પત્ર–કાગળ. કૃપા–મહેરબાની. દલાલ–માલ અપાવનાર ચીંતા–ફીકર. સમાચાર–ખબર. દુકાન–હાટ, પેઢી. ગરાન્ટરોડ–મુંબાઇમાં એક સ્ટેશન.

કાગળ નં. ૨

(૪) સ્વસ્તિ શ્રી વીશનગર મહાશુભસ્થાને પુજ્યારાધે અનેક સર્વે શુભોપમા લાયક પરીખ. મોતીલાલ હીરાચંદ એતાનશ્રી મુંબાઈ બંદરથી લી૦ પરીખ ગોપાળદાસ હકીમચંદના જવાર વાંચજો. જત અત્રે ઈષ્ટ દેવતાની કૃપાથી ખુશી આનંદમાંછું આપની ખુશાલીનો પત્ર નથી માટે સંભારીને લખશો. બીજું લખવાનું કે હાલમાં કલદારનો શો વટાવ છે તે અને બજારમાં દાણાનો શો ભાવ છે તે વીગતવાર ચલણી નાણા પ્રમાણે લખી જણાવજો કારણ કે અમારે જુવાર ખાંડી ૩૦૦ ને આશરે લેવી છે માટે આનો તથા તમામ ધાન્યનો જવાબ લખજો એજ. કામકાજ લખજો જોઇતું કરતું મંગાવજો મીતી સંવત ૧૯૪૧ ના આસો સુદી ૫ વાર બુધ. દા. ગોપાળદાસ.

અર્થ.

પરી-નાણાવટી. બજાર-ચૌટું શુદી-અજવાળીઉં ખાંડી-૨૦ મણ.

મીત્ર ઉપરનો કાગળ.

(૫) સ્વસ્તિશ્રી અમરેલી મહાશુભસ્થાને પૂજ્યારાધે અનેક સર્વે શુભોપમાલાયક પરમપ્રીય સદાહેતકારી વીયોગી સદા શુભેચ્છક ભાઈ લીલાંબર તુળશીદાસ એતાન શ્રી વડોદરેથી લી. આપને સદા યાદ કરનાર તાબેદાર લાલદાસ ભૂખણદાસના દંડવત પ્રણામ વાંચજો વિશેષ લખવાનું કે આપની ખુશાલીનો પત્ર ઘણા દીવસથી મારા ઉપર નથી માટે મહેરબાની કરી લખવા તસ્દી લેશો બીજુ હાલમાં લખવાનું કે મારી દુકાનમાંથી ગુમાસ્તા વ્રીજલાલ રૂ ૨૫) પચીસ કલદાર લઈ જઈ બીજા કોઈ તીરાહીતને માથે પાડેલા આ તો બનાવ આજરોજ બન્યો તેને પૂછતાં તે માનતો નથી હવે તેને મેં તમારી ભલાગણથી રાખેલો તો તેને આજરોજ આવા નઠારા કૃત્યથી રજા આપીછે જો તેણે માન્યું હોતતો બેલાશક આ વખતનો ગુનો માફ કરી રાખવા ખુશી હતો પણ આવા અઘટિત પણાથી તેના ઉપર ભરોંસો રહેતો નથી માટે આ બાબતમાં તમારો શો મત છે તે લખી મોકલવા તસ્દી લેશો. મીતી સંવત ૧૯૪૩ ના ચૈત્ર શુદી ૨ વાર રવી.

અર્થ.

વીયોગી-જુદાથએલા અગર મેળાપ થયા વગરના	નઠારા-ખોટા	બનાવ-હકીકત.
	કૃત્ય-કામ	ભલાગણ-સીફારસ
મીત્ર-દોસ્ત, ભાઈબંધ	રજા-કાઢી મૂકયોછે.	ગુન્હો-વાંક

માફ—ક્ષમા　　　સદા—હમેશાં.　　શુભેચ્છક—સારૂ ઇચ્છનાર
તાબેદાર—સેવક, તાબા• યાદ—સંભાળવું　બરોંસો—વીસવાસ
　　માં રહેનાર.　તીરાહીત—બીજે

મીત્ર ઉપરનો કાગળ.

(૬) પરમપ્રીય સદા હિતકારી વીયોગી મીત્ર સદા શુભેચ્છક અહરનીશ યાદ થનાર પ્રીયભાઇ નાથાલાલ મથુરભાઈ મુ. વીસનગર. વીજાપુરથી લી૦ આપને સદા યાદ કરનાર દવે. ગોરીશંકર કાશીરામની સલામ માન્ય કરશો વિશેષ આપની કૃપાર્થ હું ખુશી આનંદમાંછું આપની કુશળતાનો પત્ર ઘણા દીવસથી નથી તે લખવા આપના કોમળ હાથને તસ્દી દેશો. વિશેષ વિનંતી કે હાલમાં મારા ઉપર બટ જયશંકર ગોવીંદરામનો રૂ ૨૦૦) લેણા બાબતનો કેશ ચાલેછે તેમણે દીવાની કોરટમાં દાવો બાંધ્યો છે આ કામ તેમણે અદાવતને લીધે કરેલું છે. માટે આ રૂપીઆ તેમને સમન્સ આવ્યા પહેલાં આપવા વિચાર છે તો તેટલા રૂપીઆ મારી પાસે નથી માટે આ વેળા મારા ખરા સ્નેહીમાં આપને પ્રમુખ ગણુંછું તો રૂ ૮૦)એંશી રૂપીઆની મદદ કરશો એવી આશા છે. ને તે મનીઆરડર કરાવી આ લગત મોકલવા તસ્દી લેશો કે જેથી કરી મારી જતી આબરૂ રહે આ ઉપકાર હું કદી વીસરનાર નથી. માટે રૂપીઆ મોકલશો એવી આશા છે ખરા સ્નેહીને ખરી પ્રીતીમાં આ વખત આપને તસ્દી આપવી પડીછે તો તે માફ કરશો. એજ મીતી સંવત ૧૯૪૭ ના ચૈત્ર વદી ૫ વાર ગુરૂ દા. ગોરીશંકર.

અર્થ.

અહર—હમેશાં. કાગળ–સુંવાળા. ઉપકાર–ગુણ. પ્રમુખ—આગેવાન. હેતકારી–હેતાળુ. વિચાર—મનસુબો. વીસરનાર—ભૂલનાર
પ્રીતી–દોસ્તી, મીત્રાચારી.

આ સિવાય મીત્ર ઉપર કાગળ લખતાં ઘણા અનુભાવી માણુસો વધારે ઉપમા આપે છે. પણ તેમાંના આ નમુના દાખલ લખ્યા છે.

બાપનો દીકરા ઉપર કાગળ.

(૭) સ્વસ્તિ શ્રી વડોદરા મહાસુભસ્થાને ચીરંજીવી ગોકળદાસ ખુશાલદાસ એતાનશ્રી અમદાવાદથી લી. શુભેચ્છક શા. ખુશાલદાસ મંગળદાસની આશીશ વાંચજો જત અત્રે સર્વ ખુશી આનંદમાં છે તમારી કુશળતાનો પત્ર ઘણા દીવશથી આવ્યો નથી માટે સંભાળીને લખતા રહેવું કારણ કે તમે પરદેશમાં ગયેલા છો માટે સાજાતાજાનો કાગળ દશ પંદર દીવસે લખતા રહેવું વિશેષ લખવાનું કે ભાઇ ચમનલાલ પાંચમી ચોપડી ભણે છે. તેનો અભ્યાસ બરોબર ચાલે છે. તથા બેન કમળા ત્રીજી ચોપડી ભણે છે. તથા આપણા કાકા ગોપાળદાસ ઉપર અમદાવાદના શા. કપુરચંદ લહેરચંદે રૂપીઆ ૩૦૦) આપ્યા છતાં જૂઠો દાવો બાંધેલો તેમાં જૂઠું ખાતું પાડયા બાબત તેમને પાંચ વર્ષની સખત કેદ તથા રૂ ૨૭૮) દંડ થયો છે તે જાણજો તેથી તમોને લખવાનું કે તમો પણ નીતી માર્ગ પ્રમાણે ચાલજો ને કોઈ એવા લુચ્ચા લોકોનો બીલકુલ પ્રસંગ રાખશો નહીં

કારણ કે તે લોકો કોઇ વખત ફાંસામાં નાંખે છે, માટે પરદેશમાં બહુ સાવચેતીથી ચાલવું. તમો હાલમાં અવાય તો આવજો. નહિ તો માલ વેચીને આવજો. હું તમારી પાસે આવવાનો હતો પણ અત્રે હાલમાં માલની ખપત ઘણી ચાલે છે માટે હવે લગ્નગાળો ગયા બાદ હું નડિયાદ જવાનો છું ત્યારે જો અવાશે તો આત્રી જઇશ. આપણાં સગાં વહાલાં તથા પા. મથુરદાસને અમારી વતી જે ગોપાળ કહેજો ને ઘણા ઘણા માને બોલાવજો. મારા તરફની કશી ફીકર ચીંતા કરશો માં સંવત ૧૯૩૪ ના આસો સુદી ૧ વાર ગુરુ દા. ખુશાલદાસની આશીશ વાંચજો.

અર્થ.

ચીર—લાંબા આયુષવાળો. અમર.	લગ્નગાળો—વીવાહગાળો.
પ્રસંગ—મેળાપ.	ફીકર ચીંતા—ધાસ્તી.
નીતિ—સારી શીખામણ.	માલ—ચીજ વસ્તુ.
સંભાળી—યાદ લાવી.	ફાંસા—ફાંદા.
આશીશ—આશીર્વાદ. સારૂં ઇચ્છવું.	ખપત—વકરો.
પરદેશ—પારકો મૂલક.	કાકા—બાપનો ભાઇ.
લુચ્ચા—લફંગા. કપટી.	

દીકરાનો બાપ ઉપર કાગળ.

(૮) સ્વસ્તિ શ્રી અમદાવાદ મહાશુભસ્થાને પુજ્યારાધે અનેક સરવે શુભોપમા લાયક શીરછત્ર તીર્થરૂપ પીતાજી ખુશાલદાસ મંગળદાસ એતાનશ્રી વડોદરાથી લી. આપનો આજ્ઞાંકિત તાબેદાર સેવક ગોકળદાસ વિ. ખુશાલદાસના દંડવત પ્રણામ વાંચશો. જત અત્રે આપની કૃપાથી ખુશી આનંદમાં છું આપની ક્ષેમ કુશળતાનો પત્ર

આજરોજ આસો સુદી ૧ વાર ગુરૂનો લખેલો આવ્યો તે વાંચી અત્યાનંદ થયો છે. તેમાં જે હકીકત લખી તે વાંચી હું ખુશી થયેલો છું વીશેષ વિનંતી કે કપૂરચંદ લહેરચંદને જે શીક્ષા થઇ તે ઘણી સારી વાત થઇ છે કારણ કે જે જૂઠું ખાતું પાડી નઠારૂં કૃત કરે તેને એવી શીક્ષા થવીજ જોઇએ. તથા હું લુચ્ચાને પ્રપંચી માણસોની દોસ્તી રાખતો નથી ભાઇ મગનલાલને સારી રીતે ભણાવજો. ને દરરોજ નીશાળે મોકલજો. હાલમાં અત્રે માલની ખપત સારી છે. કપાસ ખાંડી ૨૦ તથા તલ મણ ૧૦૦ તથા ઘી મણ ૧૦૦ લીધું છે તેના રૂપીઆનો વાયદો દીવાળી પછીનો કરેલો છે. તેમાં રૂ૩૧૦૦) લગભગ જોઇએ માટે રૂ ૧૫૦૦ તો મારી પાસે છે તો બાકીના રૂ ૧૬૦૦)ની હુંડી કરાવી મોકલજો કારણ કે કપાસનો ભાવ મણના ૨ાા તથા તલના ૨ાΞ તથા ઘી ૧૩ાા રૂ. રાખ્યું છે તેમાં હાલ નફો શા. બકોર મુનદાસ રૂ ૩૦૦) આપેછે. તો તેમાં વધારે નફો મળશે એવી આશા છે તો તે તારીખે મને રૂપીઆ મળે તેમ કરજો જો તમે આવવાના હો તો હુંડી લેતા આવજો, ભુલશો નહીં. આપણાં સગાં વહાલાં તથા સર્વને બોલાવજો હું દીવાળી ઉપર જો અવાશે તો આવીશ. એજ કામકાજ લખશો. મીતી સંવત ૧૯૪૩ના આસો સુદી ૫ વાર શુકર દા. ગોકળદાસના દંડવત વાંચશો.

અર્થ.

શીરછત્ર—માથાનું ઢાંકણુ. હકીકત—બીના. ખાંડી—૨૦ મણ.
તીર્થરૂપ—તીર્થને ઠેકાણે. પ્રપંચી—લુચ્ચા. અત્યાનંદ—વધારે આનંદ.
દંડવત—પગે લાગવું. શીક્ષા—સજા. કૃત—કામ.
પ્રણામ—ઝવાર, સલામ. નફો—લાભ. હુંડી—નાણાવટીની આબરૂ ઉપરથી નાણાં મળે તેવી ચીઠી.

ધરેણાઉ ખત.

સંવત ૧૯૩૪ ના વર્ષે અસાડ વદી ૧૨ વાર ગુરૂ શા. નરોતમ દાસ લાલદાસ ન્યાતે મોઢવાણીઆ રહેવાશી સુરતબંદરના જોગ લી. પા, નાથાભાઇ મથુરભાઇ ન્યાતે લેઉવાપાટીદાર રહેનારી ધરમપૂરના જત રૂ ૧૦૨૫) અંકે એક હજારને પચીસ પૂરા કલદાર શીક્કાના દેવા એની સાનમાં ઘર ૧ અમારા બાપીકુ શ્રી ધરમપૂર મધે દરબાર વાડા પાસેનું છે. તે અમોએ અમારી રાજી રજાવંદીથી તથા અકલ હુંશીઆરીથી બીન કેફે તમને ધરાણે આપ્યું છે. એ ઘર ઉત્તર દ- ક્ષીણ પહોળું ગજ ૧૦ અને પૂર્વ પ્રશ્ચિમ લાંબુ ગજ ૨૦ છે. એ એ ઘરની ચારે દીશાની વીગત. ઉતરાતા પાસે શા. જયચંદ ઉગરચંદ નું ઘર છે. દખણાતા પાસે ભાટ. પ્રેમાનંદ મહાનંદનું ઘર છે. પશ્ચિમ દીશાએ સરીઆમ રાજમાર્ગ છે. એ ચતુરશીમા પ્રમાણે આગલા બા- રથી પાછલા બાર સુધી હેઠળ તથા ઉપર સોલ પૂર્વકારનું ઘર ધરાણે આપ્યું છે. આ ઘરમાં વસો તથા વસાવો તથા આડ ધરાણે મૂકો ત- મારૂં મન માને તેમ કરો. ને ભાગ્યું તુટ્યું તથા નળીયાંની ખોટ અમે ઘર ધણી આપીએ સહી કદાપી તમે જો ભાગ્યું તુટ્યું મરામત ન કરાવો તો તે અમો કરાવીએ ને તેના પૈસા તમારી પાસેથી વસુલ લઇએ સહી. આ રૂપીઆ અમો જ્યારે તમોને આપીએ ત્યારે અમારો આ ઘર ઉપર અલાખો ત્યાં સુધી અમારો અલાખો નહીં. આ રૂ- પીઆનું વ્યાજ નહીં ને ઘરનું ભાડું નહિ. એ ઘરની કજા રજાએ અ- મો જવાબ દઇએ સહી જો અમો ન હોઇએ તો અમારા વંશમાં જે કોઇ હોય તે જવાબ દે તે સહી. આ ખત અમો અમારી રા- જીખુશીથી લખી આપ્યું છે તે સહી. આ લખ્યું ફરે કે પોતાની સા-

ત પેઢીના ધર્મથી ફરે.

આત્ર ગતુ	તત્ર સાખ
૧ પા. નાથાભાઈ મથુરભાઇ ગતુ ઉપર લખ્યા પ્રમાણે સહી.	૧ પા. હાથીભાઇ મથુરભાઇ સાખ ધણી બે હજુર.
	૧ શા. વનમાળીદાસ નથુભાઇ સાખ ધણી બે હજુર.
	લી૦ શા. ફુલચંદ સુરચંદ ધણી બે હજુર લખ્યું છે.

અર્થ.

ધરેણાક—ગીરવી.
ખત—દસ્તાવેજ.
દિશા—બાજુ.
સરીઆમ—મોટા.
વીગત—બીના, બાબત, તપશીલ.
ચતુરશી—ચાર દીશાની જણાવેલી વીગતની વચેનું.
રજાવંદી—રાજીખુશીથી
વંશ—વારસમાં.
જવાબ—ઉત્તર.
રાજમાર્ગ—મોટા રસ્તો.
ધરાણે—ગીરવી.
કબારજા—આફતે, જોખમ.
આડધરાણે—બીજાને ત્યાં ધરાણે મુકવું.
આલાખો—દાવો.
વર્ખે—વરસે.

વેચાણ ખત.

સંવત ૧૯૪૫ ના વર્ષે આસો સુદી ૧૫ વાર ભોમે ખરીદદાર શાસ્ત્રી. જયશંકર રામચંદ્ર ગ્નાતે રાયકવાળ બ્રાહ્મણ રહેવાશી નડીઆદના ઉમ્મર વર્ષ ૨૫ ની. જોગ લી. એકાગતી એક ગામ વારતે વેચનાર શા. દયાળજી રધજી જાતે દશાશ્રીમાળી વાણીઆ. ઉમ્મર વર્ષ ૫૦ ની. જત અમારૂં ઘર ૧ શ્રી નાગરવાડા મધ્યેનું છે તે તમોને વેચાણ આપ્યું છે. એ ઘર ઉતર દક્ષિણ લાંબું ગજ ૨૧—૩ અંકે એકવીશ ગજને ત્રણ તસુ કરા સાથે તથા પૂર્વ પશ્ચિમ પહોળું ગજ ૧૦—૫ અંકે દસ ગજ ને પાંચ તસુ. બેઉ તરફના કરા સાથે છે. એ ઘરની ચારે દીશાની વીગત—દક્ષીણ દીશાએ આ ઘરનું આગાશીયું છે તે લાંબું ગજ ૩—૩ ત્રણ ગજને ત્રણ તસુનું છે, પહોળું ગજ ૧૦—૫ દશ ગજ ને પાંચ તસુ છે. એની પાછળ ભટ્ટ. કેશવરામ ચકુરામના ઘરાં છે. પૂર્વ દીશાએ પા. ચતુરભાઇ કીશોરભાઇનું ઘર છે. પશ્ચિમ દીશાએ પરોત. લક્ષ્મીશંકર જેશંકરનું ઘર છે, તથા ઉત્તર દીશાએ ઘરની નેવાંગરીથી ચોક ગજ ૧૦ તથા પહોળો ગજ ૮ છે. તથા ચતુરભાઇવાળા ઘરનો રસ્તો આ ચોકમાં થઇને જવાનો નથી. ને તેમના ને આ ઘર વચ્ચેનો કરો સહીઆરો છે. ને પશ્ચિમ દીશાનો કરો આ ઘરનો આગવો છે. આ ઘરનાં નેવાનું પાણી ચોકમાં થઇ સરીઆમ રાજમાર્ગમાં જાય છે ને પાછલાં નેવાનું પાણી આગાશીયામાં પડી પા. ચતુરભાઇ કીશોરભાઇના આગાશીઆમાં થતું પરોત જેઠારામના આગાશીઆમાં થઇ ખાઇમાં જાય છે. એ ચતુરશી પ્રમાણે બાર સાખે બધા ઢગલા સાથે તમને વેચાતું આપ્યું છે. એની કીમત રૂ ૧૬૦૫) અંકે સોળસેને પાંચ પુરા

શાકડા કલાદાર લેઇને ઘર બધું યાવત્ચંદ્ર દીવાકરૌ (ચંદ્ર સુરજ તપે ત્યાં સુધી આપ્યું છે. આજ પછી અમારૂં એ ઘર સાથે લાગે વળગે નહીં કદાસ હરકોઇ વારસ થઈ દર દાવો કરે તો તેનો અમો તથા અમારા વારસમાં જે કોઈ હોય તે જવાબ દઇએ તે સહી. આ ખત અમો અમારી રાજીખુશીથી તથા અક્કલ હુંશીઆરીથી બીન કૈફ તબીઅત ઠેકાણે રાખી લખી આપ્યું છે. તે કબુલ મંજુર છે. આ લખ્યું પોતાના બાપદાદાના ધર્મ સાથે પાળીએ સહી.

અત્ર ... મતુ	તત્ર ... સાખ
૧ શા. દયાળજી રવજી સહી દા. પોતે.	૧ શા. લક્ષ્મીચંદ દીપચંદ સાખ ધણી બેહજુર.
	૨ પા. પરભુદાસ મથુરભાઇ સાખ ધણી બેહજુર.
	લી૦ પા. ગોવીંદભાઇ નાથાભાઈ ધણી સર્વે હજુર લખ્યું છે.

અર્થ.

વેચાણખત—વેચાણનો લેખ.
કરો—ભીંત.
માર્ગ—રસ્તો.
બારસાખ—બારણાનું ચોકઠું
કીંમત—મૂલ.
લાગવળગે-દાવો, અભાખો.
વારસ—મુઆપછી જે વારસ થાય છે તે.
દીવાલ—ભીંત.
ઇમલો—ઇમારત, ઘર.
બીનકૈફ—નીશાવગર.
દીવાકરૌ—સુરજ
શાસ્ત્રી—બ્રાહ્મણમાં અટક છે.
આગવો—પોતાનો.
સહીઆરો—ભાગવાળો.

ખરીદદાર—વેચાતું લેનાર
એકામતી—એક મતવાળા.
ખાઇ—પાણી જવાનો રસ્તો.
તબીયત—મીજાજ.
બીનકેફ—કેફ વગર.
મતુ—સહી.
હજુર—રૂબરૂ.
સાખ—સાહેદી, પુરાવા.
અગાશીયું—ધાબું.
યાવત્—હમેશાં.
દરદાવો—હરકત
અત્ર—આંહી.
તત્ર—ત્યાં.
સહી—કબુલાત, મતુ.

ભાડાનામું.

(૧૧) સંવત ૧૯૪૫ના અષે આસો વદી ૧ વાર શુક્ર. શા. રેવનદાસ ગોપાળદાસ જોગ લી. પા. કહાનદાસ મકનદાસ જત તમારૂં ઘર ૧ ચોરાવાળી શેરીમાં ઉતરાતા દ્વારનું છે. તે અમોને ઉપર હેઠળ ભાડે આપ્યું છે. તેના ભાડાના રૂપીઆ ૫૦) અંકે પચાસ વર્ષ એકના કર્યા છે. એની બંધી વર્ષ ૭ ની કરી છે. ત્યાં સુધી અમોને તમારાથી કઢાય નહીં. ને રૂપીઆ દર વર્ષે ચઢે ચઢયા પૂરા કરી આપીએ તે સહી. ને નળીઆંની ખોટ તમો આપો ને ચળામણું અમો આપીએ તે સહી. ઉપર લખ્યું તે સહી.

અત્ર	મતુ	તત્ર	સાખ.
૧ પા. કહાનદાસ મકનદાસ, મતુ ઉપર લખ્યા પ્રમાણે સહી. દા. પોતે.		૧ શા. નાગરલાલ ફુલચંદ સાખ ઘણી બે હજુર	

૧ શા. નરોતમ ફૂલચંદ સાખ
ધણી બે હજુર.

લી. શા. કેશવલાલ હીરાચંદ ધણી
બે હજુર લખ્યું છે.

અર્થ.

શેરી—પોળ. બંધ—મુદત. ભાડાનામુ—વર્ષ અગર માસનું
ઉતરાતા—ઉતર દીશાનું. દ્વાર—બારણું. ભાડું ઠરાવી રહેવા આપેલી
ચળામણી—સંચરામણી. ઇમારત બદલનું ખત.
ખોટ—ટોટો.

કુબજ.

(૧૨) સંવત ૧૯૪૫ના વર્ષે આસો વદી ૧ વાર શુક્ર પા, કહાનદાસ મકનદાશ જોગ લી૦ શા. રેવનદાસ ગોપાળદાસ જત અમારૂં ઘર ચોરાવાળી શેરીમાં ઉતરાતા દ્વારનું છે. તે તમોને બધું ભાડે આપ્યું છે. તેના ભાડાના રૂપીઆ વર્ષ એકના રૂ ૫૦) અંકે પચાસ કબદાર કર્યા છે, તેની બોલી વરસ સાતની ઠરી છે. ને ભાડાના રૂપી. આ વર્ષો વર્ષ ચઢે ચઢયા લઇએ તે સહી. ને સાત વરસ સુધી અમારાથી તમને કઢાય નહીં તે સહી, તથા નળીઆંની ખોટ અમો પૂરી કરીએ તે સહી તથા ચળામણી તમો આપો તે સહી, આ લખ્યું તે સહી.

અત્ર	મતુ	તત્ર	સાખ
૧ શા. રેવનદાસ ગોપાળદાસ સહી દા. પોતે.		૧ શા. નાગરલાલ ફુલચંદ સાખ ધણી બે હજુર	

૧ લી. શા. નરોતમ ફુલચંદ સાખ
ધણી બે હજુર.
૧ શા. કેશવલાલ હીરાચંદ ધણી
એ હજુર લખ્યું છે

અર્થ.

કબજ—ઘરનો માલીક ઘર રાખનારને લખી આપેલા લેખને કબજો કહે છે. ચઢે—થાય

ગણોત ખત—અગર ગણુવત.

(૧૩) સંવત ૧૯૪૬ ના વર્ષે જેઠ શુદી ૫ વાર મંગળ મહેતા. હીંમતરામ શીવરામ જોગ લી૦ પા. ગોવીંદભાઈ લાલાજી જત અમો એ તમારૂં ખેતર નામે કોઠીવાળું વીઘાં ૫ નું દાણે રાખ્યું છે. તેની દાણના વર્ષ ૧ એકના રૂ ૫૫) અંકે પંચાવન પૂરા કલદાર શીક્કાના ઠર્યા છે. ને એ ભોંયના સરકારવેરાના રૂપીઆ અમો હપ્તે હપ્તે ભરીએ તે સહી તથા એ ભોંય મધ્યે જ્યારે ઉનાળુ વાવેતર કરીએ ત્યારે અમારો તથા તમારો અર્ધોઅર્ધ ભાગ છે. આની આવધ સંવત ૧૯૪૬ ની સાલથી સંવત ૧૯૪૮ ના જેઠ શુદી ૪ સુધીની કરી છે મુદત પૂરી થયે આ ખેતર અમો બીન હરકતે સોંપીએ તે સહી ઉપર લખ્યું તે સહી.

અત્ર મતુ	તત્ર સાખ
૧ પા. ગોવીંદભાઈ લાલાજી મતુ ઉપર લખ્યા પ્રમાણે સહી.	૧ પા. ઇશ્વરદાસ લાલદાસ સાખ ધણી એ હજુર.

१ पा. કીશોરભાઇ જવેરભાઈ
સાખ ધણી બેહજુર.
લી० પા. શીવા દેવીદાસ ધણી
બેહજુર લખ્યું છે.

અર્થ.

ગણોતનામુ —ખેતર દાણે એટલે સાંથે આપ્યાનો લેખ.

મુદત—અવધ.

નુકસાન—ટટો. હાની.

ઊનાળુ—ઉનાળામાં વાવેતર કરવું તે.

સાલ—વર્ષ.

બેહુ લોકોના ખત લખવાની રીત.

(૧૪) સંવત ૧૯૪૬ ના વર્ષે આશો શુદી ૩ વાર ગુરૂ પારરપ્રાંત એકગામ વાસંવેગ પા. ગોકળદાસ નનદવદાસ જોગ લી. પા. શીવાભાઈ મથુરભાઇ જત રૂ. ૫૭) અંકે સતાવન બાબાશાઇ શીક્કાના આજરોજ અમોએ લીધા છે તેનું વ્યાજ માસ—૧ એકે શત એકે ટકા ૦॥ લેખે બાધા ચઢે. માસ એકના મજમસે દોકડા ૪૪॥ બાધા ચઢે. આ રૂપીઆ સરકારના વેરા ભરવા સારૂ લીધા છે. માટે આ સાલનો આગોતર તથા પાછોતરનો માલ લઈ એની જે ઉપજ થશે. તે તમારે ત્યાં ભરીશું એમાં તફાવત નહીં કદાપી કાહુંકવર થાય તો આ રૂપીઆ અમારી જાત મીલકત વેચીને પુરા કરી આપીએ તે સહી. આ ખત અમેઅમારી રાજી ખુશીથી તથા હુશીઆરીથી લખી આપ્યું છે. આ ખત રૂપીઆ રોકડા લઈને લખી આપ્યું છે

તે સહી. ઉપર લખ્યું બાપના બોલ સાથે પાળીએ સહી.

અત્ર મતુ	તત્ર સાખ
૧ પા. ગોકળદાસ જાદવદાસ મતુ ઉપર લખ્યા પ્રમાણે સહી.	૧ શા. નરોતમ પુંજા સાખ ધણી બેહજુર.
	૧ પા. શીવાભાઇ દેવીદાસ સાખ ધણી બેહજુર.
✓ આવું ઓધાણ ધણીને જ્યારે લખતાં ન આવડતું હોય ત્યારે કરાવે છે.	લી૦ ભટ. નાનાલાલ કુબેરદાસ ધણી બેહજુર લખ્યું છે.

અર્થ.

જત—એની પાસેથી	ઓધાણ—નિશાની.	ધણી—માલીક.
આગોતર—પહેલો	જાત—પંડ.	ગીલકત—માલ.
પાછોતર—પાછલો.	હજુર—રૂબરૂ.	બાબાશાઈ—વડોદરારાજ્યમાં ચાલતા ગાયકવાડી શીક્કાના રૂપીઆ.

અંગઉ ખત.

(૧૫) સંવત ૧૯૪૫ ના વર્ષે વૈશાખ શુદી ૨ દિને પારસાત શા. જગજીવન ગોપાળદાસ જોગ લી૦ ઠાકર રવીદત રામશંકર જત તમારી પાસેથી રૂ ૧૨૫) અંકે એકસોને પચીસ પૂરા રોકડા કલદાર શીકકાના લીધા છે. તેનું વ્યાજ માસ ૧ શત એકે ટકા ૦॥= લેખે બાધા ચઢે મજમલે માસ ૧ ના દોકડા ૭૮—૨ બદામ બાધા ચઢે. આ રૂપીઆ અંગઉધાર દેવા. દેશપરદેશ દેવા. જ્યારે ધણી માગે ત્યારે દેવા.

ને આ રૂપીઆનું વ્યાજ ચઢે ચઢયું આપીએ તે સહી. આ લખ્યું બાપના બોલ સાથે પળીએ સહી.

આત્ર	મતુ	તત્ર	સાખ
૧ ઠાકર રવીદત રામશંકર સહી દા. પોતાના.		૧ શાસ્ત્રી. દેવરામ જહુરામની સાખ ઘણી ભેદજુર.	
		૧ પા. નાગાભાઇ ગથુરભાઇ સાખ ઘણી ભેદજુર.	
		લી. શા. ખેંગાર મુનદાસ ઘણી ભેદજુર લખ્યું છે.	

અર્થ.

આંગઉધાર——શરીર ઉપર આપેલું. દેવા-દેણા.
દેશપરદેશ——દેશમાં ને પરદેશ જઈ એ તો ત્યાં પણ આપવા. ટકા-રૂપીઆ.
શત——શો.
ઠાકર——બ્રાહ્મણની અટક ભાંબા——ગભા.

દાગીના ઉપર લેખ લખવાની રીત.

(૧૬) સંવત ૧૯૪૫ ના વર્ષે વૈશાખ શુદી ૧૫ વાર ગરેઉ દીને પાર સાત એકગામ વાસ્તેવંગ શા જીવરાજ હેમરાજ જોગ લી. પા. કીસોરભાઇ વસ્તાભાઇ જત તમારી પાસેથી રૂ ૬૪૫) અંકે છસેંને પીસ્તાળીશ બાબાશાઇ શીક્કાના આજરોજ મેં લીધા છે. તેનું વ્યાજ માસ, ૧ શત ૧ ટકા ૦ાા લેખે ચઢે. આ રૂપીઆ પેટે સોનાનો દોરો નં ૧ નો તોલે ગદીઆણા ૩૨ નો કીંમત રૂપીઆ આશરે રૂ ૩૨૦) ત્રણુસેંવીશ ખીલી સમેત. તથા તુસી હેમની ત્રણ પાં-

દડીઆવાળી વજને ગદીઆણા ૧૦ કીમત રૂ ૧૦૫) ની મળી કુલ જણુશો નંગ. ૨ સોનાની આશરે કીમત રૂ ૪૨૫) ની મુકી છે આ દાગીના જયારે રૂપીઆ વસુલ પુરેપુરા થએ ત્યારે આપીએ તે સહી આ રૂપીઆનું વ્યાજ વીશા વર્ષ ચઢેચડયું આપીએ તે સહી કદાચ ન આપીએ તો દીવાળીબાકી રીતે ચડયું વ્યાજ આપીએ તે સહી. ઓછો અદકો માલ અગારે છે. રાજકદેવક ધરેણું ધરાણુવટ છે. ઉપર લખ્યું તે સહી.

અત્ર	મતુ	તત્ર	સાખ
૧ પા. કીશોરભાઈ વસ્તાભાઇમતુ ઉપર લખ્યા પ્રમાણે સહી		૧ પા. હાથીભાઇ મથુરભાઇ સાખ ધણી એહજુર	
		૧ પા. પરસોતમ દયાળજી સાખ ધણી એ હજુર	
		લી. પા. ચતુરભાઈ લાલાજી ધણી એ હજુર લખ્યું છે	

અર્થ.

દાગીના ઉપર ખત લખવાની રીત—જણસો ઉપર રૂપીઆ ધીરવા તે.
ગદીઆણો—અર્ધા રૂપીઆભાર તોલો—રૂપીઆભાર-પેટે-બદલે.
જણસો—દાગીના. આશરે—આડસટે.

—o()o—

ખાતું પાડી રૂપીઆ લેવાની રીત—

(૧૭) પા. મોતીભાઈ ઉમેદભાઈનું ખાતું સંવત ૧૯૪૫.

જ	ઉ
	૫૦૦) સંવત ૧૯૪૫ નાવૈશાખ વ-

દી ૫ વાર ગુરૂ જત રૂ૫૦૦)
અંકે પાંચસે કલદાર રોકડા
પૂરા ગણી લીધા છે. આ રૂ-
પીઆનું વ્યાજ માસ ૧ શત
એક ટકા ૦।। લેખે બાધા
ચઢે મજમલે માસ એકના
ટકા ૨।। ચઢે. તે સહી. આ
રૂપીઆની સાનમાં અમારા
ખેતર કીને મહુડીવાળાનો
દસ્તાવેજ મૂક્યો છે તે રૂપી-
આ આપે પાછા લઈએ તે
સહી.

પા. મોતીભાઇ ઉમેદભાઈ સહી
દા. પોતાના.

કાંધુ લખવાની રીત.

(૧૮) પા. ગરધાભાઇ મુળજીભાઈનું ખાતું સંવત ૧૯૪૫ ની સાલનું.

જ	ઉ
	૨૧) સંવત ૧૯૪૫ કારતગ શુદી ૫
	૨૦) અંકે વીશ રૂપીઆ રો-કડા મુંબાઈગરા.
	રૂ. ૧) ચઢાવાનો મળી કુલ

રૂ ૨૧) આંકે પુરા રોકડા
મુંબાઈગરાનું કાંધુ નં. ૧ કર્યું
છે. તેની વીગત નીચે પ્રમાણે
માસ એકે રૂપીઆ ત્રણ પ્ર-
માણે આપીએ આ રૂપીઆ
માસ સાતે પુરા કરીએ તે
સહી. નહીતો સામટા સાડા
ત્રણ મહીને પુરા કરીએ.
જો કાંધુ રહેતો કાંધાની સ-
રાસરી પ્રમાણે ઉપરની તે
રીએથી વ્યાજ ગણી આપી
એ તે સહી આ લખ્યું તે સહી.
પા. ગરધા મુળજીની સહી દા. પોતે

સમજુત.

આ ઠેકાણે જે ખાતું પાડયું છે તે વ્યાજુ ચીઠીની બરોબર છે તેમાં પણ નીચે રૂપીઆ જેમ આવે તેમ ભરે છે તે ખાતામાં જમે બાજુએ ભરે છે. જ્યાં ઉધાર જમે લખવાની રીત હોય છે તેમાં ઉલટ પાલટ લખાય છે. કદાપી સદર ધણી રૂપીઆ ન આપે તેમ વર્ષ આખરે ફેર જો ખાતું ન પાડી આપે ત્યાં સુધી એ ખાતું કાયમ રહે છે તેમ ખત પણ રહે છે. અને જો રૂપીઆ આપે તો વ્યાજના રૂપીઆ ન આપ્યા હોય તો મુદલમાં ઉમેરી નવું ખાતું નવા ચોપડામાં પડાવી લે છે ને વ્યાજ આપ્યું હોય તો મુદલ બા-કીનું ખાતું પડાવી લે છે.

કાંધું એટલે બેહુ લોકો પોતાનાં લાવેલાં ઢોર, બળદના રૂપીઆ ન હોય ત્યારે તે રૂપીઆ જેને ત્યાંથી ઉપાડે તેમાં એવો નીયમ હોય છે કે દર માસે આટલા રૂપીઆ ભરી જવા ને આટલે માસે પૂરા કરવા. ને દર માસે જો રૂપીઆ ન ભરાય તો પડેલા કાંધાનું વ્યાજ ગણી લે. તે કાંધાનું વ્યાજ ઉધડ હોય છે ને જેવાં કે એકવીશું. બાવીશું, વીગેરે. કાંધામાં લાવેલાં ઢોર. બળદ વગેરે લખાવી લે છે.

વ્યાજુ ચીઠી નામજોગી.

(૧૫) સંવત ૧૯૪૫ ના વર્ષે જેઠ વદી ૫ વાર શુક્ર. શા. દામોદરદાસ અંબાઈદાસ જોગ લી. શા. ત્રીભોવનદાસ કલ્યાણદાસ. જત રૂ ૫૫૧) અંકે પાંચસે એકાવન પુરા કલદાર રોકડા દેવા. અંગ ઉધાર દેવા. દેશ પરદેશ દેવા. જ્યારે ધણી માગે ત્યારે દેવા. એનું વ્યાજ માસ ૧ ટકા ૦॥॥ લેખે ચઢે તે ભરી આપીએ તે સહી. એમાં કશો વાંધો નહીં. આ ચીઠ્ઠી અમો અમારી અક્કલ હુંશીઆરીથી જીવ ઠેકાણે રાખી બીન કેફશી લખી આપી છે. આ લખ્યું કબુલ મંજુર છે. આ લખ્યું તે સાત પેઢીના ધર્મ સાથે પાળીએ સહી.

અત્ર ગતુ	તત્ર સાખ
લી શા. ત્રીભોવનદાસ કલ્યાણદાસ ગતુ ઉપર લખ્યા પ્રમાણે સહી દા પોતે.	૧ શા. બકોર મુનદાસ સાખ ધણી બે હજુર.
	૧ શા દામોદર ગોપાળદાસ સાખ ધણી બે હજુર.

પૂરા—બધા

અર્થ

વ્યાજુ ચીઠી—વ્યાજમાં આપવા લખ્યું હોય તે ખત
ટકા—રૂપીઆ
રોકડા—નગદ
વાંધો—હરકત
નાગજોગી—નાગ સહીત—નાગવાર.
દેશપરદેશ—આ દેશ કે બીજે દેશ.
પાળવું—તે પ્રમાણે ચાલવું.

વ્યાજુ ચીઠી શાહજોગ—

(૨૦) સંવત ૧૯૪૫ ના વર્ષે અસાડ શુદી ૮ વાર ગુરૂ શા, માણેકચંદ કપુરચંદ જોગ લી. પા. ગગનલાલ બાપુભાઇ જત રૂ. ૫૦૦૦) અંકે પાંચ હજાર પૂરા રોકડા કલદાર દેવા. અંગ ઉધાર દેવા. એનું વ્યાજ માસ ૧ શત ૧ ટકા ૦॥ લેખે ચઢે. તે ભરી આપું સહી એમાં કશો વાંધો નહીં. આ ચીઠ્ઠી અમો અમારી અક્કલ હુંશીયારીથી રૂપીઆ રોકડા લઇને લખી આપી છે તે બાપના ધર્મ સાથે પાળીએ તે સહી.

અત્ર ગતુ
લી. પા. ગગનલાલ બાપુભાઈ ગતુ
ઉપર લખ્યા પ્રમાણે સહી.

તત્ર સાખ
૧ જોશી. કેશવલાલ હરીભાઈ
સાખ ધણી બે હજુર.
૧ શા. દામોદર ભગવાનદાસ
સાખ ધણી બે હજુર.

ફારગતી.

(૨૧) સંવત ૧૯૪૫ ના વર્ષે શ્રાવણ વદી ૫ વાર બુધ શા. લલ્લુભાઇ લક્ષ્મીદાસ જોગ લી. પા. દેવા હરીભાઇ જત અમારૂં લેણું તમારી પાસે ખાતાની રીતે હતું તે લેણા પેટે આજ રોજ તમોએ રૂ. ૧૫૦) અંકે એકસો પચાસ રૂપીઆ કલદાર આપી પંચના ઠરાવ પ્રમાણે આ રૂપીઆથી તમારો છૂટકો કરવામાં આવ્યો છે–હવેથી આજ દીન પછી તમારી પાસે અમારૂં કોઇ પણ તરેહનું લેવું દેવું નથી. આજથી તમારે અમારે અભરાગ કુલ ન દાવા આ ફારગતી હીસાબ ચુકતો કરી રૂપીઆ રોકડા લેઇ રાજી ખુશીથી લખી આપી છે તે કબુલ મંજુર છે આ લખ્યું, બાપના બોલ સાથે પાળીએ તે સહી.

અત્ર ગતુ	તત્ર સાખ
૧ પા. દેવા હરીભાઇ ગતુ ઉપર લખ્યા પ્રમાણે સહી.	૧ પા. વલ્લવભાઇ ગોવીંદભાઇ સાખ ધણી બે હજુર.
	૧ પા. ઇશ્વરદાસ ગોવીંદભાઇ સાખ ધણી બે હજુર.
	લી. પા મોતીભાઇ ઉમેદભાઇ ધણી બે હજુર લખી છે.

અર્થ.

લેણું—લેણા, અગર માગતા રૂપીઆ. ઠરાવ—મત
કબુલ—મંજુર.
પંચ—પાંચ સારા માણસ
છુટકો—છુટા.
અભરામ કુલ નદાવા—તમામ

રીત—ઉપર લીધે રૂઇથી શબ્દ પણ લખવામાં આવે છે. લેણાનો હવેથી હક ન પહોંચે.

ધર્મપત્રિકા.

(૨૨) સંવત ૧૯૪૫ ના વર્ષે શ્રાવણ વદી ૯ વાર શુક્ર દીને ગોર રણછોડલાલ રામશંકર તત્પિતા દેવશંકર, ગ્નાતે ઓદીચ સહસ્ત્ર બ્રાહ્મણ જોગ લી. પા. હરીભાઇ વીહારીદાસ ગ્નાતે લેવા પાટીદાર જત અમારૂં ઘર નં—૧ કાકરખાડ ગધે નાગરવાડામાંનું પા. ભીખાભાઇ બાવાજીના ઘર પાસેતું તમોને અમારી અક્કલ હુશીયારીથી તથા રાજી રજાવંદીથી શ્રીકૃષ્ણાર્પણ આપ્યું છે તે સૂરજ ચંદ્ર તપે ત્યાં સુધી આપ્યું છે. આ ઘરનો જે લેખ છે તે તમોને આજરોજ આપ્યો છે. તેમાં જે હદ લખી હોય તે પ્રમાણે ભોગવટો કરવો આજ પછી અમારો તથા અમારા વારસનો કશો દર દાવો એ ઘર ઉપર પહોંચે નહીં. આ ધર્મપત્રિકા અમો અમારી અક્કલ હુશીઆરીથી લખી આપી છે તે કબુલ મંજુર છે. આ લખ્યું તે સહી એમાં કશો વાંધો નહીં.

અત્ર ગતુ	તત્ર સાખ
૧ પા. હરીભાઇ વીહારીદાસ ગતુ ઉપર લખ્યા પ્રમાણે સહી.	૧ શા. મકનદાસ મંગળજી સાખ ધણી બે હજુર.
	૧ પા. ગોકળદાસ ભોખણદાસ સાખ ધણી બે હજુર.
	લી. પા. કાશીભાઇ દવારકાંદાસ

ધણી બે હજુર લખ્યું છે.

અર્થ

પારસ—વારસો જેને મળે તે. અગર વંશમાં જે હોય તે.

ગોર—ગુરૂ. પણ હાલમાં પુરોહીતપણું કરનારને ગોર કહે છે.

દરસાવો—કશો દાવો.

તન્પીતા—તેનો બાપ.

કૃષ્ણાર્પણ—ધર્માદા.

બાનાખત.

(૨૬) સંવત ૧૯૪૫ ના વર્ષે અસાડ શુદી ૨ વાર મંગળ પારશાત વીશનગરના રેહવાશી શા. શીવદાસ મથુરાંદાસ જોગ લી. નડીઆદના શા. કશનલાલ રાયચંદ જત તમારો બળદ નં. ૧ રંગે ધોળો મુજડો રૂ ૮૦) અંકે એંશી કલદારે અમોએ રાખ્યો છે તેના બાનામાં રૂ ૧) એક આપ્યો છે તે બળદ અમારે દીન ૧૫ પંદરની અંદર લેઇ જવો જો ન લેઇ જઇએ તો તે બળદ ઉપર અમારો અલાખો નહીં ને ગમે તેને તમે આપો એમાં અમારો કશો હક પહોચે નહીં. ને અમારા બાનાનો રૂપીઓ પાછો લેઇએ ને સહી. ઉપર લખ્યું તે સહી.

અત્ર મતુ	તત્ર સાખ
૧ શા. કશનલાલ રાયચંદ મતુ ઉપર લખ્યા પ્રમાણે સહી.	૧ પા. ઈશ્વર નાથા સાખ ધણી બે હજુર.
	૧ શા. નરોતમ પુંજા સાખ

ધણી બે હજુર.
સી. પા કેશવ ઉજગ ધણી બે
હજુર લખ્યું છે.

અર્થ

બાનાખત—કોઇ પણ જણસ ઢોર, ધાન્ય ધાતુ વીગેરેનુ બાનું આપી તે વસ્તુનો જેટલા દીવસમાં લેવાનો કરાર કર્યો હોય અગર તેમાં જે જે કરારો સમાસાગી ધણીએ કર્યો હોય તે ખતને બાનાખત કહે છે. ને જો તે જણસ ન લઈએ તો લીધેલો બાનામાંનો રૂપીઓ પાછો આપવાનો કરાર કર્યો હોય તો તે પાછો આપવો. જો ન કર્યો હોય તો બાનું લેનારને રૂપીઓ પચે. બાનાનો રૂપીઓ આપતાં પહેલાં આપણા ગનમાં વસ્તુ લેવી કે ન લેવી. અગવા લેઇ જતાં હરકત હોય તો તે વાસ્તે અગર લેઇશ તો ફાયદો થશે કે નુકશાન, એમ જાણી લેવાના ભાવને લીધે રૂપીઓ આપવો અગર જે જે કરાર કરવા હોય તે કરાર વસ્તુ ખરીદતા પહેલાં કરવા તેવી બાબતો બાનાખતમાં લખાય છે.

બાનામાં—ગુણીમાં — અલાખો—દાવો
કશો—કાંઈ — વાંધો—તકરાર.

એક બીજા ખેતરનો મોંબદલો કરવાની રીત.

(૨૪) સંવત ૧૯૪૫ ના વર્ખે અસાડ શુદી ૧૪ વાર ગુરૂ પારસાત એકગાગ વારતે પા. નાગરદાસ કાળીદાસ જોગ સી. પા.

શામળદાસ ટુંકાઇદાસ જત અમારૂં ખેતર કીત્તે પાટવાળું વીઘાં. ૫ નું જરીફ નંબર ૧૦૭૭ વાળું છે. તે તમારા ખેતર નામે કોઠવાળું વીઘાં ૪॥ સાડાચાર વોઘાં સરકારી જરીફ નંબર ૨૦૫૫ સાથે અદલ બદલ કર્યું છે. આજ દીન પછી અમારો કીત્તે પાઠવાળા ઉપર કશો હક પહોંચે નહિ ને તે ખેતરોમાં જે ઝાડ છે તે પણ અદલ બદલ કર્યાં છે. ને સરકારનો વેરો જે પ્રમાણે છે તે પ્રમાણે અમો કોઠ વાળાનો ને તમો પાટવાળાનો ભરો તે સહી. વેરો ભરવામાં કંઇ પણ હરકત કરવી નહી. આ અદલો બદલો અમો અમારી રાજી ખુશીથી ભાન ઠેકાણે લખી આપ્યો છે. તે આપના બોલ સાથે પાળીએ સહી.

અત્ર	મતુ	તત્ર	સાખ.
૧ પા. શામળદાસ ટુંકાઇદાસ સહી દા. પોતે.		૧ પા. દેશાઇભાઇ મથુરભાઇ સાખ ધણી એ હજુર.	
		૧ ભાટ. વૈકુંઠરામ નરસીંહરામ સાખ ધણી એ હજુર.	
		લી. પા. લાલાજી લલુભાઇ ધણી એ હજુર લખ્યું છે.	

અર્થ.

અદલ બદલ—અદલો બદલો.
કીત્તે—નંબર.
વેરો—કર.
જરીફ—માપણી થતી વખતે ખેતરનો પડેલો નંબર.

કંટ્રાકટર.

(૨૫) સંવત ૧૯૪૫ ના શ્રાવણ વદી ૮ વાર ગુરૂ શા. હરગોવનદાસ દ્વારકાંદાસ જોગ લી. શહેર વડોદરાના રહેવાશી, કડીઆ. શામળ

નાથા તથા હીરા બેચર જત અમોએ તમારૂં ઘર નં. ૧ નીચેની વીગત પ્રમાણે તૈયાર કરવાનો કંટ્રાક્ટ રૂ ૩૧૫) બાબાશાઇથી રાખ્યો છે તે સહી એ ઘરના ઉત્તર દક્ષીણના પાયા તથા પછીત છેક ગથાળા સુધી પુરી ચણી આપવી. આ ઘરની ઊંચાઇ ચાર માળથી વધારે નથી તો તે પ્રમાણે પૂરી કરી આપીએ સહી, તથા પરશાળ ઓરડાનાં બડાં પણ કરા પ્રમાણે ઊંચાઇમાં કરી આપીએ સહી. તથા એ ઘરમાં ત્રણ પાણીઆરાં, ટાંકાં, ખીલ્લાં ભરવાનાં હોય ત્યાં ખીલ્લાં, ચોકડીઓ, નળ, રસોડું ચણી આપીએ સહી. તથા તમારા ઘર છો તથા ચુના વતી છોઇ આપીએ સહી. તથા આ ઘરમાં જ્યાં પથ્થરનું કામ કરવામાં આવે તે અમારે કરવું. આ ઘરની લંબાઇ ગજ ૨૮ તથા પહોળાઇ ગજ ૧૩ છે, તે સીવાય વધારે લંબાઈ પહોળાઈનું પાયા ચણતરીનું કામ કરવાના નહીં. ઉપરની વીગત પ્રમાણે અમોએ કંટ્રાક્ટ રાખ્યો છે. સદરહુ ઇમલો ઉઠાવવામાં જે મજુર જોઇએ તે અમારાં છે, ને પખાલીનું ખર્ચ તમારે માથે છે. તથા માટી, ચુનો, પથ્થર, ઇંટો. વીગેરે જે જોઈએ તે તમારે લાવી આપવાં. ને તેનું લવરામણ અમો આપીએ તે સહી. આ ઇમારત અમારે માસ ૫ માં ઉપરની વીગત પ્રમાણે તૈયાર કરી આપવી. જો તેટલી મુદતમાં પૂરી ન કરી આપીએ તો વધારે દીવસોમાં જે મજુર, તણાગણ, પખાલી વીગેરેનું ખર્ચ થાય તે અમો આપીએ સહી. આ કબુલત અમો અમારી રાજી ખુશીથી તથા બીન કેફથી લખી આપી છે. તે કબુલ મંજુર છે—

અત્ર	મતુ	તત્ર	સાખ
૧ કડીઆ શામળ નાથા	સહી	૧ પરી. દેવચંદ હીરાચંદ	સાખ

દા. પોતે.

૧ કડીઆ. હીરા બેચર સહી. પોતે.

ધણી એ હજુર.

૧ પા. વીઠલદાસ ધનજીભાઇ સાખ ધણી એ હજુર.

લી. શા. હસમુખરામ ગુલાબચંદ ધણી એ હજુર લખ્યું છે.

કુંભ્રાકર—ઇમાગે. ઇમલો—ઇમારત. પરથાર—થેપ.

ખાલ્લાં—બારીઓ વચ્ચેની ખાલી જગો ઇંટે ચણી લેવી તે.

પાણીઆરા—પાણી મૂકવાની જગો, ટાંકુ—ભોંયમાં પાણી ભરી મુકવાની કુઇ જેવી કરેલી ખાલી જગો.

વારસનામું.

(૨૬) સંવત ૧૯૪૫ ના વર્ષે શ્રાવણ વદી ૯ વાર શનેઉ શા. દામોદર ગોપાળદાસ તથા પોતા હરીકશનદાસ જ્ઞાતે દશા શ્રીમાળી વાણીઆ ધંધો નાણાવટીનો જોગ લી. બાઇ ગંગા શા. ગોકળદાસ હરીકશનદાસની, ધણીઆણી જ્ઞાતે દશા શ્રીમાળી વાણીઆણ જત હું મારી અકલ હુશીઆરીથી કબુલ કરૂં છું કે, જે મારે કોઇ છોકરૂં નથી માટે તમો અમારા ભત્રીજા છો તેથી અમોએ તમને અમારા વારસ કર્યા છે. માટે તમોને અમારૂં ઘર જે ત્રણ દરવાજા પાસે મહુરત પોળમાં શા. છગનલાલ રવચંદની પાસે છે તે તથા તેની સામું પરી. અંબાઇદાસ ખુશાલદાસના ઘરની પાસેનું એ રીતે ઘર નં. ૨ બે તે તથા ઘરેણુંગાંઠું તથા લુગડાંલત્તાં તથા દાણોદુણી તથા રાચ રચીલું તથા ચીઠાપત્રી તથા ઠામ ઠીકરાં તથા જેટલી

મારા ધણીની માલમીલકત તથા લેણું દેણું તથા મારી મીલકત છે તે બધી તમોને સોંપીને આજથી તમોને વારસ કર્યા છે. તમારે અમોને જીવતાં સુધી પાળવા. ને મુએથી આગારૂ ઉત્તર સાધન સારી રીતે કરી દેવલોક પહોંચાડવા. તેવા કરારથી અમે આગારી રાજી ખુશીથી તથા અકલ હુશીઆરીથી આ વારસનામું લખ્યું છે. આ લખ્યાથી ફરે કે પોતાના બાપદાદાના ધર્મથી ફરે આ લખ્યું તે સહી.

અત્ર ગતુ	તત્ર સાખ.
૧ બાઇ ગંગાશા ગોકળદાશ હરીકશનદાસની વીધવા ભાર્જાનું ગતુ ઉપર લખ્યા પ્રમાણે સહી દા. પોતાના.	૧ પા. કુબેર નથુ સાખ ધણી બે હજુર. ૧ શા. ગોપાળ દલશા સાખ ધણી બે હજુર. લી. લલ્લુ પરસોતમ ધણી સર્વે હજુર લખ્યું છે.

અર્થ

વારસનામુ—વારસ કર્યાનો લેખ. આગર દત્તક લીધાનો લેખ.

નાણાવટી—પરીખનો ધંધો કરનાર.

કરાર—બંદોબસ્ત.

ન્નાતે—ન્યાતે.

કબુલ—મંજુર.

દેવલોક—સ્વર્ગ.

ધણી—વર,

ઉત્તર સાધન—દહાડો પાણી એટલે મુઆ પછી માસીઓ. છમશ્રી. વરસી. વગેરે કરી વરો કરવો તે.

માલનો કબાલો.

સંવત ૧૯૪૫ ના વર્ષે અસાડ વદી ૫ વાર રવી શા. માણેકનું

ચંદ. હીરાચંદ રહેવાસી સુરત બંદરના. જોગ લી. અમદાવાદના રહેનાર શા. છગનલાલ ત્રીકમદાસ. જત તમારો અમોએ શાળુ નંગ ૧ એક રૂ. ૧૦૦) અંકે સો કલદારનો રાખ્યો છે. તેનું સેંકડે ટકા ૩ પ્રમાણે વળતર જતાં બાકીના રૂ. ૯૭) અંકે સત્તાણું કલદાર રહ્યા તે આજ દીનથી એક મહિને આપવા, ને વાયદો વીતે તો માસ ૧ દોકડો ૦ાા લેખે વ્યાજ આપીએ એ સહી.

અત્ર મતુ	તત્ર સાખ.
૧ શા. છગનલાલ ત્રીકમદાસ સહી દા. પોતે.	૧ શા. કુબેર નથુ સાખ ધણી એ હજુર.
	૧ શા. ગોકળ મથુર સાખ ધણી એ હજુર.

અર્થ.

કબાલો—માલ લીધાનો લેખ. વળતર—કમીશન.

વાયદો—મુદત.

માલ લેનાર માલીકના હાથ દસ્કત.

પા. વનમાળીદાસ નથુભાઈ ગામ ભરૂચવાળાનું ખાતુ સંવત ૧૯૪૫.

જ	ઉ
૨૦૦) અસાડ વદી ૧૧ વાર શની ૨૦૦) રોકડા કલદાર હસ્તે પોતે.	૮૧૦) અસાડ વદી ૧૧ વાર શનેઉ. ૫૦૦) તમાકુ મણુ ૧૦૦ દર મણુ એકના રૂ. ૫) લેખે.

૨૦૦) મજી ઘોળીઆ મણુ
૧૦૦ દર મણુના રૂ.
૨) લેખે.
૧૦૦ જાર મણુ ૧૦૦ દર
મણુના રૂ. ૧) લેખે.
૧૦ દલાલીના દર સેંકડે
રૂપીઆ સવા પ્રમાણે.
ઉપર પ્રમાણે રૂ. ૮૧૦)
અંકે આઠસેંને દશ બાબા-
શાઇના માલ અમોએ ખરીદ
કર્યો છે તેને પેટે રૂ. ૨૦૦)
અંકે બસેં બાબાશાઇ આ-
પ્યા છે તે જતાં બાકીના
રૂ. ૬૧૦) અંકે છસેંને દશ
બાબાશાઇ માસ બેએ આ-
પવા. મુદત વીતે દર સેંકડે
માસ એક કે ૦ાા‒ દશ આ-
ના લેખે વ્યાજ આપીએ તે
સહી.

દા. પા. વનમાળીદાસ નથુ-
ભાઇની સહી દા. પોતે.

કબુલત.

શ્રી કડવા કણબીના પાટણવાડાના પંચ સમસ્ત. જોગ લી.

ગામ ઉંઆના રહેવાશી. પા. કીશોર નથુ તથા બેચર ગોપાળ તથા ત્રીકમ વાંસરાજ. જત અમો ત્રણ જણ કબુલત પંચની સમક્ષ લખી આપીએ છીએ કે ગામ ચાણસમાના પા. નાથા નારણની છોડી નામે કંકુ ધણી હયાતે અમારા ગામમાં પા. વનસા ભુદરને ત્યાં નાતરે આવેલી છે, તે આપણી ન્યાતના ઠરાવ પ્રમાણે તેના પરણુત ધણીને ત્યાં પાછી સોંપવી. તે પ્રમાણે અમો તેના ધણી કીશોર ગોપાળને ત્યાં દીન ૧૫ પંદરની અંદર સોંપવી જો ન સોંપીએ તો પંચના ઠરાવ પ્રમાણે જે દંડ અગર શીક્ષા થાય તે ભોગવવાને અમો તૈયાર છીએ તે સહી. સંવત ૧૯૪૫ના શ્રાવણ વદી ૮ વાર શુક્ર.

૧ પા. કીશોર નથુ સહી દા. પોતે.
૧ પા. ત્રીકમ વાંસરાજ સહી દા. પોતે.
૧ પા. બેચર ગોપાળ સહી દા. પોતે.

જામીન ખત (જમાની ખત).

સંવત ૧૯૪૫ ના વર્ષે ભાદરવા શુદી ૧ વાર ગુરૂ. શા. લક્ષ્મીચંદ દીપચંદ જોગ લી. પા. શીવાભાઇ ગોકળદાસ જત રૂ. ૨૦૦) અંકે બસેં કલદાર શીકકાના આજ રોજ અમોએ લીધા છે તેનું બ્યાજ માસ—૧ શત ૧ એક ટકા ૦॥। લેખે બધા ચઢે. મજમલે માસ એકના દોકડા ૧૫૦) અંક દોઢસો પૂરા ચઢે. આ રૂપીઆના જમાનદાર શા. ફુલચંદ રાયચંદ છે તે ઘર ઘરાઉ આપે. જાત મીલકત વેચીને આ રૂપીઆ બ્યાજ તથા મુડી સાથે પુરા કરી આપે તે સહી. આ લખ્યું તે સહી.

અત્ર મતુ	તત્ર સાખ.
૧ પા. શીવાભાઈ ગોકળદાસ મતુ ઉપર લખ્યાપ્રમાણેસહી. તથા જગાનીદાર શા ફુલચંદ રાયચંદ સહી દા. પોતે.	૧ પા. ચુનીલાલ સામળદાસ સાખ ધણી બે હજુર.
	૧ પા. ખોડીદાસ ભગવાનદાસ સાખ ધણી બે હજુર.
	લી. શા. લક્ષ્મીચંદ રાયચંદ ધણી બે હજુર લખ્યું છે.

અર્થ.

ઘરઘરાઉ—પોતાના ઘરથી. મીલકત—પૈસો.
જાત—પોતાની. જમાન—ખોળાધર.

દેશાવરની પહોંચ.

સ્વસ્તિશ્રી અમદાવાદ મહાશુભસ્થાને પુજ્યારાધ્યે અનેક સરવે શુભોપમા લાયક પરીખ શ્રી પંચ પરી. છગનલાલ રવચંદ જોગ શ્રી મુંબાઈબંદરથી લી. શા. ગોકળદાસ ભીખારીદાસના જેગોપાળ વાંચજો. તમારી ભલાઇના કાગળ આવ્યા તે વાંચી સર્વે સમાચાર જાણ્યા. બીજું અમોએ રૂ. ૧૦૫૦) આંકે એક હજારને પચાસ રૂપીઆ કલદાર શેઠ. રૂસ્તમજી અબદુલજી પાસેથી લીધા છે તેની આ પહોંચ લખી આપી છે તે અમારે ખાતે ઉધારજો.
મીતી સંવત ૧૯૪૫ ના શ્રાવણ સુદી ૫ વાર બુધ.

લી. શા. ગોકળદાસ ભીખારીદાસના જે ગોપાળ વાંચજો.

પહોંચ અગર પાવતી.

સંવત ૧૯૪૫ ના વર્ષે ભાદરવા સુદી ૧ વાર શુક્ર શા. ગુલા-

બચંદ વખતચંદ જોગ લી. પા. નાથાભાઈ મથુરભાઇ જત તમોએ મારા માગતા પેટે રૂ ૫૦) અંકે પચાસ કલદાર આપ્યા તે બરી-પુરી પામ્યો છું તે બદલની આ પાવતી લખી આપી છે તે કબુલ મંજુર છે.

અત્ર મતુ	તત્ર સાખ
૧ પા. નાથાભાઇ મથુરભાઇ સહી દા. પોતે.	૧ શા. કલ્યાણદાસ નથુભાઈની સાખ ધણી બેહજુર.
	૧ પા. મનોર નારણદાસની સાખ ધણી બેહજુર.

અર્થ.

પહોંચ—જણુસ અગર રૂપીઆ આપણને પોચ્યા બદલ જે કબુલત લખી આપવી તેને પહોંચ અગર પાવતી કહે છે.

માગતા—લેણા. પેટે—માં.

નોટીસ.

પા. મનોરભાઇ નારણદાસ જત તમોને આ નોટીસથી ખબર આપવામાં આવે છે કે તમો સંવત ૧૯૪૪ ના અસાડ વદી ૨ ના રોજે રૂ. ૧૭૫ અંકે પોણાબસેં કલદાર શીકકાના ખાતું પાડી લેઇ ગયેલા તેનું વ્યાજ દર સેંકડે ૦||= દશ આના પ્રમાણે કરેલું તેનો હીસાબ કરી ફેરખાતુ પાડવા ઘણીવાર કહ્યા છતાં આવી હીસાબ કરી જતા નથી. માટે આ નોટીસ પહોંચેથી દીન ૧૫ પંદરની અંદર તમારે આગારા જે રૂપીઆ આજ દીન સુધી વ્યાજ સુધ્ધાંત થાય તે આપી જવા. જો ઉપરની મુદત સુધીમાં તમો મારા લેણા બાબતનો નીકાલ નહિ કરો તો આજદીનથી તમારી પા-

સેથી દોઢ દોકડા લેખે વ્યાજ દીવાળીબાકી લેવામાં આવસે. અગર દીવાની કોરટમાં જઈ દાવો બાંધી લેવામાં આવશે. માટે જે નજરમાં આવે તેમ કરી આ રૂપીઆનો ફેંસલો કરવો. તારીખ ૨૧—૭—૮૮ લી૰ પા. લાલાજી લલુભાઇ સહી દા. પોતે.

અર્થ.

નીકાલ—ફેંસલો. તોડ.
મુદત—વાયદો.
નોટીસ—ખબર આપવાનો કાગળ.
દીવાળી બાકી—વ્યાજનું વ્યાજ લેવું તેવા વ્યાજ ને દીવાળી બાકી રહેછે

સમજુત.

આ નોટીસ ટપાલ મારફતે રજીષ્ટર કરાવી અપાય છે. અગર વર્તમાન પત્રમાં અપાય છે.

કંકોત્રી.

સ્વસ્તિ શ્રી મુંબાઇ બંદરે મહાસુભસ્થાને પૂજ્યારાધે—અનેક સરવેશુભોપમાલાયક પરી. શ્રીપંચ પરી.હરગોવનદાસ દવારકાંદાસ. ચરણાનશ્રી સુરતબંદરથી લી. શા. છગનલાલ અમુલખરામના જેગોપાળ વાંચજો બીજું લખવા કારણ એ છે જે ચી: ચીમનલાલનું શુભલગ્ન વૈશાખ વદી ૩ વાર શુક્રનું નીરધાર્યું છે. તે ઉપર સાથ સરવેને તેડી વહેલા પધારજો, તમો આવેથી મંડપની શોભા રૂડી દીસસે. સંવત ૧૯૪૫ ના ચૈત્રવદી ૧૧ વાર ગુરૂ દા. શીવલાલ છગનલાલ.

અર્થ.

કંકોત્રી—લગનના વખતમાં સગાં વહાલાં અગર મીત્રને આવવાના કાગળ.
નિરધાર્યું—નક્કી કર્યું.
દીસસે—દેખાશે.
રૂડી—સારી.

મંડપ—ગાંડવો. સાથ કુટુંબ.
પધારજો—આવજો. ચરણાનશ્રી—એતાનશ્રી.

વીવાહપત્રી.

શ્રીગણેશાયનમઃ સંવત ૧૯૪૫ ના વર્ષે ચૈતર વદી ૧૦ વાર બુધ શા. છગનલાલ અમુલખ જોગ લી. પરી. હરગોવનદાસ વીહારીદાસ જત અગારી દીકરી કમળા વેરે તમારા દીકરા ચીમનલાલની સગાઇ કરી છે તેના પૈઠણુ પલ્લાની વીગત નીચે પ્રમાણે.

૧૧) અંકે અગીયાર રૂપીઆ પ્રથમ ચાંલ્લાના.

૨૦૧) અંકે બસેંને એક રૂપીઆ પૈઠણના.

૨૫૧ અંકે બસેંને એકાવન રૂપીઆ પલ્લાના અગર વસંતના

૫૧) અંકે એકાવન રૂપીઆ લુગડાના વરને.

રૂ ૫૧૪)

ઉપરના વીગતે લગ્ન નક્કી કર્યું છે તે સહી. કન્યાને લુગડાં તથા ઘરેણું અમારે કરવું. પલ્લાના રૂપીઆ અગારી તથા તમારી નજરમાં આવે ત્યાં મુકવા તે સહી.

અત્ર ગતુ	તત્ર શાખ
પરી. હરગોવનદાસ વીહારીદાસ સહી દા. પોતે	૧ શા. રણછોડ દયાળ સાખ ધણી બે હજુર
	૧ પરી. દામોદર ગોપાળ સાખ ધણી બે હજુર
	લી. ભટ્ટ. લજ્જારામ તુલજારામ ધણી બે હજુર લખ્યું છે.

સૂચના.

વીવાહીપત્રીમાં પણ જગણુવારનું ખર્ચ તથા કન્યાને જે ઘરેણું વરના બાપને કરવાનું હોય તો તે લખે છે. જે જે ન્યાતોમાં જે જે રીવાજ હોય તે પ્રમાણે લખવામાં આવે છે.

અર્થ.

ગણેશાયનમઃ—ગણુપતીને નમસ્કાર. પૈઠણુ—પહેરામણી.
વીવાહ—સગાઈ કન્યા—પરણ્યા વગરની દીકરી.
ચાંલ્લો—કન્યા આપ્યા પહેલાં વરને બાના દાખલ પ્રથમ રૂપીઆ આપવો તે. પલ્લુ—કન્યાને માટે અવેજ.
વિગત—બાબત.
લૂગડાં—વસ્ત્ર. લગ્ન—વીવાહ.

માઠી ખબરનો કાગળ.

સ્વસ્તિ શ્રી મુંબાઇ બંદરે મહા શુભસ્થાને પુન્યારાધે પરી. દામોદર કેશવલાલ જોગ શ્રી વડોદરેથી લી. પરી. હરીલાલ મનોરદાસના જેગોપાળ વાંચજો જત લખવા કારણ એ છે જે અમારી માતુશ્રી ભાદરવા વદી ૬ વાર બુધે દેવલોક પામ્યાં છે એ ઘણી માઠી વાત થઇ છે પણ એ વાતનો શો ઉપાય. સુખ દુઃખ જે માણસને માથે પડે તે ઇશ્વર ઉપર ભરોંસો રાખી સહેવું જોઇએ. સંવત ૧૯૪૫ ના ભાદરવા વદી ૭ વાર ગુરૂ.

અર્થ

માઠી—નઠારી, ખોટી. દેવલોક—સ્વર્ગ.

ખબર—સમાચાર.

મેસો—માઠો. આને ચરોતરમાં ચીઠી કહે છે ને બીજે ઠેકાણે ગુજરાતમાં કાળોતરી કહે છે.

શો—કીયો.

ભરોંસો—વીશ્વાસ, ભાવ, શ્રધા.

સહેવું—ખમી રહેવું.

ઇશ્વર—મોટો ધણી.

દુઃખ—પીડા.

સંવત—વીક્રમનો શક.

વદી—અંધારા પખવાડીઆને વદી કહે છે. અગર કૃષ્ણપક્ષ.

ભલામણપત્ર.

સ્વસ્તિ શ્રી અમદાવાદ મહાશુભસ્થાને પુજ્યારાધે અનેક સરવે શુભોપમા લાયક પરી. કશનદાસ કાળીદાસ જોગ શ્રી વડોદરેથી લી. શા હરીદાસ બીહારીદાસના જેગોપાળ વાંચજો. બીજુ શેઠજી લખવાનું કે અત્રેથી અમારા ભાઈના દીકરો શીવલાલ નોકરી લેવા સારૂ આવેલો છે. તે અમારી ખાત્રીનું માણસ છે. તે સ્વભાવે ચંચળ ને હોંશીઆર છે તો તેનું હરકોઈ ઠેકાણે રૂ. ૧૦ માં ઠેકાણું પાડજો; આ કામ અમારૂ છે તેવું જાણીને કરશોજ એવી આશા છે. એજ કાગકાજ લખશો. જોઇતું કરતુ મંગાવશો. મીતી સંવત ૧૯૪૫ ના ભાદરવા શુદી ૩ વાર ગુરૂ દા. શા. હરીદાસ બીહારીદાસ.

કરારપત્ર.

સંવત ૧૯૪૫ના વર્ખે અસાડ શુદી ૧૦ વાર ગુરૂ દીને પા. ગોકળદાસ જુગારીદાસ તથા પા. હાથીભાઇ મથુરભાઇ જત આપણ બંનેએ આજથી અમદાવાદમાં કાપડની દુકાન ઘાલી છે તેમાં નીચે પ્રમાણે આપણા બેના ભાગ ઠરાવ્યા છે.

Ill= દશ આના પા. ગોકળદાસ જુગારીદાસનો.

oI— પાંચ આના પા. હાથીભાઇ મથુરભાઇનો.

o)— ધર્માદા.

ઉપર પ્રમાણે આપણા દરેકના ભાગ છે. હવે દીવાળીએ હીસાબ કરી જે નફો અગર ખોટ જાય તે ભાગ પ્રમાણે વહેંચી લઈએ સહી. ને ધર્માદાનો ભાગ નફો ઉપજેછે. આપણા બેઉમાંથી કોઈએ દુકાનમાં ગફલકત કરવી નહીં. જે કરે તેને વચ્ચમાં શ્રીઅંબાજી માતા છે. કદાપી કોઇ કરે ને તે એક બીજાના જાણવામાં આવતાં તે ખરી માલુમ પડે તો તેથી પાંચ ગણી કીમત આપે ને સહી. ઉધરાણી કરવાની બેહુ જણને માથે છે. દુકાનનું ભાડું, પરચુરણ ખરચ વીગેરે તમામ જાતનો ખરચ ભાગ પ્રમાણે છે. આ શીવાય બીજા કોઇ પણ બેપારમાં આપણા બેનો ભાગ નથી. આ લખ્યું તે સહી.

પા. ગોકળદાસ જુગારીદાસ મતુ મતુ ઉપર લખ્યા પ્રમાણે સહી	૧ પા. શીવા નથુ સાખ ધણી બે હજુર.
પા. હાથીભાઇ મથુરભાઇ સહી દા. પોતાના	૧ પા. મથુર વેણીદાસ સાખ ધણી બે હજુર.
	૧ લી. શા. કીશોર નથુ સાખ ધણી બે હજુર.

અર્થ.

ભાગ—

ઉધરાણી—ઉધારે આપેલા માલના પૈસા.

દુકાન—હાટ. પેઢી

કીંમત—મુલ્ય.

કરારપત્ર—કબુલતપત્ર.

ધર્માદા—પૂન્ય ખાતે

સરટીફીકેટ.

સરટીફીકેટ આપવામાં આવેછે કે છગનલાલ ત્રીકમદાસે અત્રેની સરકારી ગુજરાતી નિશાળમાં ત્રણ વર્ષ રહી છઠા ધોરણ સુધી અભ્યાસ કરેલો છે તે ગણીત તથા દેશીહીસાબમાં ઘણો હોંશીઆર છે અને બીજા વિષયોમાં ઠીક છે, બુદ્ધિ સાધારણ છે, ભરોંસો છે કે જે વર્ગમાં રહેશે તે વર્ગમાં પાસ થવાને મહેનત કરશે. તારીખ ૧૦ માહે જુલાઈ સન ૧૮૮૫.

ગણીલાલ છગનલાલ

હેડ માસ્તર તાલુકાસ્કુલ કપડવણજ.

સર્ટીફીકેટ.

આપવામાં આવેછે કે મંગળભાઈ તુળશીદાસ જાતે લેવા પાટીદાર ઉમ્મર વર્ષ ૨૦ ની રહેવાશી ધરમજનાએ મારા હાથ નીચે ત્રણ વર્ષ સુધી એકનિષ્ટાથી નોકરી કરી તેના કરેલી નોકરીથી હું સંતોષ પામેલો છું. એ શિખવવાના કામમાં અનુભવી ને પદ્ધતિસર શીખવનાર છે તેની ચાલચલગત ઘણી સારી, ધીરજવાન, હોંશીઆર, ચંચળ ને મહેનતુ છે તેમ દફતરીકામમાં પુર્ણ વાકેફગાર છે તો આશા છે કે મને જેમ અત્રે સારૂં કામ કરી સંતોષ પમાડેલો છે તેવીજ રીતે સર્વ જગોએ ઉપરી અધીકારી સાથે સારી વર્તણુક ચાલી સંતોષ પમાડશો એવી આશા છે તા. ૧૧ માહે સપ્ટેમ્બર સન ૧૮૮૫.

છગનલાલ ત્રીકમદાસ

હેડ માસ્તર તાલુકાસ્કુલ વીશનગર.

સર્ટીફીકેટ.

શા. હરીદાસ ગોપાળદાસ જ્ઞાતે દશાશ્રીમાળી વાણીઆ ઉમ્મર વર્ષ ૫૦ રહેવાશી અમદાવાદનો, એ ધણીએ મારી દુકાને ૨૦ વર્ષ સુધી રૂ૩૦૦)થી એક નિષ્ટાથી નિષ્કપટે મુનીમગીરીની નોકરી કરી તેથી હું જાણું છું કે એ વેપાર વણજના કામમાં માહેર લેવડદેવડમાં વ્યાજબી રીતે ચાલનાર, અને સર્વ કામમાં ઇતબાર રાખવા લાયક માણસ છે. તેમ ખબરદાસ ને હોંશીઆર છે. સદરહુ સખસે ઘણાં વર્ષ પરદેશમાં નોકરી કરતાં થયાં એટલે પોતાના વતનમાં જવાની ખુશી હોવાથી ખુશીથી નોકરી છોડી છે. સંવત ૧૯૪૫ ના મહાશુદી ૧૪ વાર ગુરૂ.

પરી. ગોપાળરાવ મલ્હાર.

મુ૦ મુંબઇ.

ચાકરનો બંદોબસ્ત.

સંવત ૧૯૪૫ ના વર્ખે કારતક શુદી ૧ વાર ગુરૂ શા. લક્ષ્મીચંદ દીપચંદ જોગ લી. પા. ભીખા ગોપાળ જત કે તમારે ત્યાં સંવત ૧૯૪૫ ના કારતક શુદી ૪ થી ચાકર રહેલો છું. ચાકરીની બોલી દર મહીને રૂ ૫) પાંચ શીકકાઈ તથા ખાવું પીવું તથા લુગડાં લત્તાં તમારે આપવાં. તમારે ત્યાં મારે ઘરમાં પાણી ભરવું. વાસણ કુસણ માંજવાં. પુંજો વાસીદું કરવું. ફેરો ફાંટો કરવો. ધોતીઆં ધોઇ લાવવાં. ગાડી બળદની સંભાળ રાખવી. તમે જ્યાં જાઓ ત્યાં કહો તો સાથે આવવું વીગેરે જે કહો તે કરવુ. કદાપી મારે નોકરી

છોડવી હોય તો તમારી રજા સીવાય મારાથી છોડાય નહિં ને તમને કહ્યા વીના જવાય નહિં. એવી કબુલતથી તમારે ત્યાં ચાકર રહ્યો છું. દા. શા. વીરચંદ માણેકચંદ.

પા. ભીખા ગોપાળ સહી દા. પોતે.

ગુમાસ્તાનો બંદોબસ્ત.

પરી. મગનલાલ બાપુભાઇ જોગ લી. શા. રાજારામ તારાચંદ જત હું આજ દીનથી તમારી દુકાને ગુમારતો રહેલો છું ને મારૂ વર્ષાસન રૂ ૧૦૦) અંકે સો કલદારનું કર્યું છે એવી બોલીથી જે મારે કોઇ પણ જાતનો સટ્ટો અગર વાયદાનો વેપાર કરવો નહિ અથવા તમારે નાણે મારે પોતાનો ખાનગી વેપાર કરવો નહી ફકત તમારી ગુમારતી મળે તેટલામાં હું સંતોષ માનીને એક નિષ્ટાથી નોકરી કરીશ. સરસુખડી વીગેરે જે કાંઇ મળે તે મારી. ઉપર લખ્યા પ્રમાણે સહી સંવત ૧૯૪૫ ના માહાશુદી ૧૫ વાર શુક્ર.

શા. રાજારામ તારાચંદ સહી દા. પોતે.

અર્થ.

ગુમાસ્તા—વાણોતર.

સરસુખડી—દીવાળી ઉપર ગુમાસ્તાને અગર બીજા શેઠીઆ સામાસામી ગુમાસ્તાને ઇનામ દાખલ રૂપીઆ આપે છે તે.	વર્ષાસન—એક વર્ષના માટે ઉચ્ચક રૂપીઆ આપવા.

વસીયતનામું.

સંવત ૧૯૪૫ ના વર્ષે અસાડ શુદી ૨ વાર ગુરૂને રોજ હું પા.

રેવનદાસ અંબાઇદાસ ન્યાતે મોઢ વાણીઆ ઉમ્મર વર્ષ ૫૭ ની રહેવાશી મુંબાઈ બંદરનો. આ દેહ ક્ષણભંગુર છે તેમ જાણી આગળથી વસીયતનામું નીચે મુજબ કરી મુકું છે તે એવી મતલબથી કે મારી પાછળ મારી સ્ત્રીઓમાં તકરાર ન પડે માટે મારી મીલકતનો આંકડો આજ રોજ નીચેની વીગત મુજબ છે.

૧૩૦૦૦) અંકે તેર હજાર કલદાર સીલકમાં રોકડા છે.

૫૦૦૦) અંકે પાંચ હજાર બાબાશાઇ સીલકમાં રોકડા છે.

૧૦૦૦૦) અંકે દશ હજારનું ઘર એક હાલ અમો રહીએ છીએ તે.

૨૦૦૦) અંકે બે હજારનું ઘર ભીમસરાપની ચાલીમાંનું પરી. મગનલાલ બાપુભાઇની પાસેનું.

૨૦૦૦૦૦) સરકારી નોટો પાંચ ટકા વ્યાજની મુંબાઇ બેંકમાં છે તે બે લાખ કલદાર રૂપીઆની.

૧૭૫૦૦૦) દુકાન ખાતે વેપારની મુડી અંકે એક લાખ પંચોતેર હજાર રૂપીઆ કલદાર તેનો હિસાબ કીતાબ ચોપડામાં છે.

૧૦૦૦૦ ઘરેણું મારી જાતનું.

૨૦૦૦) ઘરનો સામાન વાસણકુસણ વીગેરે જંગમ મીલકત.

૩૦૦) ઘોડો નંગ ૧

૪૦૦) બે બગીઓ.

૪૧૭૭૦૦

ઉપર પ્રમાણે મારી સર્વ પુંજી રૂ ૪૧૭૭૦૦) અંકે ચાર લાખ સતર સાતસેં રૂપીઆની છે તેની વ્યવસ્થા નીચે મુજબ કરૂં છું. જે મારા ભાઈનો દીકરો રણછોડદાસ છે તેની સલાહ લેઇ મારો

મુન્યમ શા.કપુરચંદ લહેરચંદ દુકાનનું તથા ઘરનું કામ ચલાવે તથા હરકોઇ પ્રસંગે નાના અગર મોટામાં ચાર સારા સદગૃહસ્થો જે પા. હરીભાઈ વીહારીદાસ અમીન તથા મગનલાલ બાપુભાઈ તથા દેવચંદ સરૂપચંદ તથા લોલાધર તુળશીદાસ એ ચાર સમજુ છે ને મારો એમના ઉપર પુર્ણ ભરોસો છે તે જાણી પંચ ઠરાવી તે કામ ચલાવે અને જ્યારે મારો દીકરો એક શીવલાલ હાલ ચાર વર્ષનો છે તે મોટો થાય ત્યાં સુધી તે કામ ચલાવે અને જ્યારે અઢાર કે વીશ વર્ષનો થાય ત્યારે તેને તમામ ઘરનો તથા દુકાન વગેરેનો કારભાર સોંપવો. કદાપી ઇશ્વરેચ્છાથી મારી હયાતી સુધીમાં કંઇ સંતાન થાય ને જો તે પુત્ર હોય તો તેને અર્ધો અર્ધ ભાગ જ્યારે તેની ઉમ્મર ૨૦ વરસની થાય ત્યારે આપવો ને દીકરી થાય ત્યારે તેને રૂ. ૨૫૦૦૦ પચીસ હજાર રૂપીઆ તેના વીવા ખર્ચ વગેરેના કામમાં વાપરવા. કદી મારી કજા રજા થાય તો નીચે મુજબ ખર્ચ કરવો.

રૂ ૫૦૦૦) ઉત્તર કીયા કરવામાં.

રૂ ૨૦૦૦) પચના સદા વ્રતમાં

રૂ ૪૦૦૦) છોકરાઓ તથા છોડીઓની નીશાળ ખાતે અર્ધો અર્ધ આપવા. ને તેના વ્યાજ માંથી દર વર્ષે દરેક વર્ગમાં ઉપલા નંબરે પાસ થાય તેને વહેચણના પ્રમાણમાં ઇનામ આપવું.

રૂ ૧૦૦૦) પુસ્તક શાળામાં.

રૂ ૫૦૦૦) મારી બેન કમળાને આપવા.

રૂ ૨૦૦૦) એક મહાદેવનું દેવળ બંધાવવું.

રૂ ૫૦૦૦) એક કુવો કરાવવો.

રૂ ૫૦૦) ગુમાસ્તા, ચાકર, દાશી વગેરે ચાકરી બદલે જેને
જેમ ઘટે તેમ આપવા.

૨૦૦૦૯)

દર વર્ષે નીચે વીગત પ્રમાણે ખર્ચ કરવો.

રૂ ૨૦૦૦) ભોજન ખર્ચંગાં હર વરસે છોકરાની ગાને આપવા.
રૂ ૩૦૦) મુન્યમને આપવા.
રૂ ૧૫૦) બીજા ગુમારતાને આપવા.
રૂ ૧૦૦) ત્રીજા ગુમાસ્તાને આપવા.
રૂ ૭૫) ચોથા ગુમાસ્તાને આપવા.
રૂ ૫૦) પાંચમા ગુમાસ્તાને આપવા.
રૂ ૧૦૦) ચાર ચાકરોના પગારના આપવા.
રૂ ૧૦૦) ઘોડાના ખર્ચને માટે આપવા.
રૂ ૨૦૦) બળદના તથા ગાડી ખર્ચના આપવા.
રૂ ૨૫) હુંડીને આપવા.

૩૧૦૦

ઉપર સર્વે હકીકત લખ્યા પ્રમાણે મારી વરસો વરસની આ-શરે ત્રીશ હજારની પેદાશ થાય તેમાંથી ઉપર જણાવ્યા મુજબ રૂ ૩૧૦૦)નો દર વર્ષે ખર્ચ કરવો એથી વધારો ન થવો જોઈએ અને ઉપર લખેલી મીલકત મારી દુકાનના મુનીમ શા. લક્ષ્મીચંદ દીપચંદ છે તે પુખ્ત ને ડાહ્યા ને ભરોંસા લાયક છે તેના તથા ગા-

રી સ્ત્રીના કબજામાં રહેશે ને વરસો વરસનો હીસાબ ચોખ્ખો રાખી ઉપર ઠરાવેલા પંચોને દેખાડે તે ઉપર તેમની તથા મારા ભાઇના છોકરા રણછોડદાસની સહી લેવી ને મારો દીકરો જ્યારે મોટી ઉમ્મરનો થાય ત્યારે તેને તમામ મીલકત સોંપવી.

પા. રેવનદાસ અંબાઈદાસની સહી દા. પોતે,

અર્થ.

વસીયતનામું—મરતા અગાઉ મીલકતની વહેંચણનો દસ્તાવેજ.
પંચ—સારા પાંચ માણસો.

રીપોર્ટ.

મેહેરબાન રાવબાહાદુર મુંબાઇ ઇલાકાના ડાયરેકટર ઓફ પબ્લીક ઈનસ્ટ્રકશન સાહેબ બાહાદુર.

મુ. સ્વારી.

સેવામાં ઠરબે જંબુસર જીલ્લે ભરૂચના રહીશ ઉમેદવાર મોહનલાલ ગવરીશંકરની ઘણીજ નમ્રતા પૂર્વક સલામ સાથે વિનંતી કે—હું કસ્બે જંબુસરની સરકારી ગુજરાતી સ્કુલમાં અભ્યાસ કરી છઠ્ઠા ધોરણમાં પાસ થયેલો છું તે બદલના સર્ટીફીકેટની નકલ આ સાથે સામેલ કરી મોકલી છે તે સાહેબ બાહાદૂરને રોશન થતાં મને કેળવણી ખાતામાં હરકોઈ ઠેકાણે રૂ ૧૦) દશ કલદારની જગો આપવા આપ ખુદાવંત મેહેરબાની કરશો—મારી ચાલ ચલકત વિષે અત્રેના મેહેરબાન હેડમાસ્તર સાહેબના આપેલા નીચેના અભીપ્રાય ઉ-

પરથી ખાત્રી થશે તો તાબેદાર સેવકને આશા છે કે હરકોઇ ઠેકાણે જગો આપશો એજ વીનંતી. તા. ૨–૩–૯૦

તાબેદાર સેવક૦
મોહનલાલ ગવરીશંકર સહી.

હુંડી બાબત થોડી સમજુ.

પરદેશની અંદર આપણે માલ લેવો હોય અગર આપણે પરદેશમાંથી ઘેર આવવું હોય તો રળેલો પૈસો ઘર લાવતાં રસ્તામાં ઘણી ધાસ્તી રાખવી પડે છે માટે તે રૂપીઆ એક શાહુકારને ત્યાં ભરીને જે ગામ જવું હોય તે ગામના શાહુકાર ઉપર રૂપીઆ આપવા બદલની જે ચીઠ્ઠી કરી આપેછે તેને હુંડી કહે છે. એટલે પરદેશમાં પૈસા મળવા માટે પોતાના આરતીઆ ઉપર જે ચીઠ્ઠી લખી આપે તે. સદરહુ નાણા નાણાવટીની આબરૂપર અપાય છે.

હુંડી લખવાની રીતો—જેમકે નામ જોગી–શાહજોગી, ભલામણ બાંધી મુદતની, નીશાની જોગ વગેરે.

જે હુંડીમાં કરાવનાર ધણીને નાણાં આપવાનું લખ્યું હોય તેને નામ જોગી કહે છે.

જે હુંડીમાં લખેલા નામના ઇસમને અથવા બીજા કોઈને રૂપીઆ આપવાનું લખ્યું હોય તે શાહજોગી.

હુંડી જોયા પછી જે મુદત ઠરાવેલી હોય તે મુદતે પૈસા આપવા તેને બાંધી મુદતની કહે છે.

હુંડી કરાવનારના અંગની છાની જે નિશાની લખી તેનેજ

નાણું આપવાં હોય તેને નિશાની જોગ હુંડી કહે છે. નિશાજોગ હુંડીમાં તેના શરીરની છાની નિશાનીઓ લખે છે. જેવી કે તલ, આંખ, ચાઠાં, વીગેરે.

નામજોગી હુંડી સીવાય બધી હુંડીઓમાં ખોળાધર લેવાનો રીવાજ હોય છે. ખોળાધર લઇને નાણું આપવાથી તે નાણાંનું જોખમ જમે ખર્ચ પડતા સુધી ખોળાધર થનાર માણસના માથે રહે છે.

હુંડીઓમાં મુદત લખે છે.

હુંડીઓમાં તરત મુદતની એટલે હુંડી દેખાડતાં જે નાણું મળે તેવી રીતની હુંડી જે હોય તેને તુરત મુદતની કહે છે.

દીન. ૧ વળતાની એટલે તેનાં નાણું બીજે દીવસે મળે.

મુદતવાર ભોગની એટલે ચાર દીવસે મળે.

દીન ૪ ચારની એટલે તેનાં નાણું ૮–૯–૧૦–૧૫ દીવશે મળે છે.

બાંધી મુદતની એટલે અમુક દીવસે જે નાણું મળે તેને આવી રીતના રીવાજો હોય છે ને તે રીવાજો કેટલાકમાં પોત્યા પછી–ને કેટલીકમાં લખ્યા પછીની મુદત બાંધેલી હોય છે.

હુંડી ગેરવલ્લે પડે તો પછી લખવાના કાગળો.

(૧) હુંડી ગેરવલ્લે પડે તો પેંઠ લખે છે.

(૨) પેંઠ ગેરવલ્લે પડે તો પરપેંઠ લખે છે.

(૩) પરપેંઠ ગેરવલ્લે પડે તો કાગળ લખે છે.

હુંડી શીકારનાર માણસ હુંડી લાવનારને તે જોવાના મીતી લ-

ખી આપે તેને દેખાડ ઘાલી આપી કહે છે.

શીકારનાર ધણી હુંડી શીકારી જે નાણાં આપે તેની પાસેથી હુંડીમાં પાવતી અગર વસુલ ભરાવી લઈ મુળ ઇસમના ઉપર તેને પાછી મોકલે તેને ખોખું કહે છે. ને નાણાં લેનાર ને નાણાં મળ્યાં એવું લખી આપે તેને ભરપાઈ કહે છે.

હુંડી લીધા પછી શીકારનારને તેનો ખપ ન હોય તો તે બીજા કોઇ શાહુકારને અગર લખનારને ત્યાં વેચ્યાથી નાણાં મળે છે.

શીકારનાર ધણી શીકાર્યા બાદ નાણાં લેનાર ઇસમ પાસેથી દર સેંકડે કાંઇ દર લે છે તેને શીકરામણ કહે છે

હુંડી કરાવનાર પાસેથી હુંડી કરનાર માણસ જે સેંકડે દર લે છે તેને હુંડીઆમણ કહે છે.

સામો ધણી હુંડી શીકારી નાણાં ન આપે તો લખી આપનાર હુંડી લઇ જનારને ખરચ બદલ કાંઇ પઇસા આપે છે તેને નકરામણ સકરામણ કહેછે. વડોદરામાં મુંબાઇની હુંડીનો દોઢ ટકો મળે છે. વીગેરે જે જે શેહેરના રીવાજ હોય તે પ્રમાણે મળેછે. અમદાવાદ, સુરત, વગેરે શહેરોમાં દર મહીને એક ટકા લેખે મળે છે. મહીનામાં જો દીવસ વત્તાઓછા હોય તોપણ એક મહીનાનું મળે છે. શીકારનાર ધણી હુંડી લઈ જતા પહેલાં દેવાળું કાઢે તો તેને ખેપ નકરામણ કાંઈ મળે નહીં. ને હુંડી લેનાર માણસ હુંડી લે ને સામો ધણી શીકારે નહીં તો લઈ આવનારને એક માસનું નકરામણ શીકરામણ આપે.

હુંડી લખનાર માણસ હુંડી લખાવ્યા પછી દેવાળું કાઢયુંછે એવું શીકારનારને માલુમ પડે તો તે નાણાં આપે નહીં. કદાપી વેચા-

ણુ રાખનાર ધણી ઉધારે હુંડી રાખ્યાબાદ દેવાળું કાઢે તો વેચાતી આપનાર ધણીનાં નાણાં જાય.

હુંડીમાં જે મુદત લખી હોય તેટલી મુદત પહેલાં જો નાણાં લેવાં હોય તો મુદત કાપી નાણાં મળેછે.

વેપારીને સરાફો એક બીજા આરતીઆનો હીસાબ બરાબર રાખવા સારૂ આગારીવતીનું ને તગારીવતીનું એવાં બે ખાતાં રાખેછે.

આગારી વતી એટલે પોતાના તરફના વેપારમાં આગરપરદેશના ખાતેનો આરતીઓ મોકલેલી હુંડીઓ શીકારી નાણાં આપે અગર મંગાવેલી હુંડીઓ વેચાણ રાખે અગર લખી લખાવીને પોતાના દેવાને પેટે મોકલે તો તે ચોપડામાં આગારીવતી જમે એમ જણાવી વીગત લખેછે.

તગારી વતી એટલે સામાધણીની વતીનો વેપાર આપણો પરગામખાતેનો આરતીઓ જે હુંડી આપણા ઉપર લખી મોકલે તે શીકારીએ અગર બજારમાંથી હુંડીઓ વેચાણ રાખી અગર લખાવી કે પોતાના ગથાળાની લખી તેને મોકલીએ તે બાબતના રૂ. તેની પાસેથી લેણા પડે તે આપણે અહીં તેને નામે તગારી વતી ને ખાતે ઉધારી પેટામાં વીગત લખવી.

હુંડી.

સ્વસ્તિશ્રી અમદાવાદ મહાશુભસ્થાને પુજ્યારાધે અનેક સરવે શુભોપમા લાયક પરી. માણેકલાલ કપુરચંદ જોગશ્રી મુંબાઇ બંદરથી લી. પરી. ગોપાળદાસ ગકનદાસના જે ગોપાળ વાંચજો જત અત્રેથી રાખ્યા પરી. પુરસોતમ કહાનજી પાસેથી ૩૦૦) અંકે ત્રણસો ક-

લદાર નીમે રૂપીઆ દોઢસોથી બમણા પૂરા રોકડા લીધાછે તેની મુદત હુંડી પહોચ્યા પછી દીન ૪ ચારની રીતના નામ શાહ વેપારી જોગ. રૂપીઆ હુંડીની રીતના ઠામ ઠેકાણું ચોકસ કરી આપજો નિશાનીએ જે કાગળ મધ્યે લખીશું. સંવત ૧૯૪૫ ના વર્ષે જેઠ વદી ૧૨ વાર ગુરૂ દસ્કત પરી. ગોપાળદાસ ગકનદાસના જે ગોપાળવાંચજો.

ટીકીટ મથાળે ચોઢેછે. | ૩૦૦ | નીમે રૂપીઆ દોઢસોથી બમણા.

હુંડી નં. ૨

સ્વસ્તિશ્રી વડોદરા મહાશુભસ્થાને પુજ્યારાધે પરી. હરીદાસ ભીખારીદાસ જોગશ્રી સુરત બંદરથી લી. પરી. તાપીદાસ ગયારામના જેગોપાળ વાંચજો જત અત્રેથી રાખ્યા મહેતા. ઘેલાભાઈ મહાશંકર આવ્યાછે તેમને રૂ૪૦૦) અંકે ચારસે કલદાર દીન ૧૦ની અંદર આપજો ને તેની પહોંચ લખાવી અમારા ઉપર બીડજો. મુદત વીત્યાબાદ આવે તો આપશો નહીં અમારો જવાબ મંગાવી આપવા સંવત ૧૯૪૫ ના શ્રાવણ વદી ૮ વાર શની દા. મહેતા. ભોખણદાસ દયારામના જે ગોપાળ વાંચજો.

| ૪૦૦ | નીમે રૂપીઆ બસેથી બમણા.

હુંડી નંબર ૩.

સ્વસ્તિશ્રી વીસનગર મહાશુભસ્થાને પુજ્યારાધે અનેક સરવે

શુભોપમા લાયક પરી. હકીમચંદ રામદાસ એતાનશ્રી વડોદરેથી લી. પરી. લલ્લુભાઇ લક્ષ્મીદાસના જે ગોપાળ વાંચજો. જત અત્રેથી રાખ્યા પા. મોરાર પુરસોતમ પાસેથી રૂ૧૦૦૦) અંકે એક હજાર બાબાશાઇની તુરત મુદતની હુંડી લખી આપીછે તે શીકારી તેમને નાણું આપજો. નિશાની જે કાગળ ગંધ્યે લખીશું સંવત ૧૯૪૫ ના ભાદરવા વદી ૫ વાર ગુરૂ દા. મહેતા. ગોપાળ હરજીવનના જે ગોપાળ વાંચજો.

રૂ૧૦૦૦)	નીમે રૂપીઆપાંચસોથીબનાણા.

આર્થ.

હુંડી—શાહુકારની આબરૂપરથી નાણાં મળે તેવી ચીઠ્ઠી. નીમે—અર્ધાં.
રાખ્યા—હુંડી લખાવનાર તુરત મુદત—હુંડી જોઈ તરત નાણાં મળે.
સીકારી—કબુલ કરી નિશાની—એંધાણી.
તુરત આપે તેવી લખેલી હુંડી.
શાહજોગ—હુંડી લાવનાર માણુસ શાહુકાર અગર શાહવટ.
ઠાગઠેકાણું—જગા-રહેઠાણુ. દીન ૮ ની—દીન ૮ આઠ વીત્યા પછી ૧૦-૧૫-દીવશે નાણાં મળે.

આ પેંઠ પ્રમાણે નાણાં શીકારી આપજો.

પેંઠ.

સ્વસ્તિશ્રી અમદાવાદ મહાસુભસ્થાને પુજ્યારાધ્યે અનેક સર્વે શુભોપમા લાયક પરી શ્રી પંચપરી. માણેકલાલ કપુરચંદ. જોગ શ્રી

મુંબાઇ બંદરથી લી. પરીખ. ગોપાળદાસ ગકનદાસના જેગોપાળ વાંચજો જત તમારા ઉપર પ્રથમ હુંડી એક રૂ. ૩૦૦) અંકે દોઢસોથી બમણાની પૂરાની લખી અગારી રાખ્યા પરી. પુરૂસોતગ કહાનજી પાસેથી મુદત હુંડી પોચ્યા પછી દીન—૪ ચારની રીતના નામે શાહ વેપારી જોગ રૂપીઆ હુંડીની રીતના ગ્રથ ઠાગઠેકાણું ચોકસ કરી આપજો નિશાની એ જે કાગળ ગદ્યે લખી શું લખી જેઠ વદી ૧૨ વાર ગુરૂની છે તે રાખ્યાવાળા ધણી કહે છે જે એ હુંડી ગેર વલ્લે પડી છે માટે આ પેંઠ લખી આપી છે. તમો તગારો આવરો તથા રોજમેળ, ખાતુ તથા નોંધ સર્વે જોઇ તપાસીને હુંડી શીકારી નાણાં નહિ આપ્યાં હોય તો આ પેંઠ શીકારી નાણાં આપજો. કદાપી હુંડી શીકારી નાણાં આપ્યાં હોય તો આ પેંઠ રદ છે વાંચીને ફાડી નાંખજો. અમો તમને સનદ ર થઇને વાર ૧ ગજરે આપી શું. તે જાણજો સંવત ૧૯૪૫ ના આસો શુદી વાર ગુરૂ દા. ૧ ગોપાળદાસ ગકનદાસના જેગોપાળ વાંચજો.

અર્થ.

પેંઠ—ગેરવલ્લે પડે તો રૂપીઆ લેવાનો લખી આપેલો કાગળ.

નોંધ—લેખ કે હુંડીઓ વગેરે. દાખલ કરવાનો ચોપડો.

સનદ—દસ્તાવેજ. લેખ.

રોજમેળ—રોજનો હીસાબ રાખવાનો ચોપડો.

ખાતુ—નામું. અગર ખાતાવહીમાં પાડેલું ખાતું.

રદ-નકામું. ફોક.

આ પર પેંઠ લખ્યા પ્રમાણે નાણાં શીકારી આપજો.

પરપેંઠ.

સ્વસ્તિશ્રી આમદાવાદ મહાશુભસ્થાને પુજ્યારાધે અનેક સરવે

શુભોપમા લાયક પરી શ્રી પંચપરી. માણેકલાલ કપુરચંદ જોગ શ્રી મુંબાઇ બંદરથી લી. પરી. ગોપાળદાસ મકનદાસના જે ગોપાળ વાંચજો. જત પ્રથમ તમારા ઉપર હુંડી નં. ૧ રૂ. ૩૦૦) અંકે ત્રણસોની નીમે રૂપૈયા ત્રણસો પુરાની લખી આપી છે રાખ્યા પરી. પુરસોતમ કહાનજી પાસેથી મુદત હુંડી પોચ્યા પછી દીન ૪ ચાર ની નીમે શાહ વેપારી જોગ રૂપીઆ હુંડીની રીતના પ્રથ ઠામ ઠેકાણું ચોકસ કરીને આપજો. નિશાની એ જે કાગળ મધ્યે લખીશું લખી જેઠ વદી ૧૨ વાર ગુરૂની લખી આપી છે ત્યાર પછી પેંઠ લખી અસાડ શુદી ૧ વાર ગુરૂ તે રાખ્યા વાળા ધણી કહેછે કે હુંડી તથા પેંઠ સનદ ૨ ગેર વલ્લે પડી છે, માટે આ પરપેંઠ લખી આપી છે તે તમારે આવશે, તથા રોજમેળ તથા ખાતું તથા નોંધ જોઈ તપાસીને હુંડી તથા પેઠ તથા સનદ ૨ મધ્યે સીકારીને નાણાં આપ્યાં હોય નહીં તો આ પરપેંઠ સીકારી નાણાં આપજો કદાપી હુંડી તથા પેંઠ સનદ ૨ મધ્યેનાં નાણાં શીકારી આપ્યાં હોય તો આ પર પેંઠ વાંચી ફાડી નાંખજો. અમો તમને સનદ ૩ થઇને વાર ૧ મજરે આપીશું તે જાણજો સંવત ૧૯૪૫ ના અસાડ વદી ૧૦ વાર મંગળ

દા. પરી. ગોપાળદાસ મકનદાસના જે ગોપાળ વાંચજો.

અર્થ.

પરપેંઠ—હુંડી તથા પરપેંઠ ગેરવલ્લે પડયાથી ત્રીજો કાગળ શાહુકાર નાણાં આપવા બાબત કરી આપે તેને. ધણી—માલીક.

લી. પરી. ગોપાળદાસ મકનદાસ જત આ કાગળ લખ્યા પ્રમાણે નાણાં શીકારી આપજો.

કાગળ.

સ્વસ્તિશ્રી અમદાવાદ મહાશુભસ્થાને પુજયારાધે પરીશ્રીપંચ પરી.

માણેકલાલ કપુરચંદ જોગશ્રી મુંબાઈ બંદરથી લી. પરી. ગોપાળદાસ ગકનદાસના જેગોપાળ વાંચજો જત પ્રથમ તમારા ઉપર અમોએ હુંડી નં. ૩૩૦૦) અંકે ત્રણુસેં કલદાર નીમે રૂપીએ દોઢસોથી બમણા પુરાની લખીછે. રાખ્યા પરી. પુરૂષોતમ કહાનજી પાસેથી મુદ્દત હુંડી પહોચ્યા પછી દીન ૪ ચાર નીમેશાહ વેપારી જોગીના રૂપીઆ હુંડીની રીતના ગ્રંથ કામ ઠેકાણું ચોકસ કરી આપજો નિશાની એ જે કાગળ મધ્યે લખીશું લખી જેઠ વદી ૧૨ વાર ગુરૂ તથા તેના પછી પેંઠ લખી આપીછે અસાડ વદી ૧૦ વાર બુધે તે રાખ્યાવાળા ધણી કંઇ છે જે હુંડી તથા પેંઠ તથા પરપેંઠ સનદો ૩ ત્રણ ગેર વલ્લે પડી છે માટે આ કાગળ લખી આપ્યો છે તે તમો તમારો આવરો તથા રોજમેળ તથા ખાતું તથા નોંધ જોઇ તપાસીને હુંડી તથા પેંઠ તથા પરપેંઠ સીકારી નાણું નહિ આપ્યાં હોય તો આ કાગળ સીકારી નાણા આપજો. કદાસ હુંડી તથા પેંઠ તથા પરપેંઠ સીકારી નાણું આપ્યાં હોય તો આ કાગળ રદ છે વાંચીને ફાડી નાંખજો અમો તમને સનદ ૪ થઈને વાર ૧ મજરે આપીશું તે જાણજો સંવત ૧૯૪૫ના આસો શુદ ૧ વાર ગુરૂ દા. પરી. ગોપાળદાસ મકનદાસના; જેગોપાળ વાંચજો

હુંડી જોડે કાગળ લખવાની રીત.

સ્વસ્તિ શ્રી મુંબાઇ બંદરે મહાશુભસ્થાને પુજ્યારાધે અનેક સર્વે શુભોપમા લાયક પરી શ્રી પંચપરી. મગનલાલ બાપુભાઈ જોગ શ્રી અમદાવાદથી લી. પરી. ગોપાળદાસ મકનદાસના જેગોપાળ વાંચજો. જત અત્રે ઇશ્વર કૃપાથી સર્વ ખુશી આનંદમાં છે. બીજુ શેઠજીની

ભલાઈના કાગળ ડાગ મધ્યે આજરોજ આવ્યા તે વાંચી સર્વ સમાચાર જાણ્યા છે. વળી સંભારીને લખજો બીજું તમોએ હુંડી નં. ૧ રૂ. ૩૦૦) ત્રણસેં કલદારની અમારી વતીની ખાતે પરી. દામોદર અંબાઈદાસ ઉપરની લી. પરી. પોપટ કસ્તુરચંદ રાખ્યા તમારી પાસેથી આશો શુદી ૫ વાર સોમની તે કાગળ મધ્યે બીડી તે પહોંચી છે. મુદતસર સીકરાવી નાણાં લેઇને જવાબ લખીશું તે જાણજો. બીજું અત્રેથી તમારા ઉપર હુંડી નંગ. ૧ રૂ. ૨૦૦૦) ની લખી છે તેની વીગત—

રૂ ૨૦૦૦) હુંડી એક રૂ ૨૦૦૦) ની અમારી વતીની ખાતે તમારા ઉપરની લખી અમારા રાખ્યા શા. કેશવલાલ મલુકચંદ પાસેથી મુદત હુંડી પોત્યા પછી દીન ૪ ચારની લખી આસો શુદી ૧૨ વાર શુક્ર. એની વીગતે અમારી વતીની હુંડી નંગ ૧ એક લખી છે તે આવેથી નાણાં આપીને ખોખાં તુરત બીડજો ભુલશો નહી એજ કામકાજ લખજો જોઈતું કરતું મંગાવશો મીતી સંવત ૧૯૪૫ ના આશો શુદી ૧૪ વાર રવી. દા. છગનલાલ રવચંદ મુન્યમ.

ઉપરના કાગળનો જવાબ.

સ્વસ્તિ શ્રી અમદાવાદ મહાશુભસ્થાને પુજ્યારાધે અનેક સર્વે શુભોપમાલાયક પરી. ગોપાળદાસ મકનદાસ જોગ શ્રી મુંબાઇ બંદરથી લી. પરી. મગનલાલ બાપુભાઇના જેગોપાળ વાંચજો જત અત્રેથી ઈશ્વર કૃપાથી ભલું છે તમારી ભલાઇના કાગળ આશો શુદી ૧૪ વાર રવી લખેલો આવ્યો તે પહોચ્યો છે તે વાંચી સર્વે સમાચાર જાણ્યા છે. વળી સંભારીને લખજો. બીજું હુંડી નં. ૧ રૂ ૨૦૦૦)

ની લખેલી આવી તે પહોંચી તે જાણ્યું. મુદત્તસર સીકારી તમારી વતીને ખાતે જમે કરીને જવાબ લખીશું બીજુ શેઠજી તમોએ હું-ડીનું રૂ ૨૦૦૦) ની લખેલી આવી તે પહોંચી છે.

રૂ ૨૦૦૦) ની હુંડી ૧ અમારી વતીને રાખ્યા શા. ગલુકચંદ હીરચંદ પાસેથી તરત મુદતની લખી આસો શુદી ૧૫ વાર સોમની તે અત્રે પરી. શીવલાલ ફ્તેહચંદ લાવ્યા છે. રૂ. ૨૦૦૦)

ઉપરની વીગતે હુંડી ૧ લાવ્યા છે તે મુદતસર સીકારી નાણાં આપીશું ને ખાતાં બીડીશું એજ કામકાજ લખજો. જોઇતું કરતું મંગાવજો. ગાત્ર સંવત ૧૯૪૫ ના આશો વદી ૧ વાર મંગળ દા. બાપુભાઈ ગનોરદાસ મેહેતાના જેગોપાળ વાંચજો.

વાહાણુવટીના રીવાજો.

વીમાની ચીઠ્ઠી.

સંવત ૧૯૪૫ ના વર્ખે આસો શુદી ૧૫ વાર રવી શા. દા-મોદર ગોપાળદાસ જોગ લી. વીગાવાળા મહાજન સગસ્તજત વીમો ૧ રૂ ૧૨૫૦ અંકે બારસેં ને પચાસ પુરા કલદારનો વહાણુ એક નામે કાદરબખસ ધણી સૈયદ. શેખભાઇ અબદુલ્લવાળું તે શ્રીભ-રૂચની આડતબેથી નાંગરે ઉપાડયા પછી જોખમ કબુલછે તે શ્રીકા-લીકોટની ખાડીએ નાંગર મૂકે જોખમ ઉતરે વળતાં શા. વખતચંદ લેહરચંદ જે બારકસ મધ્યે ચઢાવે તે શ્રીકાલીકોટની ખાડીએથી નાંગર ઉપાડયા પછી જોખગ કબુલ છે તે શ્રીભરૂચની આડતબે નાંગર મૂકે જોખમ ઉતરે, વરાડ તથા વામણી સાથે વીગાના લખનારને રૂ. રૂ-

બંધ નહિ કદાસ વહાણુની શ્રીરત્નાગરની કજારજાએ માલ નીસરે તો વીગાવાળા હીસ્સા કીસમતે વહેંચી લઇએ એની કજારજા શત ૧ ટકા ૧૦ લેખે કાપી આપીએ સલામતી રોકડી. દલાલ. ભોખણદાસ જગજીવન.

લી. શા. પ્રેમચંદ પોપટચંદ જત વીમો રૂ૧૨૫૦) અંકે બારસેં ને પચાસની રાશે અર્ધો કબુલછે.

લી. શા. ગુલાબચંદ વખતચંદ જત વીમો રૂ૧૨૫૦)અંકે બારસેં ને પચાસની રાશે અર્ધો કબુલછે.

અર્થ.

વીમાની ચીઠ્ઠી—વીમા બાબતનો લેખ. વીગાવાળો—માથે જેખમ રાખનાર.

વાગણી—વહાણુ ઉપરથી માલ નાંખી દેવો તે. શીરસંબંધ—માથા ઉપર.

ખાડી—નાણું. મહાજન—પંચ. કજારજા—જેખમ.

બારકસ—વહાણુ ઝાઝ સમસ્ત—બધા. વરાડ—ભાગ વહેંચણુ.

રાશ—ફાળો વીમો—જેખમ માથે રાખવું. આડ—બંદર.

નાંગર—લોઢાની બીલાડી.

રત્નાગર—દરિઓ. સમુદ્ર. શત—સેંકડે સલામતી—વહાણુ બંદરે સલામત જાય તેની હકસાઇ.

હીસ્સા કીસમતે—ભાગે પડતું.વરાડ—ભાગ.

આવક ચીઠી.

સંવત ૧૯૪૫ ના આસો વદી ૩ વાર ગુરૂ શા. દામોદર અંબાઈદાસ જોગ લી. પારસી રૂસ્તમજી આબદુલજી જત રૂ ૧૨૫૦)

અંકે બાર હજારને પચાસપૂરા કલદાર બાબત વહાણ ૧) નામે ચાલીસ કપતાન કાદરબખસ વાળા માળા મધ્યે ખાંડાના દબોટા નં. ૪૦૦) અંકે ચારસે તથા ગોળના રવા નં. ૧૬૦) અંકે સોને સાઠ તથા સાકરના કોથળા નં. ૨૦૦ અંકે બસેં મળી કુલ નંગ ૭૬૦ અંકે સાતસે સાઠ નગની ઉપર આવક અમોએ લીધી છે તેની બોલીએ જે સેંકડે ટકા ૧૬) અંકે સોળ ચઢતાએ અમે કબુલ કીધી છે તે મધ્યે ટકા ૧૩ આવકના ને ટકા ૩ વરાડ તથા વામણી તથા દરીયાની કજારજના છે તે દરીઆનું જોખમ અમોએ અમારે માથે રાખ્યું છે તેથી રત્નાગરનું જોખમ અમોએ અમારે માથે રાખ્યું છે તેથી દરીઆનું જોખમ આવકના આપનારને શીર સંબંધ નહિ તેની મુદત રૂપીઆ તે દીનથી માસ ૮ ને દીન ૧૪ ની કરી છે. એ મુદત ઉપરાંત અમો રૂપીઆ આપીએ નહિ તો આવક ટકા ૧૬ ચઢે તે સુદ્ધાં વ્યાજ ૦॥ લેખે આપીએ સહી લખ્યા પ્રમાણે સહી.

૧ લી. પારસી રૂસ્તમજી અબદુલજી સુરતીની સહી ઉપર લખ્યા પ્રમાણે સહી.

અર્થ.

પા—પારશી	બોલી—બંદોબસ્ત.	પ્રમાણ—કબુલ સહી
કાદરબખસ—કપ્તાનનું નામ.		સુરત—સુરતના રહેનાર

માલની પહોંચ.

સ્વસ્તિ શ્રીસુરત બંદરે મહાસુભસ્થાને પુજ્યારાધે અનેક સર્વે સુભોપમા લાયક પરી. શ્રી પુંચ પરી. દામોદર અંબાઇદાસ જોગશ્રી કાલીકોટ બંદરથી લી. શા. વનમાળીદાસ નથુભાઇના જે ગોપાળ વાં-

અને જત લખવા કારણ એછે જે બતેલો નં. ૧ નામે કાદરબખ-
સ તંડેલ સામજી ધણી રૂસ્તમજી અબદુલજીવાળા ગધ્યે ગોળના રવા
નં. ૧૦૦) અંકેસો તથા ખાંડના દબોટા નં. ૪૦ તથા સાકરના કો-
થળા નં. ૨૦ ગળી કુલ નં. ૧૬૦) અંકે એકસો ને સાઠ સીવાબંધ
તપાસી લીધા છે ને તેની પહોંચ લખી આપી છે તે જાણજો ગીતી
સંવત ૧૯૪૫ ના અસાડ વદી ૮ વાર ગુરૂ.

અર્થ.

પરી.—પારેખ—મોટા નાણાવટીનો ફીતાબ.

શ્રીપંચ—આબરૂવાળો અથવા સારો ડાહ્યો.

સતગી.

સ્વસ્તિશ્રી મુંબાઈ બંદરે મહાશુભસ્થાને પુજ્યારાધે શા. મગન-
લાલ બાપુભાઈ જોગશ્રી સુરતબંદરથી લી. પરી. દામોદરદાસ અંબા-
ઇદાસના જે ગોપાળ વાંચજો જત અત્રેથી બતેલો નં. ૧નામે રૂપા
રેલ તંડેલ સામજી સુંદરજી ધણી રૂસ્તમજી અબદુલ્લજીવાળા ગધ્યે
સાકરની ગુણો નં. ૫૦૦૦) અંકે પાંચહજાર દર ગુણ ૧ ગણ. ૪
૮ શેર પ્રમાણે કુલ તોલ ગણ ૨૧૦૦૦) એક વીસહજાર ગણ ચ-
ઢાવીને મોકલીછે તે રત્નાગરજીની સલાગત પોહોંચાડેથી ઉતારી લેજો
તે સીવાબંધ તપાસી લેઇને પહોંચ લખી આપજો સંવત ૧૯૪૫ ના
આસો વદી ૦)) વાર ગુરૂ.

અર્થ.

સતમી—ચઢાવેલા માલની સાથે મોકલેલી ટીપ.

બનેલો—નાનું વહાણુ.

રૂપારેલ—વહાણનું નામ.

સલામત—નીવીઘન, નુકશાન વીના. હેમખેમ.

તંડેલ—વાહાણના મુખી ખલાસી.

ધણી—માલીક.

સીવાબંધ—જેવી હોય તેવી ટાંકા તુટેલી નહિં.

બારકસ ધણીના સામા દસ્કત.

પારસી—અબદુલજી રહેમાનજીનું ખાતું. સંવત ૧૯૪૫ ના આસાડ વદી ૦)) વાર ગુરૂ.

જ	ઉ
	આસાડ વદી ૦)) વાર ગુરૂ બનેલો ૧ નામે કાદરબખ્સ તંડેલ કેશરજી ધણી અબદુલ રહેમાન વાળા મધ્યે સાકરની ગુણો ૫૦૦૦) અંકે પાંચ હજાર અત્રેથી ભરીને શ્રી સુરત બંદર ઉતારી આપીએ પહોંચામણી. ગુણ ૧ ના રૂ૨-૪-૦ લેખે તે મધ્યેથી દલાલી રામ. ૧ વળે દલાલ હરીકરસન કાસીદાસ-

ની મારફતે ને તેના નીમે નુરના
રૂ ૫૧૦૦) અંકે એકાવનસેં રૂપી-
આ કલદાર લીધા છે હા. મહેતા
નારણ ત્રીકમ લઈ ગયા છે.

અર્થ.

હા—હસ્તે. હસ્તક. સાગા દસ્તક—પોતે લખવાનું આગર
દસ્તક—અક્ષર, લેખ. સામા ધણી કને લખાવી લેવું તે.
પહોંચાગણું—પહોંચાડવાનું ભાડું. પહોંચ—પહોંચ્યાનો પત્ર.
જ—એટલે જમે આવેલું લખવાની જગા. નીમે—આડખે.
ઊ—ઉધાર. રાગ—આના.
નુર—ભાડું.

ભરતીયું.

સ્વસ્તિ શ્રી અગદાવાદ ગહાસુભસ્થાને પુજ્યારાધે કાપડીઆ છગનલાલ રવચંદ જોગશ્રી મુંબાઇ બંદરથી લી. પરી. ગગનલાલ બાપુભાઇના જેગોપાળ વાંચજો જત તમારા લખવા પ્રમાણે ગાલ ખરીદી અમોએ આજ રોજ તમારા તરફ ગાડીમાં રવાના કર્યો છે. તે માલની વીગત નીચે પ્રમાણે.

ઉ

૫૯૫)ાા આસો વદી ૧૩ વાર બુધ.

૧૦૦) ધોતીજોટા ૫૦ વાર ૧૦ ૪. ૫૦ દર નંગની કીં
રૂ ૨. પ્રમાણે.

૨૦૦) ધોતીજોટા ૮૦ વાર ૧૧ ઇંચ ૫૨ દર નં. કીં.

૩ ૨ાા પ્રમાણે.

૧૦૦) નેનકલાક નં. ૨૦ ઇં. ૪૫ નં ૭૧૮૪ દર નં.ની કીં ૩. ૫ પ્રમાણે.

૫૦) સાટીન તાકા ૨૦ ઇં. ૪૦ નં ૨૫૦૦) દર નં.ની કીં ૩ ૨ાા પ્રમાણે.

૫૦) છીંટ તાકા ૫) દર થાન એકની કીં ૩ ૫) પ્રમાણે.

૫૦) ધોતીજોટા ૨૦ વાર ૧૦ ઇં. ૫૦ નં ૨૦૧૦ દર નં. ૧ ની કીં ૩ ૨ાા પ્રમાણે.

૫૦) જગનનાથીનાં થાંન ૧૦ દરથાન ૧ ના ૫) પ્રમાણે

૬૦૦)

૭ ૨૪) સેંકડે ચાર ટકા પ્રમાણે વળતરના.

૫૭૬) બાકી રહ્યા.

૧૯)૦ાા ખર્ચ માલ ઉપર નીચેની વીગતે ચઢ્યું તે.

૨ાા= દલાલ મારફતીઆના દરસેંકડે ૦ાા લેખે.

૧)= બંધામણી ગાંસડી નં. ૧ ના.

૦। માલીકટથી સંચા ઉપર બંધાવા લેઈ જતાં ઉચકામણના વેતરાના.

૦। ગાડી ઉપર સંચેથી લાવ્યા તેની મજુરીના.

૩) હકસાઇના.

૧૧ાા૦ાા દલાલીના દર સેંકડે ટકા ૨) પ્રમાણે.

૧૯)૦ાા

ઉપરની વીગતે ભરતીયું ઉતારાંને મોકલ્યુંછે તે પહોંચેથી નંગ તપાસીને જમે ખર્ચ કરીને જવાબ લખજો તથા ગાડીના નુરના પૈ-

સા તમારે આપવાના છે તે આપજો. રસીદ કાગળ મધ્યે બીડીશું સંવત ૧૯૪૫ ના આસો વદી ૧૩ વાર બુધ.

અર્થ.

થાન—તાકો.

ખરીદ–વેચાતી લઇ દલાલી આરતીઆની હકસાઇ.

નેનકલાક—ગાથરપાટ.

વળતર—માલ ખરીદ્યા બાબત સેંકડે જે દર ઠરાવ્યો હોય તે પ્રમાણે કુલ કીમતમાંથી જે કાપી આપી તે. બીજો અર્થ કમીશન.

માલ—ચીજ.

બરતીઉ—માલની એકંદર નંગની જથા વાર કીંમતવારનું કુલ કીંમત સાથેની યાદી.

નામાવિષે.

રોજમેળ.

રોજમેળ લખવામાં પ્રથમ મથાળે શ્રી લખી ચોપડામાં આડી લીટી દોરી પછી જમા ______ ઉ ______ આવી રીતે જમે ઉધારનાં ખાનાં પાડવાં. ને પછી જમે બાજુએ સીલક જણાવવી. ઉપર પ્રમાણે સીલક લખ્યા પછી જે રૂપીઆ જેના અગર જે બાબતના આવે તે જમાં કરવા. ને જે ખર્ચ અગર જેને આપીએ તે ઉધારવા. રોજમેળ બાબત પ્રથમ સમજુત–આપીછે.

રોજમેળ દરરોજનો.

સંવત ૧૯૪૫ ના કારતક શુદી ૧ થી રોજમેળ દર્શાવે છે.

રો. પા. ૧

જ | ઉ

૫૦૧) શ્રી ગણેશાયનમહ:
૫૦) શા. નરોતમ ભગવાન ખાતે જમે કારતકશુદી ૧.
૫૦) રોકડા હા. પોતે.
ખા. પા. ૧

૯૦) શ્રી વકરા ખાતે જમે શુદી ૧.
૯૦) રોકડા હા. પોતે તમાકુ વેચી તેને પેટે શા. નરોતમ પુંજાને ત્યાંથી લાવ્યા તે.
પા. ૨

૦।– શ્રી વટાવખાતે જમા.
૦।– પીંજારા અબદુલ રહેમાનને ત્યાંથી રૂ ૨૦) જુના પૈસા ૬૪ લેખે લઇ ૬૩ લેખે ભાવે સોની મોતી ગુલાબને આપ્યા તે.
પા. ૨

૫૦) શ્રી ખર્ચ ખાતે ઉધાર શુદી ૧
૫૦) રોકડા કલદારની બાજરી ગણ ૫૦) દરગણ એકના રૂ. ૧) પ્રમાણે બજારમાંથી લાવ્યા તેના હા. કાળા ભૂદરને આપ્યા તે
ખા. પા. ૨

૪૦૫) શા. દામોદર અબાઇદાસને ખાતે ઉધાર શુદી ૧
૪૦૪) રોકડા હા. પોતે.
૧) મંડામણીનો તેઓ વટાવ ખાતે જમાં
૪૦૫)
એણી વીગતે ખત એક લખ્યું તે
પા. ૨

૩૦૦) શ્રી અમદાવાદખાતે પરી. છગનલાલ રવચંદને ખાતે ઉધાર.
૩૦૦) હુંડી નં. ૧ શ્રી

રો. પા. ૨

૨૦૦) શા. પરભુદાસ ખુશાલદા-
સને ખાતે જમે.
૨૦૦) રોકડા હા. પોતે
પાછલા લેણા પેટે આપી
ગયા તે. પા. ૨

૧) શ્રી વટાવ ખાતે જમે.
૧) શા. દામોદર અંબા-
ઇદાસનું ખત અંકે ૧૦૪)
નું લખ્યું. તેની મંડાગણી
ના રૂ ૧) તે શ્રી વટાવ
ખાતે જમા કરીને તેમને
ખાતે ઉધાર. પા. ૨

૩૦૦) શા. કીશોર ફૂલચંદને
ખાતે જમા.
૩૦૦) હુંડી નં. ૧ શ્રી
મુંબાઇ બંદરના પરી. ગ-
ગનલાલ બાપુભાઈ ઉપ-
રની લખી શા. ઈશ્વર
મોતીરામની રાખ્યા. પા.
પરભુદાસ મથુરભાઇની
શાહજોગ તુરત મુદતની
કર ૨ ૯૯ાા લેખેની લી-

મુંબાઇબંદરના પરી. ગગ-
નલાલ ઉપરની લખી વ-
ડોદરાના ઇશ્વર મોતીરા-
મની રાખ્યા. પા. પરભુ-
દાસ મથુરભાઇની શાહ-
જોગ તુરત મુદતની તે
શા. કીશોર ફૂલચંદ પા-
સેથી વેચાણ રાખી ત-
મારા ઉપર બીડી તેના.
દા. ૯૯ાા લેખેની તે તમા-
રે ખાતે ઉધારી તેમને
ખાતે જમા.
પા. ૩

૬) ધર્માદા ખાતે ઉધાર.
૬) રોકડા કુતરાના રોટલા
નાંખવા સારૂ. પા. પી-
તાંબર જેઠાને આપ્યા તે.
પા. ૩

૮૦) શા. મથુરદાસ જીવાભાઈ-
ને ખાતે ઉધાર.
૮૦) રોકડા હા. પોતે.
બાજરીમાં આપવાબેઈ

રો. પા. ૩

ઘી તે તમારે ખાતે જમા કરી અમદાવાદના પરી. છગનલાલ સ્વચંદનેખાતે ઉધાર. પા. ૨	ગયા તે. પા. ૩
	૮૪૧
	૩૦૧ાા- શ્રી જણસે રોકડા.
	૩૦૧) રોકડા કલદાર
	૦ા- ખૂટા જે ૨૦
૧૧૪૨ા-	૧૧૪૨ા-

સંવત ૧૯૪૫ ના કારતગ શુદી ૨ વાર ગુરૂનો રોજમેળ દોર્યો છે.

જ

૩૦૧ાા- શ્રી જણસે રોકડા.

૧૦૫) પરી. દામોદર ગોપાળદાસને ખાતે જમા શુદીર વાર ગુરૂ ૧૫૦) હુંડી ૧ રૂ ૧૦૫) ની દા. ૯ાાા લેખે શ્રી મુંબાઇના પરી. હરીકસન કાશીદાસ ઉપરની લખી. અત્રેથી. પરી મગનલાલ ખુશાલદાસરાખ્યા. શા. લલ્લુભાઈ નાગજી પાસેથી મુદત દીન. ૪ ચારની લખી વદી ૫

ઉ

૫૦) પા. નરોતગ ભગવાનને ખાતે ઉધાર.

૫૦) નવું ખત લખ્યું તે.

૪૯) રોકડા.

૧) મંડામણીનો.

ઉપરની વીગતે ખત એક લખાવી લીધું તે પચાસ રૂપીઆ કલદારનું વ્યાજ ૦ાાા બાર આના લેખે ઘી યાંછે. દા. પોતે. પા. ૨

૧૦૫) શ્રી મુંબાઇ બંદરે પરી. મગનલાલ બાપુભાઇને

રે. પા. ૪

ની તમારી પાસેથી વે-
ચાણ લીધી તે તમારે
ખાતે જમા. પા. ૩

૬) શ્રી ધરમાદા ખાતે જમે.
૬) રોકડા કલદાર પર-
બડીમાં નાખવા ધરમદા-
સ ગુલાબદાસે આપ્યાતે
પા. ૩

૭૯) પા. મથુરદાસ જીવાભાઇ
ને ખાતે જમે.
૭૯) રોકડા કલદાર પા-
છલા લેણા પેટે આપી
ગયા તે. હા. પોતે. પા.૩

૧) શ્રી વટાવ ખાતે જમાં
૧) પા. નરોતમ ભગવાન
નું ખત લખ્યું જેના ગં-
ડાગણીના તે તેમને ખાતે
ઉધારી વટાવખાતે જમા.
પા. ૨

૪૯૨ા~

ખાતે ઉધાર.
૧૦૫) હુંડી ૧ રૂ ૧૦૫)
ની દા. ૯ાા લેખેની મું-
બાઇના પરી. હરીકશન
દાસ કાસીદાસ ઉપરની
લખી અત્રેથી શા. મગ-
નલાલ ખુશાલદાસના રા-
ખ્યા. લલુ નાથજીપાસેથી
મુદત દીન ૪ ચારની
લખી વદી ૧૫ ના શા.
દામોદરદાસ ગોપાળદાસ
પાસેથી વેચાણ લઇતમા-
રા ઉપર બીડી તે. પા. ૪

૨૦૦) પા. પરભુદાસ ખુશાલદા-
સને ખાતે ઉધાર.
૨૦૦) રોકડા કલદાર હા.
તમારા દીકરા.નારણદાસ
ને આપ્યા તે. તમાકુમાં
આપવા સારૂ લેઇ ગયેલા
તે. પા. ૨

૯૦) શ્રી ખરીદી ખાતે ઉધાર.
૯૦) ખેતર" નામે મ-
હુડીયું. વીઘાં ૨) નું જ-
રીફ નં. ૧૦૪ નું પા.

રો. પા. ૫

રેવનદાસ કલ્યાણદાસનું વેચાણ રાખ્યું તેના રૂપીઆ આજ રોજ રોકડા આપી સરકારી કાગળમાં લેખ લખાવી લીધો છે. પા. ૪

૪૪૫)

૪૭ા— શ્રી જણુસે રોકડા.
૪૭) રોકડા.
૦ા— છૂટા પૈસા ૨૦

૪૯૨ા—

* સંવત ૧૯૪૫ ના કારતક શુદી ૩ નો રોજમેળ દોર્યોછે.

જ	ઉ
૪૭ા— શ્રી જણસે.	૧) શ્રી ખરચ ખાતે ઉધાર.
૫) શ્રી આ વકરા ખાતે જગા ૫) રોકડા બાબાશાહી. ભાઈ મોતીલાલને સાસરેથી આવ્યા તે. પા.	૧) ઘી. શેર ૩ ખાવા સારૂ લાવ્યા તે.
૧૦૦) શ્રી વકરાખાતે જમા. ૧૦૦) બાજરી મણુ ૧૦૦ દર મણુના રૂ ૧) વેચી તેના આવ્યા તે.	૧૫) શ્રીવાસણ ખાતે ઉધાર. ૫) તપેલું એક શેર. ૧૦ દરશેરની કીંમત ૦ા પ્રમાણે. ૨`= થાળી પીતળ શેર૪)= દર શેરની કીંમત ૩૦ા પ્રમાણે.

*ખાતાવહી નથી ઉતારી પણ નમુના પ્રમાણે.

રૂા. ૫૯ ૬

ાા॥= પવાલુ એક તોલે ગણ્યુ

પા.

. ૦ા. પા॥= દરશેરના

૧૫રા—

કીંમત ૦ા પ્રમાણે.

---

૫૦) શ્રી હુંગ ખાતે ઉધાર.

૫૦) રોકડા કલદારની કાળી ગાંઠી તોલા ૨ ની આશરેની ઉચક પા. નરોતમ પુંજાપાસથી લીધી તેના આ૮ રોજ રોકડા આપ્યા તે.

પા.

---

૬૬)

૮ાા શ્રી ખર્ચ ખાતે ઉધાર.

૧ા ધોબીની ધોવરામણી વર્ષ એકના ધોબી નારણ જેઠા ને આપ્યા તે

૨) હજામતના આંચજા. ગોપાળ કસવને આપ્યા તે.

૨) ઈનામની પરીક્ષા વખતે છોકરાઓને પતાસા વહેંચ્યાં તેના.

૧)— કાદંબરીનું પુસ્તક લીધું તેના.

૦ા— સળી શેર. ૩ાા દર

રો. પા. ૭

શેરના ૪ આના પ્ર.
૨) પેટી સાગની ગુજ-
રીગાંથી લીધા તે.
પા.

૧૨૪॥।
૨૭॥ શ્રી જણસે રોકડા.

૧૫૨॥

*** કબુલાત તથા હુંડીનું જમા ખર્ચ.**

સંવત ૧૯૪૫ના માગસર શુદી ૨ વાર [illegible]નો રોજમેળ દોર્યોછે.

જ

૨૭॥ શ્રી જણુસ.

૫૦) પા. શાવાભાઇ નથુભાઇ
ને ખાતે જમાં.

૫૦) રોકડા કલદારની
કબુલાત એક તે પા.
ગોકળદાસ ભુખણદાસે
કરી તે તેમને ખાતે ઉ-
ધારી તગારે ખાતે જમાં

પા.

૧૦૫) પરી. દામોદર ગોપાળ-
દાસને ખાતે જમાં.

ઉ

૫૦) પા. ગોકળદાસ ભુખ-
ણદાસને ખાતે ઉધાર

૫૦) ની કબુલત પા. શી-
વાભાઇ નથુભાઇના વ-
તી કબુલાત કરી ને તે-
મને ખાતે જમા કરી
તગારે ખાતે ઉધાર.

પા.

૧૦૫) પરી. મોતીલાલ વ-
જલાલને ખાતે ઉધાર.

૧૦૫) કબુલાત એક

* ખાતાવહી નથી.

રો. પા. ૮

૧૦૫)≈ ની કબુલત એક પરી. મોતીલાલ વ્રજલાલે કરી તે તેને ખાતે ઉધારી તમારે ખાતે જમાં

પા.

૫૦૦) પરી. દામોદરદાસ અંબાઇદાસને ખાતે જમાં

૧૦૫) હુંડી નંગ. ૧ દર ૯૯ાા≈ની શ્રી મુંબાઇબંદરના પરી. ગગનલાલ બાપુભાઇ ઉપરની લખી વડોદરાના શા. મોતીલાલ ભુખણદાસ રાખ્યા તમારા લખી શુદી ૧૫ની તે તમારી પાસેથી વેચાણ લીધી તે તમારે ખાતે જમાં કરી ગોધરાના પરી. ગગનલાલ મોતીલાલને ખાતે ઉધાર.

પા.

પરી, દામોદર ગોપાળદાસની વતી કરી તે તમારે ખાતે જમાં.

પા.

શ્રીગોધરા ખાતે.

૫૦૦) પરી ગગનલાલ મોતીલાલને ખાતે ઉધાર

૫૦૦) હુંડી નં, ૧ દર ૯૯ાા≈ની શ્રી મુંબાઇ બંદરના પરી. ગગનલાલ બાપુભાઇ ઉપરની લખી વડોદરાના શા. મોતીલાલ ભોખણદાસ રાખ્યા પરી. દામોદરદાસ અંબાઇદાસની પાસેથી વેચાણ લઇ તમારા ઉપર બોડી તે તમારે ખાતે ઉધારી તેમને ખાતે જમાં

પા.

રો. પા. ૯

	૪૦૦) શ્રી અમદાવાદ ખાતે પરી. ગોપાળ મલ્લારને ખાતે ઉધાર.
૪૦૦) શ્રી વડોદરાના પરી. શીવલાલ મોતીલાલને ખાતે જમા.	૪૦૦) હુંડી ૧ દર ૯૯॥ લેખેની તમારા ઉપરની લી. પાલણપુરથી પરી. શવજી રૂડજી. રાખ્યા પરી. મોતીલાલ વ્રજલાલની તરત મુદતની તમારા ઉપરની વડોદરાના પરી. શીવલાલ મોતીલાલે મોકલી તે તેમને ખાતે જમા કરી તમારે ખાતે ઉધાર.
૪૦૦) હુંડી નં. ૧ દર ૯૯॥ લેખેની શ્રી અમદાવાદ મધ્યે પરી. ગોપાળ મલ્લાર લી. પાલણપુરથી પરી. શવજી રૂડજી રાખ્યા. પરી. મોતીલાલ વ્રજલાલની તરત મુદતની. લખી વદી ૫ ની મોકલી તે તમારે ખાતે જમા કરી તેમને ખાતે ઉધાર.	
પા.	પા.
૧૦૮૨॥	૧૦૫૫
	૨૭॥~ શ્રી જણસે. ૨૭ રોકડા. ०॥~ છુટા જે ૩૬
	૧૦૮૨॥~

પંદર દીવસ સુધીનો રોજમેળ લખે છે તે.

સંવત ૧૯૪૫ ના કારતગ શુદી ૧ થી રોજમેળ દોર્યો છે.

જ	ઉ
૨૫૫) શ્રીગણેશાયનમઃ	૩૦૦) પરી. ગગનલાલ બાપુ.

રો. પા. ૧૦

૮૦) પા. કીશોરભાઈ હાથીભાઈને ખાતે જમા. કારતગ શુદી ૧

૮૦) રોકડા હા. પોતે. તમાકુ પેટે લાવ્યા તે. શા. કીશોર ફૂલચંદને ત્યાંથી.

પા.

૧૦૦) શા. લક્ષ્મીચંદ દીપચંદને ખાતે જમે કારતગ શુદી ૫

૧૦૦) રોકડા. ધીંગાં આપવા સારૂ લાવ્યા તે.

પા.

૩૦૦) કાળી. જીવા નથુને ખાતે જમે. કારતગ શુદી ૧૫

૩૦૦) પાછલા લેણા પેટે આપી ગયો તે.

પા.

૭૮૫)

ભાઈને ખાતે ઉધાર. કારતગ શુદી. ૬

૩૦૦) રોકડા કળદાર હા. તમારા ગુમાસ્તા. વેણીભાઈને આપ્યા તે.

પા.

૧૦૦) પરી. શામળદાસ બેહેચરદાસને ખાતે ઉધાર શુદી ૧૪.

૧૦૦) હુંડી ૧ દર ૯૯॥ લેખેની મુંબાઈબંદરના પરી. શીતલાલ મોતીલાલ ઉપરની લખી શા. દામોદર ગોપાળદાસ રાખ્યા. અમારાની તમારી ઉપર બીડી તે તુરત મુદત્તની તે.

પા.

૪૦૦)

૫) શ્રી ખરચખાતે ઉધાર.

૫) ઘી બજારમાંથી શેર ૧૫ દર રૂપીઆ એકનું ૩) શેર લેખે. શા. નરોતમપુંજાનેત્યાંથી લાવ્યાતે.

રો. પા. ૧૧

પા.

૪૦૫)

૩૦૦) શ્રી જણસે રોકડા.

૭૦૫)

સંવત ૧૯૪૫ ના કારતગ વદી ૧ થી વદી૦))સુધીનો રોજમેળ દોર્યોછે.

જ — ઉ

૩૦૦) શ્રી જણસે.

૩૦૦)

૩૦૦) શ્રી જણસો રોકડા.

૩૦૦

વેપારી લોકોને રોજમેળ લખવાની રીત.

સંવત ૧૯૪૫ ના કારતગ વદી ૮ વાર બુધનો રોજમેળ દોર્યોછે.

જ — ઉ

૫૦) શ્રી જણસે.
૨૫) શ્રી કાપડ ખાતે જમાં.
૫) પા. રેવનદાસ કુબેરદાસને ખાતે ઉધાર.
૩) શા. નરોતમ પુંજાને ખાતે ઉધાર.
૧૦) શા ગોપાળ પુરસોતમને ખાતે ઉધાર.
૨) શા. ગોવા કલુને ખાતે ઉધાર.
૫) કોળી ભાવા જીવાને ખાતે ઉધાર.

પા.

૫) પા. રેવનદાસ કુબેરદાસને ખાતે ઉધાર.
૫) ખાધડી નં. ૧ પેંડલી દા. પોતે.

પા.

૩) શા. નરોતમ પુંજાને ખાતે ઉધાર
૩) જગન્નાથી ગજ ૧૫) દર રૂપીઆ ગજ ૫) પ્રમાણે દા. પોતે.

ખા. પા.

૧૦) શા. ગોપાળ પુરસોતમને ખાતે ઉધાર

રો. પા. ૧૨

૯) શ્રી ગોળ ખાતે જમાં
૪) પા. શીવા નથુને ખાતે ઉધાર.
૫) રોકડેથી ગોળ વેચ્યો તે.
પા.

૨) પા. શીવાભાઇ મથુરભાઈને ખાતે જમે.
૨) રોકડા હા. પોતે.
પા.

૩) કાળી. બાવા જીવાને ખાતે જમે.
૩) રોકડા હા. પોતે પા.

૧૦) શા. ગોવા કલુન ખાતે જમે.
૧૦) રોકડા નગદી હા. પોતે. પા

૫૯)

૧૦) પેંઠની પાગડી નંગ. ૧ હા. પોતે

૨) શા. ગોવા કલુન ખાતે ઉધાર.
સેનો ગજ ૧૦॥ દર ૩ ૧) ની ગજ પા પ્રમાણે હા. પોતે પા.

૫) કાળી બાવા જીવાને ખાતે ઉધાર.
૨)≈ નેનકલાક બાગ. ૪ પુતળીના તાકામાંથી ૧૧જગન્નાથગજ. ૮॥નં. ૧૦૭૭માંથી હા. પોતે.
૧॥≈ છીંટ ગજ ૧૫) દરગજ ૦)–॥ પ્રમાણે હા. પોતે.
પા.

૪)પા. શીવાનથુનેખાતેઉધાર
૪) રવા ગોળના નં. ૨ તોલે મણ. ૧ શેર ૩ હા. પોતે. લઇ ગયાતા.

૭૦) શ્રીજમ્મુસે રોકડા.
૭૦)રોકડા બાબાશાહ

૫૯)

આની ખાતાવહી આપેલી નથી, જેવી રીતે ખાતાવહી લખાય છે, તેવીજ રીતે આ લખાયછે—

ખાતાવહી.

કક્કાવારી.

કક્કાવારી.	અનુક્રમ નંબર.	નામ.	ખાતાનું પાનું.	
૧	૨	૩	૪	૫
ન	૧	નરોતમ ભગવાનનું ખાતું.	૨	
વ	૨	વકરા ખાતું.	૨	
	૩	વટાવ ખાતું.	૨	
શ	૪	શા. કીશોર ફુલચંદનું ખાતું.	૨	
પ	૫	પરભુદાસ ખુશાલદાસનું ખાતું	૨	
ખ	૬	ખર્ચ ખાતું	૨	
દ	૭	દામોદરદાસ અંબાઇદાસનું ખાતું	૨	
છ	૮	છગનલાલ રવચંદનું ખાતું	૩	
ધ	૯	ધર્માદા ખાતું	૩	
ગ	૧૦	પા. મથુરભાઈ જીવાભાઇનું ખાતું	૩	
પ	૧૧	પરી. દામોદરગોપાળદાસનું ખાતું	૩	
ગ	૧૨	ગગનલાલ બાપુભાઇનું ખાતું	૪	
ખ	૧૩	ખરીદા ખાતું.	૪	

નરોતમદાસ ભગવાનદાસનું ખાતુ સંવત ૧૯૪૫ ની સાલનું.

જ ઉ

૫૦) રો. પા. ૧ કારતકશુદી ૧ ૫૦)

૫૦) રો. પા. ૩ કારતકશુદી ૨ ૫૦)

ખા. પા. ૨

વકરાખાતું સંવત ૧૯૪૫ ની સાલનું.

જ	ઉ
૯૦) રો. પા.૧ કારતક શુદી	
૯૦)	

વટાવ ખાતું.

જ	ઉ
૦।‒ રો. પા.૧ કારતક શુદી ૧	
૧) રો. પા.૨ કારતક શુદી ૧	
૧) રો. પા.૪ કારતક શુદી ૨	
૨।‒	

શા. કીશોર ફુલચંદનું ખાતું સંવત ૧૯૪૫ ની સાલનું.

જ	ઉ
૩૦૦) રો. પા.૨ કારતક શુદી ૧	૩૦૦) બાકી દેવા.
૩૦૦)	૩૦૦)

પા. પરભુદાસ ખુશાલદાસનું ખાતું સંવત ૧૯૪૫ ની સાલનું.

જ	ઉ
૨૦૦) રો. પા.૨ કારતક શુદી ૧	૨૦૦) રો. પા.૪ કારતક શુદી ૨
૨૦૦)	૨૦૦)

ખર્ચખાતું સંવત ૧૯૪૫ ની સાલનું.

જ	ઉ
૫૦) બાકી લેણા.	૫૦) રો. પા.૧ કારતક શુદી ૧
૫૦)	૫૦)

દામોદરદાસ આંબાઇદાસનું ખાતું સંવત ૧૯૪૫ ની સાલનું

જ	ઉ

ખા. પા. ૩

૪૨૮)૦ાા બાકી લેણા.	૪૦૫) રો. પા. ૧ કારતક શુદી ૧
	૨૩)૦ાા વ્યાજનો દર રાગ ૮લેખે
૪૨૮)૦ાા	૪૨૮)૦ાા

શ્રીઅમદાવાદના શા. છગનલાલ રવચંદનું ખાતુ સંતત ૧૯૪૫ની સાલનું.

જ	ઉ
૩૨૦। બાકી લેણા.	૩૦૦) રો. પા. ૧ કારતક શુદી ૧
૩૨૦।	૩૦૦)
	૨૦। વ્યાજના દર રાગ ૯ લેખે.
	૩૨૦।

શ્રી ધરમાદા ખાતું સંવત ૧૯૪૫ ની સાલનું.

જ	ઉ
૬) રો. પા.૪ કારતક શુદી ૨	૬) રો. પા. ૨ કારતકશુદી ૧
૬)	૬)

પા. ગથુરભાઇ જીવાભાઇનું ખાતું સંવત ૧૯૪૫ ની સાલનુ

જ	ઉ
૮૦) રો. પા.૪ કારતક શુદી ૨	૮૦) રો. પા. ૨ કારતકશુદી ૧
૮૦	૮૦)

પરી. દામોદરદાસ ગોપાળદાસનું ખાતું સંવત ૧૯૪૫ ની સાલનું

જ	ઉ
૧૦૫) રો. પા.૩ કારતકશુદીર	૧૧૧।૦ાા બાકી દેવા.
૬।૦ાા વ્યાજના દર રાગ૮લખે	૧૧૧।૦ાા
૧૧૧।૦ાા	

ખા. પા. ૪

શ્રી મુંબાઇબંદરે પરી. ગગનલાલ બાપુભાઈનું ખાતું સંવત ૧૯૪૫

જ		ઉ	
૧૧૧ા૦ાા	બાકી લેણા	૧૦૫)	રે. પા.૪ કારતકશુદી ૨
		૬ા૦ાા	વ્યાજના.
૧૧૧ા૦ાા		૧૧૧ા૦ાા	

શ્રી ખરીદી ખાતું સંવત ૧૯૪૫ ની સાલનું.

જ		ઉ	
		૯૦)	રે. પા. ૪ કારતકશુદી ૨
		૯૦)	

ટીકા.

ખરીદી. ખર્ચ. વકરા. આવકરા. વટાવ—વગેરે ખાતાનું મુદલ બાકી દેવા લેણા કાઢી શકાતા નથી માટે કાઢ્યા નથી. ફકત આસામી અગર હેમ—વાસણ. કાપડ વગેરે ખાતાનું કઢાય છે.

નોંધવહી. તારીજ વગરનો.

સંવત ૧૯૪૫ ના કારતગ સુદી ૧ થી નોંધનું જમાંખર્ચ.

જ

૫૦) શા. નરોતમ ભાગવાનને ખાતે જમાં. કારતગ સુદી ૧ વાર ગુરૂ.

૫૦) રોકડા હા. પોતે. પાછલા લેણા પેટે આપી ગયા તે.

પા. ૧

ઉ

૫૦) રોકડા ફલદારની બાજરી મણ ૫૦) દર મણ એકના

નો. પા. ૧

૩૧) પ્રમાણે બજારમાંથી કાળા ભુધરને ત્યાંથી લાવ્યા તે
પા. ૧

૪

શ્રી વકરા ખાતે જમાં કારતગ સુદી ૧ વાર ગુરૂ.

૯૦) રોકડા કલદાર તમાકુ વેચેલી તેને પેટે શા. નરોતમ પુંજાને ત્યાંથી લાવ્યા તે હા. પોતે. પા. ૧

૬

૧૦૫) શા. દામોદર અંબાઇદાસને ખાતે ઉધ . સુદી ૧ વાર ગુરૂ.

૧૦૪) રોકડા કલદાર.

૧) ગંડાગણી.

૧૦૫)

ઉપર પ્રમાણે ખાત એક લખ્યું તે. રૂ ૧૦૪) એકસોને ચાર રૂપીઆ તેગને ખાતે ઉધાર. પા. ૧

રૂ ૧) ગંડાગણીનો તે તેગને ખાતે ઉધારી શ્રી વટાવ ખાતે જમા. પા. ૧

૪

૨૦૦) પા. પરભુદાસ ખુશાલદાસને ખાતે ઉધાર—

૨૦૦) રોકડા કલદાર હા. પોતે પાછલા લેણા પેટે આપી ગયા તે. પા. ૨

૬

શ્રી અમદાવાદ ખાતે પરી. છગનલાલ રવચંદને ખાતે ઉધાર

૩૦૦) હુંડી નં. ૧ રૂ ૩૦૦) ની શ્રી મુંબાઇ બંદરની પરી. ગ-

ને. પા. ૨

ગનલાલ બાપુભાઈ ઉપરની લખો વડોદરાના ઇશ્વર મો-
તીરામની રાખ્યા. પરભુદાસ ગથુરભાઇની શાહજોગ તુ-
રત મુદતની તે શા. કીશોર ફુલચંદ પાસેથી વેચાણ રાખી
તમારા ઉપર બીડી તે તેમને ખાતે જમા કરી તમારે
ખાતે ઉધાર. પા. ૨

ઉ

૬) શ્રી ધરમાદા ખાતે ઉધાર સુદી ૧ વાર ગુરૂ.
૬) રોકડા કલદાર કુતરાંને રોટલા નાંખવા સારૂ પા. પીતા-
બર જેઠાને આપ્યા તે— પા. ૨

ઉ

૮૦) પા. ગથુરભાઇ જીવાભાઇને ખાતે ઉધાર શુદી ૧
૮૦) રોકડા કલદાર હા. પોતે. બાજરીમાં આપવા સારૂ લેઇ
ગયા ને તેમને ખાતે ઉધાર

પા૦ ૨

વેપારી લોકોનો નોંધ લખવાનો રીવાજ

૩૪) સંવત ૧૯૪૧ ના કારતગ શુદ ૧ વાર ગુરૂના રોજ
૫) પા. રેવનદાસ કુબેરદાસને ખાતે ઉધાર
૫) પાઘડી ન. ૧ પેંઠની હાથ ૬૬) આશરે લાંબીની આશ-
રે લેઇ ગયા તે હા. પોતે
૩) શા. નરોતમ પુજાને ખાતે ઉધાર—
૩) જગન્નાથી ગજ ૧૫) દર રૂપીઆની ગજ ૫) પ્રમા-
ણે હા. પોતે
૧૦) શા. ગોપાળ પુરસોતમને ખાતે ઉધાર

૧૦) પેંટની પાઘડી નંગ ૧ હાથ ૭૦ ની આશરે લાંબો
હા. પોતે
) શા. ગોવા કલુને ખાતે ઉધાર
૨) છીંટગજ ૧૦॥ દર રૂ૧) ની ગજ પા પ્રમાણે હા. પોતે.
૫) કોળી ભાવા જીવાને ખાતે ઉધાર.
૨)= નેનકલાક ભાગ ૪ થો પુતળીગાંનો
૧। જગન્નાથી ગજ ૮॥। નં. ૧૦૭૭ ગાંથી દર રૂ ૧) ની
ગજ ૭ા પ્રમાણે.
૧॥= છીંટ ગજ ૧૫ દર ગજની કીં ા રૂ ૦)-॥। પ્રમાણે
હા. પોતે.

૫).

૪) પા. શીવા નથુને ખાતે ઉધાર.
૪) ગોળના રવા નં. ૨ તોલે ગણુ. ૧ શેર ૩ ના. લેઇ
ગયા તે હા. પોતે.
૫) શ્રી રોકડેથી ગોળ ગણુ. ૧-૫ આપ્યો તે. હા. કાળા સુદરને.
પા.

૩૪)

આંકડાવહીનો ચોપડો લખવાની રીત.

શા. નરોતમ ભગવાનનું ખાતું સંવત. ૧૯૪૫ ની સાલનું.

જ	ઉ
૫૦) રો. પા.૧ કાર્તીકશુદી ૧	૫૦) રો. પા. ૩ કારતક શુદી ૨
૫૦)	૫૦)

આં. પા. ૧

શ્રી વકરા ખાતું સંવત ૧૯૪૫ ની સાલનું.

જ	ઉ
૯૦) રો.પા.૧ કારતક શુદી ૧	૯૦) બાકી લેણા
૯૦)	૯૦)
	૯૦ બાકી લેણા સરવાયા પા.
	આ. પા.

શ્રી વટાવ ખાતું.

જ	ઉ
૦।– રો.પા.૧ કારતક શુદી ૧	૧। બાકી
૧) રો.પા.૨ કારતક શુદી ૧	૧।
૧।–	૧।– બાકી. સંવત ૧૯૪૬ ના. કારતગ શુદી ૧.
	પા.

શા. કીશોર ફુલચંદનું ખાતું સંવત ૧૯૪૫ ની સાલનું.

જ	ઉ
૫૦) બાકી લેણા. સ. પા. ન.	૩૫૦) બાકી દેવા.
૩૦૦) રો.પા.૨ કારતગ શુ ૧	૩૫૦)
૩૫૦	૩૫૦) બાકી દેવા સંવત૧૯૪૬ ના કારતગ શુદી ૧.

પા. પરભુદાસ ખુશાલદાસનું ખાતું સંવત ૧૯૪૫ ની સાલનું.

જ	ઉ
૨૦૦) રો. પા ૨ કારતગ શુ.૧	૨૦૦) રો. પા.૪ કારતગશુ.૨
૨૦૦)	૨૦૦)

આં. પા. ૨

શ્રી ખર્ચ ખાતું સંવત ૧૯૪૫ ની સાલનું

જ	ઉ
૫૦) બાકી દેવા.	૫૦) રો. પા.૧ કારતગ શુ.૧
૫૦)	૫૦)
૫૦) બાકી દેવા સંવત૧૯૪૬	

શા. દામોદરદાસ અંબાઇદાસનું ખાતું સંવત ૧૯૪૫ ની સાલનું.

જ	ઉ
૪૧૧।૦॥ બાકી લેણા.	૪૦૫) રો.પા.૧કારતકશુદી ૧
	૬।૦॥ વ્યાજનો
૧૧૧।૦॥	૪૧૧।૦॥
૧૧૧।૦॥ બાકી લેણા સંવત ૧૯૪૬ના કારતક શુદી ૧ સ. પા.	

અમદાવાદના શા. છગનલાલ રવચંદનું ખાતું સંવત ૧૯૪૫ની સાલનું

જ	ઉ
૩૨૦। બાકી લેણા.	૩૦૦) રો. પા ૨ કારતકશુદી૧
	૨૦। વ્યાજના.
૩૨૦।	૩૨૦।
૩૨૦। બાકી લેણા. સ. પા.	

શ્રી ધરમાદા ખાતું સંવત ૧૯૪૫ ની સાલનું.

જ	ઉ
૬) રો. પા.૪ કારતક શુદી ૨	૬) રો. પા.૨ કારતકશુદી૧
૬)	૬)

પા. મથુરભાઈ જીવાભાઈનું ખાતું સંવત ૧૯૪૫ ની સાલનું

જ	ઉ

આં. પા. ૩

૭૯) રો.પા.૪કારતકશુદી ૨ ૮૦) રો. પા.૩ કારતક શુદી૧
૭૯) ૮૦)

પરી. દામોદર ગોપાળદાસનું ખાતું સંવત ૧૯૪૫ની સાલનું

જ ઉ

૧૦૫) રો. પા.૩કારતકશુદીર ૧૧૧ા૦ાા બાકી દેવા.
૬ા૦ાા વ્યાજના. ૧૧૧ા૦ાા
૧૧૧ા૦ાા
૧૧૧ા૦ાા બાકી દેવા. કારતક
શુદી ૧ સ. પા.

શ્રી મુંબાઇ બંદરે પરી. ગગનલાલ બાપુભાઇનું ખાતું સંવત ૧૯૪૫

જ ઉ

૧૧૧ા૦ાા બાકી લેણા. ૧૦૫) રો. પા ૪ કારતકશુદીર
૧૧૧ા૦ાા ૬ા૦ાા વ્યાજના.
૧૧૧ા૦ાા
૧૧૧ા૦ાા બાકી સરવાયા. પા.

આવરાનો ચોપડો.

સંવત ૧૮૪૫ ના કારતગ સુદી ૧ થી કારતગ વદી ૦)) સુધી.

જ ઉ

૫૦) શ્રી રૂપા ખાતે જણુસે
૫૦) કારતક સુદી ૧
નાં. પા. ૧
બાબતે શા. નરોતમ ભ
ગવાનને ખાતે જમાં.

૫૦) કારતગ સુદી ૧ નો.
પા.૧ બાબતે શ્રી ખર્ચ
ખાતે ઉધાર બાજરીમણ
૫૦) દર મણના રૂ૧)પ્ર-
માણે કાળાભુદરને ત્યાંથી
ઘરમાં ખાવામાટેલીધી.તે

આં. પા. ૧

પા.

૫૦)

૯૦) કા. સુદી. ૧ નો. પા. ૧ બાબતે. શ્રી વકરા ખાતે તમાકુ વેચેલી તેને પેટે. શા. નરાતમ પુંજાને ત્યાંથીં લાવ્યા તે.

પા. ૧

૯૦)

૧।~ કારતગ સુદી ૧ નો. પા. ૧ બાબતે શ્રીવટાવ ખાતે જમાં

૦।~ પીંજારા અબદુલ રહેમાનને ત્યાંથી ૩૨૦) ના છુટા પૈસા ૬૪ ને બાવે લેઇ ૬૩ બાવે સોની મોતી ગુલાબને આપા તે શ્રી વટાવ ખાતે જમાં પા. ૧

૧) ગંડામણીનો. શા. દામોદર અંબાઇદાસનું ખત ૩ ૧૦૪) નું લખ્યું તે તેમને ખાતે ઉધારી. ૩ ૧) શ્રી વટાવ ખાતે જમાં પા. ૧

૨૦૦] કારતગ સુદી૧નો પા.૧

શ્રી ખરચ ખાતે ઉધાર

૫૦) પા. ૧

૪૦૫) કારતગ સુદી ૧ નો પા.૧ બાબતે શા. દામોદર અંબાઇદાસને ખાતે ઉધાર.

૪૦૪) સોકડા કલદારનું ખત લખ્યું તે.

૧) મંડામણીનો તે શ્રી તેમને ખાતે ઉધારી શ્રી વટાવ ખાતે જમાં પા.૧

૪૦૫) પા.

૩૦૦) કારતક સુદી ૧ નો. પા. ૧ બાબતે શ્રીઆગ. દાવાઇ ખાતે પરી. છગનલાલ રવચંદને ખાતે ઉધાર

૩૦૦) હુંડી ૧ ૩૩૦૦) મુંબાઇગરાની શ્રી મુંબાઈ બંદરે પરી. મગનલાલ બાપુભાઇ ઉપરની લખી વડોદરાના ઈશ્વર મોતીરામની રાખ્યા પા પરશુદાસ મથુરભાઇની શાહજોગ તુરત મુદત ની તે શા. કીશોર ફુલ.

આં. પા. ૨

બાબતે પા. પરભુદાસ
ખુશાલદાસને ખાતેજમાં
૨૦૦) રોકડા. નગદી.
હા. પોતે પાછલા લેણા
પેટે આપી ગયા તે
પા. ૨

૩૦૮) કારતગ સુદી ૧ ના
પા.૨ બાબતે રૂ.૧ કી-
શોર ફુલચંદને ખાતે
જમાં
૩૦૦) હુંડી ૧ રૂ ૩૦૦
ની મુંબાઇના પરી. મ-
ગનલાલ બાપુભાઇ ઉ-
પરની લખી વડોદરાના
ઈશ્વર મોતીરામની રા-
ખ્યા પરી. પરભુદાસની
શાહ જોગ તુરત મુદત
ની તેમની પાસેથી અ-
મદાવાદના પરી. છગ-
નલાલ રવચંદ ઉપર
બીડવા સારૂ વેચાણુ
લીધી તે તેમને ખાતે
ઉધારી તેમને ખાતે
જમાં. પા. ૩

૩૦૦)

૧૧૪૨।—

ચંદ પાસેથી લીધી તે.
તેમને ખાતે જમાં.
તે તમારે ખાતે ઉધાર
પા. ૨

૩૦૦)

૬) કારતગ સુદી ૧ ના
પા. બાબત શ્રી ધર્માદા
ખાતે ઉધાર.
૬) રોકડા કલદાર કુત-
રાંના રોટલા નાંખવા
સારૂ પા. પીતાંબર જે-
આપ્યા તે શ્રી ધર્માદા
ખાતે ઉધાર પા. ૨

૬)

૮૦) કારતગસુદી૧ ના પા.૨
બાબતે પા. મથુરભાઇ
જીવાભાઇ ખાતે ઉધાર
૮૦) રોકડા હા. પોતે.
બાજરીમાં આપવા લેઈ
ગયા તે તેમને ખાતે
ઉધાર પા. ૩

૮૦)

૮૪૧)

૩૦૧।— આ જણસે રોકડા.

૧૧૪૨।—

વ્યાજવહી.

પરી. મગનલાલ બાપુભાઈના ખાતાનું વ્યાજ સંવત ૧૯૪૫ની સાલનું

જ	ઉ
	૧૨૫૬ાા રૂ ૧૦૫) કારતકશુદી ૨ મા. ૧૧ાા ૧૪
	૧૨૫૬ાા

તારીજ સંવત ૧૯૪૬ના કારતક શુદી ૧ ના રોજ.

જ	ઉ
	૧૦૫) મુદલ બાકી લેણા.
	૬ા૦ાા વ્યાજશર. ૧૨૫૬ાા દ. ૨, ૦ાા
	૧૧૧ા૦ાા

પરી. છગનલાલ રવચંદનું ખાતાનું વ્યાગ સંવત ૧૯૪૫ની સાલનું

જ	ઉ
	૩૬૦૦) રૂ ૩૦૦ કારતકશુદી ૧ મા. ૧૨
	૩૬૦૦ ૩૦૦) બાકીલેણા

તારીજ સંવત ૧૯૪૬ના કારતક શુદી ૧ના રોજ.

જ	ઉ
	૩૦૦) મુદલ બાકી લેણા.
	૨૦ા વ્યાજશર ૩૬૦૦ દર. રામ. ૯ લેખે
	૩૨૦ા

શા. છગનલાલ ત્રીકમદાસના ખાતાનું વ્યાજ સંવત ૧૯૪૫ની સાલનું

જ

૫૦૦) બાકીલેણાકારકતશુદી૧
૩૧૦) કારતક વદી ૦)
૧૦૫॥ અસાડ વદી ૦))
૨૦૫॥ શ્રાવણ શુદી૮
૧૧૨૧)
૨૭૭॥ બાકી દેવા.

ઉ

૫૦) માગશર ૫
૧૦૧। માહા શુદી ૮
૪૦૦) ફાગણ વદી ૦))
૫૪૭॥ ચૈત્રી વદી ૯
૨૦૦) ભાદરવવદી ૦))
૧૩૯૮॥

શા. છગનલાલ ત્રીકમદાસના ખાતાનું વ્યાજ

જ

૨૧૧૨। રૂ. ૫૦૦) મુદલ બાકી કારતકશુદી ૧
૫૬॥ રૂ. ૫૦] મા. ૧-૪
૩૨૬। રૂ. ૧૦૧। મા. ૩-૭
૧૭૨૮। રૂ. ૩૪૮॥ મા.૪॥૧૪
૨૩૭૩॥ રૂ. ૩૧૦] કારતકવદી૦)
૨૦૫) રૂ. ૫૧। મા. ૪
૧૧૬૮॥ રૂ. ૨૫૮॥ મા. ૯
૦ રૂ. ૧૦૫॥ અસાડવદી ૯
૩૩। રૂ. ૨૦૫॥ શ્રાવણ શુદી ૧૫

ઉ

૦ રૂ. ૫૦) માગશર શુદી૫ દી. જ
૦ રૂ. ૧૦૧। માહા શુદી ૮ દી. જ
૦ રૂ. ૪૦૦) ફાગણવદી ૦)
૦ રૂ. ૩૪૮॥ ધી. જ
૦ રૂ. ૫૧। દી. જ
૯૯૧ રૂ. ૫૪૭॥ ચૈત્ર વદી ૯
૦ રૂ. ૫૮॥ દી. જ
૩૧૩ રૂ. ૧૦૫॥ મા. સ ૨॥ ૧૪

० રૂ. ૧૮૩। દી.ઉ
૩૩। રૂ. ૨૨। ગા. ૧।।
૨૭૭।। બાકી દેવા.

૬૭૮ રૂ. ૧૮૩। મા-
શ ૩।। ૬
૨૮૭) રૂ. ૨૭૭।। ભાદરવા વ-
દી ०)
० રૂ. ૨૨। દી. ળ
૨૮૭ રૂ. ૨૭૭।। ગા. ૧

૩૫૧૯।

૧૨૬૮
૨૨૮૧।

૧૨૬૮

તારીજ સંવત ૧૯૪૬ ના કારતક શુદી ૧

જ ઉ

૨૭૭।। બાકી દેવા.
૧૨।।– વ્યાજસર ૨૨૮૧।. દર
રામ ચઢે ૯ લેખે.
૨૯०।।–।

પરી દામોદરદાસ ગોપાળદાસના ખાતાનું વ્યાજ સંવત ૧૯૪૫.

જ ઉ

૧૨૫૬।। રૂ ૧०૫) કારતક શુદી
૨ માસ ૧૧।।–૧૪

રૂ૧०૫) બાકી દેવા.

તારીજ સંવત ૧૯૪૬ ના કારતક શુદી ૧ ના રોજ.

જ ઉ

૧०૫) મુદલ બાકી.
૬। ०।। વ્યાજનો દરરામ ०।। લે-
ખે શર. ૧૨૫૬।।
૧૧૧। ०।।

શા. દામોદર સઆણઇ દાસના ખાતાનું વ્યાજ સંવત ૧૯૪૫.

જ ઉ

૧૨૯०) રૂ૪०૫ કારતક શુદી ૧

ખા. ૧૨

૧૨૯૦

તારીખ સંવત ૧૯૪૬ ના કારતક શુદી ૧ ના રોજ.

જ ઉ

૪૦૫) મુદલ બાકી
૨૩૦ાા વ્યાજસર ૧૨૬૦ દર
રાગ ૮ લેખે.

૪૨૮) ૦ાાા

સરવાયાનો ચોપડો.

કાચું સરવાયું.

જ

૫૦૧) શ્રી જણસે.
૯૦) શ્રી વકરા ખાતે જમાં ખાતે પા.૨
૧ા‿ શ્રી વટાવ ખાતે જમાં ખાતે પા.૨
૩૦૦ શા. કીશોર ફુલચંદને ખાતે જમાં ખાતે.પા.૨
૧૦૫ શા. દામોદર ગોપાલદાસને ખાતે જમાં. ૩

૯૯૭ા‿

ઉ

૫૦] શ્રી ખર્ચ ખાતે ઉધાર ખાતુ. પા. ૨
૪૦૫ શા. દામોદર અંબાઈદાસને ખાતે ઉધાર ખાતુ પા. ૨
૩૦૦) શા. છગનલાલ રવચંદને ખાતે ઉધાર ખાતુ પા. ૩
૧૦૫ શા. ગગનલાલ બાપુભાઈને ખાતે ઉધાર ખાતું પા. ૪
૯૦ શ્રી ખરીદી ખાતે ઉ. ખા. પા. ૪

૯૪૦)

૪૭ા— શ્રી જણુસે. રો. પા.
૯૫૭ા—

પાકું સરવાયું

જ

૫૦૧) શ્રી જણુસે રોકડા.
૯૦) શ્રી વકરા ખાતે જમે
ખાતું પા. ૨
૧ા— શ્રી વટાવ ખાતે જમાં
ખાતું. પા. ૨
૩૦૦) શા. કીશોર ફુલચંદને
ખાતે જમાં ખાતું પા.૨
૧૧૧ાના શા. દામોદર ગોપાલ-
દાસને ખાતે જમાં ખાતું
પા. ૩
૧૦૦૩ાા ના

ઉ

૫૦) શ્રી ખર્ચ ખાતે ઉધાર
ખાતું પા. ૨
૪૨૮)ાાા શા. દામોદર અંબા-
ઇદાસને ખાતે ઉધાર
ખાતું. પા. ૨
૩૨૦ા શા. છગનલાલ રવ-
ચંદને ખાતે ઉધાર ખા
તું પા. ૩
૧૧૧ાના શ્રીમુંબાઇ બંદરે પ-
રી ગગનલાલ બાપુભા-
ઇને ખાતે ઉધાર ખાતું
પા. ૪
૯૦) શ્રી ખરીદી ખાતે ઉ-
ધાર ખાતું. પા. ૪
૯૯૯ાાના
૪)ા શ્રી જણુસે.
૧૦૦૩ાા—ાા